# પાઠશાળા સંચાલન

# પાઠશાળા

## સંચાલન અંગે માર્ગદર્શન

પ્રકાશક

શ્રમણોપાસક પરિવાર

પુસ્તકનું નામ : પાઠશાળા - સંચાલન અંગે માર્ગદર્શન

મુખ્ય માર્ગદર્શક : પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના
રાજપ્રભાવક પ.પૂ.આ.ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ.સા.ના
શિષ્ય પૂ.મુ.શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.

સહાયક : બાપજી મ.ના સમુદાયના
પ.પૂ.મુ.શ્રી **રાજરત્નવિ.** મ.સા.ના શિષ્ય
પૂ.મુ.શ્રી ન્યાયરત્નવિજયજી મ.સા.

પ્રકાશક : **શ્રમણોપાસક પરિવાર**
૪૦૨, યાસ્મિન રેસીડેન્સી, સેવારામ લાલવાણી રોડ,
વિઠ્ઠલનગર, મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦.
કિશોરભાઇ - મો. **98691 48094**

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ જૈન સંઘ

આવૃત્તિ : પ્રથમ, વિ.સં.૨૦૭૩
પુનર્મુદ્રણ : વિ.સં.૨૦૭૪

પડતર કિંમત : **રૂ.૨૫/-**
(પાઠશાળાના વ્યવસ્થાપકો / શિક્ષકોને
સૌજન્યદાતાઓ તરફથી ભેટ)

મુદ્રક : માનવ ગ્રાફીક્સ, મુંબઇ
મો.: 9892 11 55 12

# ઉપોદ્ઘાત

**જિનશાસન સ્યાદ્વાદમય છે.**

વસ્તુને નિત્યાનિત્ય, સામાન્યવિશેષ આદિ ઉભયરૂપે માનવી, તે વૈચારિક સ્યાદ્વાદ છે. રાગદ્વેષના નાશના લક્ષ્યને કાયમ રાખીને તેની સિદ્ધિ માટે દ્રવ્ય ક્ષેત્રાદિને ઉચિત માર્ગ આચરવો, તે આચારમાં સ્યાદ્વાદ છે. લક્ષ્ય ગૌણ કરીને, સ્વરૂપની પક્કડ, તે એકાંત છે. લક્ષ્યને સિદ્ધ કરવા, સ્વરૂપમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-પુરૂષાદિને આશ્રયીને ફેરફાર તે સ્યાદ્વાદ છે. એક કાળે પાપરૂપ ગણાતું શ્રુતલેખન, આજે ધર્મરૂપ બન્યું છે, તે એનું જ્વલંત દૃષ્ટાંત છે. બદલાયેલ પ્રવચનશૈલી, સાધુના આચારો વિગેરે અનેક બીજા દૃષ્ટાંતો પણ છે.

પાઠશાળા જિનશાસનનું મહત્ત્વનું અંગ છે. નવી પેઢીને ધર્મશ્રદ્ધાવંત, જ્ઞાની અને સદાચાર સંપન્ન બનાવવાની કપરી અને અત્યંત મહત્ત્વની જવાબદારી તેના શિરે છે. શાસનના બધા જ અંગોનો આધાર છેવટે તો શ્રાવક-શ્રાવિકા જ છે. શ્રાવકવર્ગ ન હોય તો સાધુ કોણ બનશે ? જિનાલયે પૂજા કોણ કરશે ? વ્યાખ્યાન સાંભળશે કોણ ?

શ્રદ્ધાસંપન્ન શ્રાવક-સમુદાય વિના, શાસનની બીજી બધી સંપત્તિ, નિરર્થકપ્રાયઃ બને. એટલે, પાઠશાળા, સમગ્ર જિનશાસનના ભાવિનું ઘડતર કરે છે.

વર્તમાનકાળે ચાલતી પાઠશાળાઓ આ લક્ષ્યને સાધવામાં સફળ છે ખરી ?

મહદંશે ચિત્ર દુઃખદ છે. ઓછી સંખ્યા, અનિયમિત હાજરી, અશુદ્ધ-અપૂર્ણ અભ્યાસ એ લગભગ સાર્વત્રિક સમસ્યા છે. અને એટલે નવી પેઢીમાં શ્રદ્ધા-જ્ઞાન-આચરણનો દુકાળ પણ સાર્વત્રિક બન્યો છે.

આ સ્થિતિ ઓછી ગંભીર નથી. આના કારણો અને નિવારણના ઉપાયો વિચારવા અને અમલમાં મૂકવા એ પ્રત્યેક શાસનપ્રેમીનું અવશ્ય કર્તવ્ય બને છે. ઘણાં જુદાં જુદાં સ્તરે, જુદી જુદી વિચારણાઓ થઈ છે, અમલમાં મૂકાઈ પણ છે.

એ બધાનો અભ્યાસ-અનુભવ એક વાત તો સ્પષ્ટ જણાવે છે કે સમસ્યાનું મૂળ, 'સ્વરૂપ' ને બદલવાની વિચારણા/તત્પરતા નો અભાવ છે. દુનિયામાં બધું બદલાયું છે... જ્ઞાનના આદાન-પ્રદાનની ભાષા, સાધનો, માધ્યમ... બધું જ. પણ પાઠશાળાનું સ્વરૂપ મોટે ભાગે હજુ તે જ ૫૦/૧૦૦ વર્ષ જૂનું છે. જે વર્તમાનકાળે સફળ થાય તેવી શક્યતા નહીંવત્ છે. યાદ રાખવું જોઈએ કે ''જૂનું એ સોનું'' એ સિદ્ધાંત સ્યાદ્વાદદર્શનને સદા માન્ય ન બની શકે, એકાંતરૂપ બને. વર્તમાનકાળે શું કરવાથી પાઠશાળા પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકે, એના વિચારોને આ પુસ્તકમાં ગ્રંથસ્થ કરાયા છે. આ માત્ર 'તરંગો' નથી; વાસ્તવિક (પ્રેક્ટિકલ) અખતરા કરીને જેમાં સુંદર પરિણામો પ્રાપ્ત થયા છે, તેવા ઉપાયો છે.

સહુ શાસનપ્રેમીઓ, વિશેષથી પાઠશાળા સાથે જોડાયેલ કાર્યકર્તાઓ, શિક્ષકો, દાતાઓ... બધા આ ઉપાયો પર ગંભીર વિચારણા કરી, યોગ્ય ઉપાયોને અમલમાં મૂકશે, તો જિનશાસનનો સમુત્કર્ષ થશે, એ જ અભિલાષા.

**દ. ભવ્યસુંદરવિ.**

# અનુક્રમણિકા


| નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | પ્રતિક્રમણ | ૧ |
| ૨. | કુપન પદ્ધતિ | ૯ |
| ૩. | પરીક્ષા પદ્ધતિ | ૧૩ |
| ૪. | અભ્યાસક્રમ | ૧૮ |
| ૫. | ઉચ્ચ અભ્યાસ | ૨૨ |
| ૬. | પુનરાવર્તન | ૨૬ |
| ૭. | ફી | ૨૯ |
| ૮. | નિયમિત હાજરી | ૩૨ |
| ૯. | સંખ્યા | ૩૫ |
| ૧૦. | પ્રશ્નોત્તરી | ૪૦ |
| ૧૧. | શિક્ષક | ૪૧ |
| ૧૨. | ફંડ | ૪૬ |
| ૧૩. | કાર્યકર્તા | ૪૭ |
| ૧૪. | નાની પાઠશાળાઓ | ૪૯ |
| ૧૫. | પ્રવેશ | ૫૨ |
| | પ્રવેશ પત્રક | ૫૩ |
| | વાલીઓને સૂચના | ૫૪ |
| ૧૬. | બેઠક વ્યવસ્થા | ૫૫ |
| ૧૭. | યુનિફોર્મ | ૫૭ |
| ૧૮. | વાલી મિલન | ૫૮ |
| ૧૯. | Summer Camp | ૫૯ |
| ૨૦. | વજ્રસ્વામી પાઠશાળા | ૬૦ |
| ૨૧. | બહેનોની પાઠશાળા | ૬૩ |
| ૨૨. | તત્ત્વજ્ઞાન પાઠશાળા | ૬૪ |
| ૨૩. | ઈતર પ્રવૃત્તિઓ | ૬૬ |
| ૨૪. | જે બાળકો પાઠશાળા આવવા ઈચ્છે છે, છતાં આવી નથી શકતા તેમનું શું ? | ૬૭ |
| ૨૫. | અમે પાઠશાળામાં કાર્યકર નથી, છતાં કંઈ કરવા માંગીએ છીએ, તો શું કરી શકીએ ? | ૬૯ |
| ૨૬. | સંસ્કરણ | ૭૦ |
| | શિક્ષકને પત્ર | ૭૭ |

# પ્રકાશકીય

પાઠશાળા એ મોટે ભાગે સંઘનું ઉપેક્ષિત ખાતું છે. પાઠશાળા ચલાવવા માટે જગ્યા આપી દીધી, શિક્ષકને પગાર નક્કી કરીને નીમી દીધા, વધુમાં વધુ રોજની/અઠવાડિક પ્રભાવના, વર્ષે ૧ મેળાવડો કરી દીધો એટલે ટ્રસ્ટીઓ/કાર્યકરો પોતાની જવાબદારી પૂરી થયેલી માને છે. (ઘણીવાર તો કાયમી જગ્યા પણ નથી હોતી; બદલાયા કરે. કોઈ કાર્યક્રમ હોય તો પાઠશાળા છાશવારે બંધ રહે.)

શિક્ષક પણ આવેલ બાળકની ગાથા લઈ લીધી એટલે જવાબદારી પૂરી થયેલી માને છે.

બાળકોની સંખ્યા કેમ ઓછી છે ? કેમ ઓછી થાય છે ? હાજરી કેમ નિયમિત નથી ? અભ્યાસ કેમ શુદ્ધ/પૂરતો થતો નથી ? અધૂરા અભ્યાસે કેમ પાઠશાળા છોડી દેવાય છે ? સંઘને પાઠશાળાથી ફાયદો શું થયો ? વગેરે પ્રશ્નો, તે પ્રશ્નોના ઉકેલો કોઈક જ વિચારે છે.

બીજે ક્યાંક પાઠશાળાની સારી સંખ્યા, સારું પરિણામ જોવા મળે, તો ત્યાં તેવું શું છે ? અમારે ત્યાં કેમ નહીં ? તેવું કોઇક જ વિચારે છે.

પોતાની દુકાન કરતાં પ્રતિસ્પર્ધીની દુકાને માલ વધુ વેચાય તો ચિંતા થાય છે, અહીં કદાચ કોઈ ચિંતા કરતું નથી.

આખી દુનિયા બદલાઈ ગઈ, સ્કૂલોના ભણતર બદલાયા, પદ્ધતિ બદલાઈ. પાઠશાળાનો ઢાંચો હજી જેવો ને તેવો જ છે !

દુનિયા આખી કોલસાને બદલે ગૅસ વાપરતી થાય, પછી પણ કોલસાની દુકાનવાળો માલ ન બદલે અને બૂમાબૂમ કરે કે માલ વેચાતો નથી... તે મૂર્ખાઈ કહેવાય કે બીજું કાંઈ ? આપણા ઢાંચાને સહેજ પણ બદલવાની તૈયારી ન દાખવીએ અને બૂમાબૂમ કરીએ કે ''બાળકો આવતા નથી - ભણતા નથી.'' તો આપણે શું કરી રહ્યા છીએ ?

અમારે પાઠશાળાના શિક્ષકો, વ્યવસ્થાપકો, સંઘના ટ્રસ્ટીઓને કહેવું છે...

*''તમે કોઈ સામાન્ય સ્કૂલના શિક્ષક/વ્યવસ્થાપક નથી, જિનશાસનની નવી પેઢીના ઘડવૈયા છો. નવી પેઢી જો દર્શન-પૂજા નહીં કરતી હોય તો અબજો રૂપિયાના તીર્થો-દેરાસરો શું કામના છે ? નવી પેઢી જો સામાયિક-પ્રતિક્રમણ-વ્યાખ્યાન શ્રવણ નહીં કરતી હોય તો ઉપાશ્રયો શું કામના છે ? આ પેઢી (ઉંમર ૧૫ થી નીચે) વ્યાખ્યાનમાં આવતી નથી. ક્વચિત્ બાળશિબિરો યોજાય પણ તે વર્ષમાં ૧૦-૧૫ દિવસ હોય. માતા-પિતા પણ, ''બાળકને પાઠશાળા મૂક્યો, એટલે અમારી જવાબદારી પૂરી થઈ ગઈ'' એમ માને છે.*

*[કરૂણતા છે ને ? સ્કૂલમાં હજારો (ક્યારેક લાખ ઉપર) રૂપિયાની ફી ભરે, પછી ટ્યુશન કરાવે, બેસીને હોમવર્ક કરાવે, ભણ્યો ? વાંચ્યું ? તેનું ધ્યાન રાખે, પરીક્ષામાં માર્કની ચિંતા કરે. પાઠશાળામાં મફત ભણવા મોકલી દીધો, પછી બધી જવાબદારી શિક્ષકના માથે !]*

*આ પેઢીને સંસ્કારિત કરવાની બહુ મોટી જવાબદારી તમારા શિરે છે. તમે સફળતાપૂર્વક નિભાવશો, તો શાસનના અભ્યુદયનો મહાન્ લાભ છે. ઉપેક્ષા કરશો તો...???''*

**પૂ.મુ.શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.** એ ગૃહસ્થપણામાં ૧૬ વર્ષ, શિક્ષકના સહાયક તરીકે પાઠશાળામાં અભ્યાસ કરાવ્યો છે. એ પાઠશાળા-**મુલુંડ જૈન મિત્ર મંડળ સ્વાધ્યાય મંદિર**-તે સમયે મુંબઈની શ્રેષ્ઠ પાઠશાળામાં એક હતી. ૬૦ થી વધુ વિદ્યાર્થીઓ (વિદ્યાર્થિનીઓ નહીં, માત્ર વિદ્યાર્થીઓ) ભણતા હતા, તેમાં ૨૦ થી વધુ કોલેજિયનો આવતા હતા. કોઈપણ સમયે ૧૦ થી વધુ વિદ્યાર્થીઓને પાંચ પ્રતિક્રમણથી ઉપરનો અભ્યાસ ચાલતો રહેતો હતો. ૧૬ વર્ષમાં, આખું સંવત્સરી પ્રતિક્રમણ ભણાવી શકે. તેવા ૩૫-૪૦ વિદ્યાર્થીઓ પાઠશાળાએ તૈયાર કર્યા હશે. પાઠશાળામાંથી પાંચ ટીમ બહારગામ પર્યુષણની આરાધના કરાવવા જતી હતી. મુલુંડમાં ૮-૧૦ સ્થળે સંવત્સરી પ્રતિક્રમણ કરાવવા પાઠશાળાના વિદ્યાર્થીઓ જતા હતા.

છેલ્લા ૧૦ વર્ષથી તેમના સ્વતંત્ર ચાતુર્માસ થાય છે, તેમાં દર વર્ષે બાળકોના સંસ્કરણ માટે દૈનિક સામાયિકનું આયોજન હોય છે. ૧૫ થી ૨૦ બાળકો આવે, તેમાંથી ૫-૬ ને તો મહાત્માઓ ૨ મહિનામાં ૨ પ્રતિક્રમણ પૂરા કરાવી દે છે, અને તે બાળકો સંઘમાં પ્રતિક્રમણ ભણાવતા થઈ જાય છે. પર્યુષણ પછી સંઘમાં પ્રતિક્રમણ બાળકો જ ભણાવતા હોય છે. જુદા જુદા સ્થળોએ સફળ થયેલી પાઠશાળાઓ શા કારણે સફળ થઈ છે ? તેના અનુભવો પણ તેમણે લીધા છે.

અનેક સ્થળોએ પાઠશાળાના શિક્ષકો અને કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવા માટે ખાસ પ્રવચનો તેમણે કર્યા છે.

જુદા જુદા સમયે જુદા જુદા સ્થળે આપેલા માર્ગદર્શનનું સંકલન કરીને, અનેક સંઘો / પાઠશાળાઓને લાભ થાય તે આશયથી તે માર્ગદર્શનને ગ્રંથસ્થ કરવાનો નાનકડો પ્રયાસ કર્યો છે. [''ઉચ્ચ અભ્યાસ'' પ્રકરણ તેમણે જ લખી આપ્યું છે.] ''જે સારું તે મારું'' ન્યાયથી અમને સારી-લાભકારક લાગેલી વસ્તુઓનો સમાવેશ કર્યો છે. બીજાના અભિપ્રાય જુદા હોઈ શકે. જિનશાસન સ્યાદ્વાદમય છે, જે પણ માર્ગે લક્ષ્ય પ્રાપ્ત થાય, તે માર્ગ માન્ય છે, ઉપાદેય છે.

બાપજી મ.ના સમુદાયના **પ.પૂ.મુ.શ્રી રાજરત્નવિ. મ.સા.** ના શિષ્ય **પૂ.મુ.શ્રી ન્યાયરત્નવિજયજી મ.સા.** એ સંપૂર્ણ લખાણ તપાસીને મૂલ્યવાન્ સૂચનો કર્યા, તે પણ પુસ્તકમાં સમાવી લીધા છે.

સહુ વ્યવસ્થાપકો-શિક્ષકો, આ પુસ્તકને ગંભીરતાથી વાંચે-વિચારે-અમલમાં મૂકે, એવી અભ્યર્થના.

**લિ.**
**પ્રકાશકો**

# ૧. પ્રતિક્રમણ

**પાઠશાળામાં સૂત્રો ભણાવવાનું પ્રયોજન શું છે ?**

*સામાઈય વય જુત્તો* સુધીના સૂત્રો સામાયિક માટે કામના છે. *અરિહંત ચેઈઆણં* સુધીના સૂત્રો ચૈત્યવંદન માટે કામના છે. તે પછીના સૂત્રો પ્રતિક્રમણ માટે જ કામના છે, તેના માટે જ ભણાવાય છે.

પ્રશ્ન એ છે કે, 'આ સૂત્ર ભણીને બાળકો તેનો ઉપયોગ ક્યારે કરે છે ?'

જવાબ લગભગ આ છે – 'ક્યારેય નહીં.' કારણ કે બાળકો લગભગ પ્રતિક્રમણ કરતાં જ નથી. કરે તો વધુમાં વધુ પર્યુષણમાં, જ્યારે તેમને બોલવાની તક મળતી નથી.

કદાચ ત્યારે કે અન્ય પ્રતિક્રમણમાં બોલવાની તક મળે, તો પણ *સાત લાખ, વંદિત્તુ* અને *લઘુ શાંતિ.* બીજા સૂત્રો બોલવાની તક તો તેમને મળતી જ નથી, કારણ કે તે સૂત્રો તો પ્રતિક્રમણ ભણાવનાર મહાત્મા કે વડીલ શ્રાવક જ બોલે છે.

**આનું પરિણામ શું આવે છે ?**

૧. બાળકોના તે સૂત્રો કાચા જ રહે છે, પાકા થતા નથી. જેનું પુનરાવર્તન ન થાય, તે કાચું થઈ જ જાય... અને બોલવાનું જ ન હોવાથી તેને ફરી પાકું કરવાનો ઉત્સાહ જાગતો નથી, પુરૂષાર્થ થતો નથી.

   એક બાળક પ્રતિક્રમણમાં મોટી શાંતિ સરસ બોલ્યો. ધન્યવાદ આપવા માટે મહારાજ સાહેબે તેને પ્રતિક્રમણ પછી બોલાવ્યો. અનુમોદના કરી, પછી પૂછ્યું, *સિદ્ધાણં બુદ્ધાણં* બોલ. તો અગણિત ભૂલો પડી. લોચા જ વાળ્યા.

   એક બાળક લઘુશાંતિ બોલ્યો, પછી *'આયરિય ઉવજ્ઝાએ'* બોલવા કહ્યું; તો કહે – કર્યું જ નથી ! માત્ર જાહેરમાં બોલવા મળે એટલે લઘુશાંતિ કરી લીધી, વચ્ચેની ગાપચી ! શિક્ષકો પણ જાહેરમાં પાઠશાળાની 'વાહ-વાહ' થાય એટલા માટે આવું બધું ચલાવે છે !

   એક સંઘમાં ૪ એકદમ નાના બાળકો હાલરડું બોલ્યા. એકેને વંદિત્તુ પણ આવડતું નહોતું ! માત્ર વાહ-વાહ માટે વર્ષે એકવાર બોલાતું હાલરડું ગોખાવવું અને રોજના ઉપયોગી વંદિત્તુ સૂત્રની ઉપેક્ષા કરવી તે કેટલું યોગ્ય ?

૨. જે સૂત્રો બોલવા નથી મળતા, તે કરવાનો ઉત્સાહ જાગે નહીં. કરવા પડે તો પરાણે કરે. એકવાર થઈ ગયું એટલે પત્યું. પરીક્ષામાં તો ૩૫% માર્કે પાસ થઈ જવાય. શિક્ષકો પણ આ બધા પ્રત્યે ઉપેક્ષાનું જ વલણ રાખે.

૩. માતા-પિતાને પોતાના બાળકની પ્રગતિ થઈ રહી છે કે નહીં ? કેટલી પ્રગતિ થઈ ? તેની કશી ખબર ન પડે... બહુ ઓછા મા-બાપ, રોજ બાળક પાઠશાળામાં શું કરી

આવ્યો ? તેનું ધ્યાન રાખે છે. ઘણીવાર તેના કારણે મા-બાપને પાઠશાળામાં બાળકને મોકલવો નિરર્થક લાગે. બંધ કરી દે.

૪. સંઘને પણ પાઠશાળામાં શું થાય છે, તેની કશી ખબર ન પડે. તેના કારણે માતા-પિતાને બાળકોને પાઠશાળા મોકલવા એવી ઈચ્છા ન થાય. પાઠશાળાને જોઈતા પ્રમાણમાં દાન પણ ન મળે.

૫. સૂત્રો રૂપ થિયરી ભણાય, પણ પ્રેક્ટિકલ કશું જ્ઞાન ન આવે. એકલી થિયરી હંમેશા કંટાળાજનક હોય છે. મહારાજ સાહેબે જણાવ્યું-અમારી પાસે આવતા બાળકોને અમે કદી પ્રતિક્રમણની વિધિ ગોખાવતા નથી. રોજ પ્રતિક્રમણ કરે, એટલે જોઈ-જોઈને / સાંભળી-સાંભળીને જ શીખી જાય, ભણાવતો પણ થઈ જાય. શિક્ષકોનો અનુભવ હશે જ કે વિધિ ગોખવામાં બાળકોને હંમેશા કંટાળો આવે છે. કદાચ કરી લે, તો યે પછી યાદ તો રહેતી જ નથી. યાદ રહે તો પણ જો પ્રેક્ટિકલ અભ્યાસ ન હોય તો માત્ર ગોખેલી વિધિના આધારે કદી પ્રતિક્રમણ ભણાવી શકાતું નથી.

૬. સૌથી મહત્ત્વનું એ છે કે સૂત્રો ભણાવવા પાછળ સંઘ-ટ્રસ્ટીઓ-કાર્યકર્તાઓ-દાતાઓ-શિક્ષક-માતા પિતા - બાળક બધાના સમય અને સંપત્તિ ખર્ચાય છે, તે સાવ જ નિષ્ફળ જાય છે; કારણ કે ભણેલું કશું કામમાં આવતું જ નથી / લેવાતું જ નથી.

એક અંદાજ મુજબ પાઠશાળામાં આવતા ૧૦૦ વિદ્યાર્થીમાંથી ૨૫ બાળકો પણ બે પ્રતિક્રમણ સૂત્ર પૂરા કરતા નથી; અને જે કરે છે, તેમાંના ૫ બાળકો પણ પ્રતિક્રમણ ભણાવતા નથી. તો બાકીના ૯૫ પાછળ જે બધું ખર્ચાયું, તેનું ફળ શું ?

એટલે, પાઠશાળાના બાળકોને પ્રતિક્રમણ ફરજિયાત કરાવવું જ જોઈએ. આ માત્ર તરંગ નથી, અમલમાં મૂકેલા વિચારના આશ્ચર્યજનક સુંદર પરિણામો જોયા પછીનો નિષ્કર્ષ છે. મહારાજ સાહેબે જણાવ્યું - ‘‘અમે છેલ્લા ૭ વર્ષથી ચાતુર્માસમાં બાળકોને સામાયિક કરાવીને સૂત્રો ભણાવીએ છીએ. લગભગ ૨ મહિનાની અંદર બાળકો પ્રતિક્રમણ ભણાવતા થઈ જાય છે. પર્યુષણ પછી સંઘનું પ્રતિક્રમણ આ બાળકો જ ભણાવે છે, અમારામાંથી એક મહાત્મા માત્ર નિશ્રા જ પ્રદાન કરે છે. દર વર્ષે સામાયિકમાં આવતા ૧૫-૨૦ બાળકોમાંથી ૫-૬ બાળકો આ રીતે તૈયાર થાય છે. મલાડ-હીરસૂરિ સંઘ, દાદર-આરાધના ભવન સંઘ, ગોરેગામ-જવાહરનગર સંઘ, મુલુંડ-સર્વોદય સંઘ, મહેસાણા-ઉપનગર સંઘ, હિંમતનગર-મહાવીરનગર સંઘ સર્વત્ર આ પરિણામ આવ્યું છે, તેનું કારણ, બાળકો રોજ પ્રતિક્રમણ કરવા આવે છે, તે છે. (તેનું કારણ એ છે કે પર્યુષણ સુધીમાં ૪૦-૪૫ પ્રતિક્રમણ કરનાર બાળકો માટે મોટા ઈનામ આપવાની યોજના હોય છે.) જે બાળકો સામાયિકમાં આવવા છતાં, પ્રતિક્રમણ કરવા આવતા નથી, તેમનો ક્ષયોપશમ ગમે તેટલો સારો હોય, ગમે તેટલું ભણ્યા હોય, તો પણ પાછળનાં સૂત્રો યાદ રાખી શકતા નથી, ભૂલી જ જાય છે.

આ પરિણામ સતત ૭ વર્ષથી અમને મળ્યું છે. આ યોજનાથી અમોપ લાભો થતા અમે જોયા છે.

૧. બાળકો ધોતિયું પહેરીને સામાયિક-પ્રતિક્રમણ કરતા થઈ જાય. (યોજનામાં જોડાવા માટે ધોતિયું પહેરવું ફરજિયાત હોય છે.)

૨. બધી જ વિધિ→ ૫૦ બોલ સાથે મુહપત્તિ પડિલેહણ, ૧૨ આવર્ત સાથે વાંદણા શીખી જાય. આખા પ્રતિક્રમણની વિધિ ગોખાવ્યા વિના જ આવડી જાય.

૩. પ્રતિક્રમણની રૂચિ કેળવાય. કાળની પ્રગતિ સાથે સંઘોમાં પ્રતિક્રમણ કરનારો વર્ગ બધે જ ઘટી રહ્યો છે, ત્યારે ભવિષ્યમાં પ્રતિક્રમણ કરનારો વર્ગ ઊભો રહેશે, એવી શ્રદ્ધા થાય.

૪. પ્રતિક્રમણના કારણે રાત્રિભોજન ત્યાગ, લગભગ ટી.વી. ત્યાગ થઈ જાય.

૫. સૂત્રો બોલવા મળે (તેના ઈનામ હોય) એટલે પાકા કરે, રાખે અને રહે.

૬. જાહેરમાં સૂત્રો નિર્ભયપણે બોલતાં શીખે.

૭. માત્ર ગણ્યા-ગાંઠ્યા સૂત્રો નહીં, બધા જ સૂત્રો કરે.

૮. અમે એક પણ અશુદ્ધિ ચલાવતા નથી. જેનું અશુદ્ધ હોય તેને બોલવાનો આદેશ જ ન મળે. આદેશ મળ્યા પછી અશુદ્ધ બોલે તો ઈનામ જ ન મળે. એટલે બાળક શુદ્ધતા માટે મહેનત કરે. (મોટે ભાગે બધે શુદ્ધિની ઉપેક્ષા જ હોય છે.) વાસ્તવમાં અમારો અનુભવ એવો રહ્યો છે કે મોટાભાગના વડીલોના સૂત્રો અશુદ્ધ હોય છે, અને આ રીતે તૈયાર થયેલા બાળકો ૧૦૦% શુદ્ધ બોલે છે.

૯. આરાધકો અને સંઘ અત્યંત ખુશ થઈ જાય. અમારા કાર્યની ચોતરફથી અનુમોદના થાય. સંસ્કરણના કાર્ય માટે દાન સરળતાથી મળી રહે.

૧૦. બાળકોના મા-બાપ અત્યંત ખુશ થાય. બાળકોને મોકલતા રહે. બાળકને પણ રોજ નવા-નવા સૂત્રના આદેશ અને ઈનામ મળવાથી આવવાનો થનગનાટ રહે.

હજી કદાચ વધુ લાભો વર્ણવી શકાશે, પણ આટલું પૂરતું છે. એટલે ખાસ ભલામણ છે કે દરેક પાઠશાળાના વ્યવસ્થાપકો/શિક્ષકોએ પ્રતિક્રમણ તો રાખવું જ.''

**આ પુસ્તકમાં ઘણાં વિચારો રજૂ થયા છે, તે બધામાંથી જો એકનો જ અમલ કરવો હોય તો પ્રતિક્રમણનો કરશો, એવું અમે કહીશું...** પાઠશાળાની સફળતા માટે આ અમને અનિવાર્ય જણાય છે.

કેવી રીતે કરાવવું ? તેની રૂપરેખા આ રીતે -

૧. ચૌદશનું પ્રતિક્રમણ લાંબું હોય છે. બે-અઢી કલાકની અનુકૂળતા બધા વિદ્યાર્થીઓને ન પણ હોય. વળી ચૌદશના બધા સૂત્રો બાળકોને ન પણ આવડતા હોય, અથવા બાળકોને આવડતા હોય તો મોટાઓને ન આવડતા હોવાથી સંઘના પ્રતિક્રમણમાં તેવા બાળકોની જરૂર હોય, તેવું સંભવિત છે. એટલે પાઠશાળામાં

ચૌદશના પ્રતિક્રમણનો આગ્રહ ન રાખવો. (જો કે ચૌદશના થઈ શકે તો સારું જ છે.) દર મહિનાની બંને આઠમે પ્રતિક્રમણ રાખી શકાય. અથવા બાળકોને અનુકૂળ દિવસ રાખી શકાય. (રવિવારે માતા-પિતા બાળકોને ફરવા લઈ જતા હોવાથી અનુકૂળતા ઓછી આવતી હોય છે. શનિવારે થઈ શકે.)

૨. સમય પણ, બાળકોને અનુકૂળ રાખવો. બહુ વહેલો ન રાખવો.

૩. બાળકો તથા બાળિકાઓનું પ્રતિક્રમણ અલગ અલગ રાખવું. ભેગું રાખવું વર્તમાનકાળમાં ઉચિત નથી. વળી તેમાં આદેશો માત્ર બાળકોને જ આપવા પડે, કારણકે બહેનોના બોલેલા સૂત્રો ભાઈઓને ચલાવાતા નથી; તેથી બાળિકાઓને તો બોલવાની તક જ ન મળે.

૪. પાઠશાળાની સ્વતંત્ર જગ્યા હોય તો બાળક-બાળિકા બેમાંથી એક પ્રતિક્રમણ તો ત્યાં જ ગોઠવી શકાય. બીજું પ્રતિક્રમણ આયંબિલખાતું કે તેવી કોઈ અનુકૂળ જગ્યાએ રાખી શકાય. સંઘમાં જગ્યા ન હોય તો નજીકમાં કોઈ મકાનનું બેઝમેન્ટ/પાર્કિંગ પણ મળી શકે.

૫. સંઘમાં મહાત્માની નિશ્રા હોય તો તેમને વિનયપૂર્વક અલગ પ્રતિક્રમણ કરવાનું કારણ બતાવીને રજા લેવી.

૬. મહાત્મા ન હોય તો સંઘનું ભાઈઓનું પ્રતિક્રમણ અને બાળકોનું પ્રતિક્રમણ ભેગું પણ રાખી શકાય; પણ તેમાં આટલું ધ્યાન રાખવું.

- સમય બાળકોને અનુકૂળ હોય તે રાખવો.
- બધા આદેશ બાળકોને જ મળશે, તે સ્પષ્ટ રાખવું.
- ભૂલ, શિક્ષક/અન્ય નિયુક્ત કરેલ વ્યક્તિએ જ કાઢવી, બીજા આરાધકોએ વચ્ચે ખલેલ ન કરવી.
- બાળક તે બાળક છે. મસ્તી-તોફાન કરે તો મોટાઓએ ધમકાવવા નહીં.
- આગળ બાળકો બેસે, પાછળ મોટાઓ; અથવા એક બાજુ બાળકો, બીજી બાજુ મોટાઓ; એમ વ્યવસ્થા રાખવી, જેથી બાળકો પર ધ્યાન રાખી શકાય.

  વડીલોએ નવી પેઢીને તૈયાર કરવા માટે આવી બધી ઉદારતા રાખવી જોઈએ. પણ મોટે ભાગે વડીલ આરાધકોમાં અસહિષ્ણુતા જોવા મળે છે. પોતાની વ્યવસ્થામાં બાંધછોડ કરવાની તૈયારી નથી હોતી. તેવી પરિસ્થિતિમાં બાળકોનું પ્રતિક્રમણ જુદું થાય તે જ ઈચ્છનીય છે. બહેનોની અસહિષ્ણુતા તો જગપ્રસિદ્ધ છે. એટલે બાળિકાઓનું તો જુદું જ રાખવું યોગ્ય રહેશે.

૭. પુરુષ શિક્ષક બાળકોના પ્રતિક્રમણમાં, શિક્ષિકા બહેન બાળિકાઓના પ્રતિક્રમણમાં હાજર રહે, બાળકોની ભૂલો કાઢે, તેમને શિસ્તમાં રાખે.

ઘણી પાઠશાળામાં પુરુષ શિક્ષક હોતા નથી, ત્યારે આવી પ્રવૃત્તિમાં રસ

ધરાવનાર, શુદ્ધ સૂત્રોના જાણકાર, બાળકોની સાથે સૌમ્ય છતાં શિસ્તબદ્ધ વ્યવહાર કરી શકે તેવા આરાધકને ગોતી, તેમને વિનંતી કરીને હાજર રાખવા. સામાન્યથી મધ્યમ-મોટા સંઘોમાં આવી વ્યક્તિ મળી રહેશે.

૮. ૮ વર્ષથી મોટા બાળકો માટે સીવ્યા વગરનું ધોતિયું પહેરવાનું ફરજિયાત રાખવું. નાના બાળકો માટે સીવેલું ધોતિયું કદાચ ચલાવવું પડે. પણ ચડ્ડી, લેંઘો તો ન જ ચલાવવા. કડક બનવાથી કેટલાક બાળકો (૧૦-૧૫%) ઓછા આવે તેવું બની શકે, પણ તેનાં નુકસાન કરતાં બધાં જ અવિધિ કરે, જિંદગીભર વિધિ શીખે જ નહીં, તે નુકસાન બહુ મોટું છે. દરેક વિધિમાં બાંધછોડ કરવાના વલણના કારણે જ વર્તમાનમાં અવિધિ વ્યાપક બની છે.

મહારાજ સાહેબે જણાવ્યું → ''અમે દર વર્ષે સામાયિકની યોજના શરૂ કરીએ ત્યારે કોઈપણ વસ્ત્રમાં આવવા દઈએ છીએ. અઠવાડિયા પછી ધોતિયું ફરજિયાત કરીએ છીએ. (આ રીત જરૂરી છે, કારણ કે પહેલેથી ફરજિયાત રાખવાથી આવે જ નહીં. આવતો થાય, પછી ફરજિયાત કરવામાં બહુ વાંધો નથી આવતો.) અમારા અનુભવમાં આજ સુધી એક પણ બાળક, ધોતિયાના કારણે આવતો બંધ થઈ ગયો હોય તેવું બન્યું નથી. શીખી જાય છે અને પહેરે છે. અને એકવાર ટેવ પડ્યા પછી તો પૂજામાં અને પ્રતિક્રમણમાં પણ પહેરતો થઈ જાય છે. અમે દર વર્ષે પર્યુષણમાં સંઘના દેવસિ પ્રતિક્રમણમાં આઠે દિવસ ધોતિયું પહેરીને પ્રતિક્રમણ કરનાર બાળકો માટે વિશેષ પ્રભાવનાનું આયોજન કરાવીએ છીએ, અને અમે અનુભવ્યું છે કે મોટાભાગના બાળકો ધોતિયું પહેરીને આવતા થઈ જાય છે.

અમારી નિશ્રામાં બપોરના ૧૫-૨૦ બાળકો શ્વેત ધોતિયું પહેરીને સામાયિક કરતાં હોય એ જોઈને પણ કેટલાંય શ્રાવકો મુગ્ધ બની જાય છે. ગોરેગામ-જવાહરનગર પાઠશાળામાં ૨૭ વર્ષથી માનદ્ સેવા આપી રહેલા મંગળભાઈ સર તો પ્રતિક્રમણમાં ધોતિયું પહેરીને બેઠેલા બાળકોને જોઈને અનહદ ખુશ થઈ ગયેલા... એટલે આ બાબતમાં ઢીલ ન છોડવી. કડક રહેવું. Quantity કરતાં Quality ની તાકાત અનેકગણી હોય છે. એ સદા યાદ રાખવું.''

૯. બાળકો શિસ્તમાં રહે, એનું ધ્યાન રાખવું. તોફાન-મસ્તી, દોડાદોડ, ઘોંઘાટ થશે તો બીજાને ખલેલ થવાથી અપ્રીતિ થશે.

૧૦. સૂત્રો કોણે બોલવા? તે પહેલેથી જ શિક્ષકે નક્કી કરીને તે બાળકોને જણાવી દેવું.

a. જેણે નવું ગોખ્યું હોય તેને પહેલા બોલવા આપવા.

b. જેણે પહેલા ગોખ્યું હોય, પણ બોલવા ન મળ્યું હોય/ અશુદ્ધ હોવાથી ઈનામ ન મળ્યું હોય અને શુદ્ધ કર્યું હોય તેને બોલવા આપવા.

c. તેવું કોઈ ન હોય તો જૂના બધાને વારાફરતી બોલવા કહેવું પણ તેમાં જેનો

વારો આવે તેના માટે ફરજિયાત રાખવું. તે દિવસે ગેરહાજર રહે તો પછીના દિવસે ફરજીયાત રાખવું. ન આવડે, અશુદ્ધ બોલે તો આગળનું ભણવાનું બંધ કરાવીને ફરી પાકું કરાવવું. આ વ્યવહારિક શિક્ષણ નથી કે એકવાર પરીક્ષા પાસ કરી પછી ભૂલી જાય તો ચાલે. જિંદગીભર યાદ રાખવાના, કામ લાગે તેવા સૂત્રો છે. તે યાદ રાખે, તો જ આગળ ભણાવવા. આમાં પણ કડકાઈ કરવાથી કદાચ કોઈ બાળક આવતો બંધ થઈ જાય તો ય ચિંતા ન કરવી. ફરી જણાવીએ કે *Quantity* કરતાં *Quality* ઘણી વધુ મહત્ત્વની છે.

વારંવાર શિક્ષકો ફરિયાદ કરે છે કે કડક થઈએ તો પણ બાળકો ભણતાં નથી કે આવતા બંધ થઈ જાય છે, તેમને માટે મહારાજ સાહેબે દૃષ્ટાંત આપ્યું. તેમને ગૃહસ્થપણામાં મુંબઈમાં ધાર્મિક શિક્ષણ સંઘની બાળવર્ગ-પહેલા ધોરણની મૌખિક પરીક્ષા લેવા માટે ઘણીવાર-ઘણી પાઠશાળામાં જવાનું થયું છે, તેમાંથી એક પ્રસંગ હજી ભૂલાયો નથી. મુલુંડ - વર્ધમાન નગરની પાઠશાળા. શિક્ષકનું નામ હતું - કેસરીચંદભાઈ (જે પછી તરત જ સ્વર્ગવાસી થયા). ત્યાં પરીક્ષામાં જે અનુભવ થયો - બધા (૧૦૦%) બાળકોના બધા (૧૦૦%) જ સૂત્રો, સંપૂર્ણ (૧૦૦%) શુદ્ધ-તેવો ક્યાંય નથી થયો. જો તેઓ આ પરિણામ લાવી શકે તો બીજા કેમ નહીં ? હાલમાં પણ પૂર્વે જણાવ્યું તેમ મહારાજ સાહેબ ચાતુર્માસમાં સામાયિકમાં બાળકોને સૂત્ર કરાવે છે. પહેલાં તો જૂના સૂત્રોની અશુદ્ધિ જ દૂર કરાવે છે. તેઓ તે કરાવે છે, અને ૧૦૦% પરિણામ મેળવે છે જ. ત્યાં સુધી આગળ નથી જ વધવા દેતા...

એક મીંડાની અશુદ્ધિમાં દીક્ષા નિષ્ફળ જાય તેવું શાસ્ત્રકારે (વિશેષાવશ્યક ભાષ્યમાં) જણાવ્યું છે.

અમેરિકાએ અબજો ડોલરના ખર્ચે છોડેલો એક ઉપગ્રહ, કમ્પ્યુટર પ્રોગ્રામમાં એક અલ્પવિરામની ખામીના કારણે દરિયામાં ખાબકેલો, તેવું એક મેગેઝીનમાં આવેલું. તો આપણે અશુદ્ધિ ન જ ચલાવવી.

d. જે પહેલીવાર શુદ્ધ બોલે તેને મોટું ઈનામ આપવું. બીજી-ત્રીજી વગેરે વાર બોલે તેને પણ ઈનામ તો આપવું જ. જેથી તેને પણ પ્રોત્સાહન રહે.
એક સંઘમાં નિર્ણીત થયેલ ઈનામની રકમો આ મુજબ હતી, તે માર્ગદર્શન માટે જણાવી છે.

| સૂત્ર | ઈનામ–રૂપિયામાં | |
|---|---|---|
| | પ્રથમવાર બોલે ત્યારે | ૨-૩ વાર થી ૧૦ વાર સુધી (૨૦%) (ત્યાર પછી આપવું હોય તો આપવું) |
| નવી થોય (સંસ્કૃત) | ૧૦૦ | ૨૦ |
| નવી થોય (ગુજરાતી) | ૫૦ | - |
| ૭ લાખ | ૫૦ | - |
| વંદિત્તુ | ૨૫૦ | ૫૦ |
| લઘુ શાંતિ | ૧૦૦ | ૨૦ |
| નવું સ્તવન | ૫૦ | - |
| નવી સજ્ઝાય | ૫૦ | - |
| સામાયિક લેવી | ૫૦ | - |
| સામાયિક પારવી | ૧૦૦ | - |
| દેવસિઅ પ્રતિક્રમણ ભણાવવું | ૫૦૦ | ૧૦૦ |
| પક્ખી પ્રતિક્રમણ (વચ્ચેનું) | ૨૦૦ | ૫૦ |
| સ્નાતસ્યા | ૧૦૦ | ૨૦ |
| સકલાર્હત્ | ૨૫૦ | ૫૦ |
| અજિત શાંતિ | ૫૦૦ | ૧૦૦ |
| મોટી શાંતિ | ૨૫૦ | ૫૦ |
| અતિચાર | ૧૦૦૦ | ૨૦૦ |

ઈનામ રોકડ રૂપિયાને બદલે કુપનમાં પણ આપી શકાય. (૧ કુપન = ૫ રૂા.)

e. વારાફરતી આદેશ આપવાના હોય ત્યારે કોણ બોલ્યું ? તે યાદ રહે, તે માટે તેનું રજીસ્ટર જ બનાવવું. તે આ રીતે

| સૂત્ર | કા.સુ.૮ | કા.વ.૮ | મા.સુ.૮ | મા.વ.૮ |
|---|---|---|---|---|
| ૭ લાખ | બોલનારનું નામ | બોલનારનું નામ | બોલનારનું નામ | બોલનારનું નામ |
| વંદિત્તુ | બોલનારનું નામ | બોલનારનું નામ | બોલનારનું નામ | બોલનારનું નામ |
| લઘુશાંતિ | બોલનારનું નામ | બોલનારનું નામ | બોલનારનું નામ | બોલનારનું નામ |

૧૧. બધાને પ્રતિક્રમણમાં આવવાની ઓછામાં ઓછી રૂા. ૧૦/- ની પ્રભાવના આપવી. ઉપરાંત હાજરી પૂરવી. (આ કામ મોટા વિદ્યાર્થીઓને સોંપી દેવાય.) વાર્ષિક ૨૪ પ્રતિક્રમણમાંથી ૨૦ માં હાજર હોય તો - ૫૦૦/-; ૧૫ પ્રતિક્રમણમાં હાજર હોય તો - ૩૦૦/-; એવા વધારાના ઈનામ આપવા. (રોકડના બદલે આકર્ષક ગિફ્ટ પણ આપી શકાય.)

૧૨. મહત્ત્વની વાત એ છે કે સંખ્યા ઓછી થાય, તો યે પ્રતિક્રમણ તો રાખવું જ. એક સંઘના શિક્ષકે કહ્યું - ''પાઠશાળામાં ૧૦૦ બાળકો આવે છે, પ્રતિક્રમણમાં ૬૦ જ. એટલે પ્રતિક્રમણ બંધ કર્યું'' પણ આ દીર્ઘદષ્ટિની ખામી છે. ક્લાસમાં ૧૦૦ વિદ્યાર્થી આવે, પરીક્ષામાં ૬૦ જ આવે તો પરીક્ષા બંધ ન કરાય, ફરજીયાત કરાય. પ્રતિક્રમણમાં ૫૦% હાજરી ન હોય તેને પાઠશાળાના અન્ય ઈનામો (મેળાવડો, યાત્રા, ગાથા, પરીક્ષા વિગેરે) નહીં અપાય તેવો નિયમ કરી શકાય. તે ન કરવો હોય તો પણ, પ્રતિક્રમણ બંધ તો ન જ કરાય.

**ટૂંકમાં પ્રતિક્રમણનું મહત્ત્વ આ રીતે કહી શકાય. → સૂત્રો ભણાવવા પણ પ્રતિક્રમણ ન કરાવવું એટલે - રસોઈ કરવી પણ જમવું નહીં!!**

પ્રતિક્રમણ યોજનાનો શિક્ષકો દ્વારા વિરોધ થતો અનુભવાયો છે, તેનું કારણ ક્યારેક એ જણાયું છે કે તેમની નિષ્ફળતા, બાળકોની અશુદ્ધિ-અપૂર્ણતા વગેરે તેમાં ઉઘાડું પડી જાય છે. એટલે તેમના વિરોધને અવગણીને પણ ફરજ પાડવી જરૂરી ગણાય.

# ૨. કુપન પદ્ધતિ

પાઠશાળામાં ભણતો બાળક સરેરાશ રોજની કેટલી ગાથા કરે છે ? મોટે ભાગે આ પ્રશ્નનો જવાબ '૧' ની અંદર છે. વાસ્તવિક રીતે જોવા જઈએ તો મોટા ભાગના બાળકોની શક્તિ તેના કરતાં ઘણી વધારે હોય છે. ૧ કલાકમાં ૨૩ ગાથા ગોખનાર બાળક જોયો છે. ૧ સામાયિકમાં ૪ થી ૫ ગાથા તો લગભગ મધ્યમ ક્ષયોપશમવાળો દરેક બાળક કરતો હોય છે. આગળના પ્રકરણમાં જણાવ્યું કે માત્ર ૨ થી ૩ મહિનામાં મહારાજ સાહેબ પાસે બાળકો આખું પ્રતિક્રમણ ભણાવતા થઈ જાય છે. પાઠશાળામાં બે કે ત્રણ વર્ષે પણ આવું પરિણામ મળતું નથી. મહારાજ સાહેબની સફળતાનું કારણ શું ? મુખ્ય કારણ છે, કુપન પદ્ધતિ...

૧. તેઓની પાસે દરેક બાળકને ૧ ગાથા શુદ્ધ કરીને આપે એટલે ૧ કુપન મળે છે. [ગાથા ભક્તામરની હોય તો ૧ ગાથાની ૨ પણ મળે. ગુજરાતી સ્તવન હોય તો ૨ ગાથાની ૧ પણ મળે. અતિચાર જેવામાં સામાન્ય બુદ્ધિથી કામ લેવાય. તેમની પાસે આવતાં પૂર્વે જે સૂત્રો કર્યા હોય, તે અશુદ્ધ હોય, તો શુદ્ધ કરવાની પણ ૨ ગાથાની ૧ કુપન મળે. (પાઠશાળામાં આ જરૂરી નથી.)]
૨. સૂત્ર પૂરું થાય એટલે આખું સૂત્ર આપવાની નવી ૧ કુપન મળે.
૩. સૂત્ર મોટું હોય, તો દર પાંચ ગાથા નવી થાય એટલે તે પાંચ ગાથા એક સાથે આપવાની હોય છે, તેની પણ ૧ કુપન મળે. (બધામાં ૧૦૦% શુદ્ધિ ફરજીયાત)
૪. કુપનો ભેગી કરવાનું લક્ષ્ય આપી દીધું હોય છે. દા.ત. ૧૦૦ કુપન થાય એટલે ચાંદીની વાટકી ઈનામ, ૫૦ કુપન થાય એટલે સ્કૂલબેગ, વગેરે ઈનામ. ૧ કુપનના લગભગ ૪ થી ૫ રૂા. ની સરેરાશથી ઈનામ અપાય છે.

*[આ વાંચીને કેટલાકની આંખ પહોળી થશે. ૧ ગાથાના પાંચ રૂપિયા ! પણ તમે પરિણામ જોશો, તો તે રકમ મામૂલી લાગશે... કેટલાક ગણિત જુઓ.*

- *૨ પ્રતિક્રમણના સૂત્રોની બધું મળીને ૨૦૦ ગાથા નથી. ૧૦૦૦ રૂપિયામાં ૨ પ્રતિક્રમણ ભણે, તે મોંઘું કહેવાય ?*
- *૩૦૦ રૂપિયામાં વંદિત્તુ, ૩૦૦ રૂા. માં અજિતશાંતિ (કેટલીક ગાથા મોટી હોવાથી કુપન ૪૦ થી વધે) આ બધું જરાય મોંઘું નથી.*
- *૧ પાઠશાળામાં ૫૦ વિદ્યાર્થી હોય-રોજની ૧ વિદ્યાર્થી લેખે ૨ ગાથાની વધુમાં વધુ ૧૦૦ ગાથા માની લઈએ તોય વર્ષમાં ૨૫૦ દિવસના કુલ સવા લાખ રૂપિયા થાય, જે કંઈ મોટી રકમ નથી. તેટલામાં ૨૫ હજાર ગાથા થાય. ઓછામાં ઓછા ૧૦-૧૫ વિદ્યાર્થી ૫ પ્રતિક્રમણ અને ૩૦-૪૦ વિદ્યાર્થી ૨ પ્રતિક્રમણ*

*પૂર્ણ કરે તો જ એ સંભવિત બને. જે પરિણામ ઘણું મોટું છે. એટલે આ કિંમત મોટી નથી. કદાચ તમારી પાસે પૈસા ન હોય તો ય હિંમત કરશો અને પરિણામ સંઘને દેખાડશો, તો પૈસાના ઢગલા થઈ જશે.*

*જૈન સંઘ પત્રિકા-મંડપ-જમણ-સંગીતકાર... પાછળ જેટલા પૈસા ખર્ચે છે, તે બધાની સરખામણીમાં આ કંઈ નથી. ૨૫૦ ઘરના મધ્યમ કદના સંઘમાં વર્ષે ૩ સ્વામિવાત્સલ્ય (સાલગિરિ, જન્મવાંચન, રથયાત્રા) થતા હશે તો ય તેનું બજેટ ૩ લાખ હશે. તેની સામે પાઠશાળામાં આ રકમ બહુ નાની ગણાય.]*

આ પદ્ધતિ લગભગ જાદુ કરે છે. બાળકમાં શક્તિ પડેલી છે, પણ પ્રોત્સાહન નથી, પડકાર નથી, સ્પર્ધા નથી, એટલે શક્તિ જાગૃત થતી જ નથી. કુપન પદ્ધતિ તેમને પ્રોત્સાહન આપે છે, અંદર અંદર સ્પર્ધા પેદા કરે છે, પડકાર આપે છે અને શક્તિ બહાર આવે છે. જેનું પરિણામ પૂર્વે જણાવી ગયા છીએ. એટલે સહુને આ પદ્ધતિ અપનાવવાની ભલામણ છે.

આમાં કેટલાક મુદ્દા ધ્યાનમાં રાખવા.

૧. એક કુપનના પાંચ રૂા. જેવું વ્યવસ્થિત ઈનામ આપવું જરૂરી છે. આ કાળમાં ૫૦ પૈસા / એક રૂપિયા જેવી મામૂલી રકમ ન ચાલે.

૨. કુપનના ઈનામની અનિશ્ચિતતા ન હોવી જોઈએ. બે વિકલ્પ અપનાવી શકાય.

  a. ઉપર જણાવ્યું તેમ, ૫૦ કુપન/૧૦૦ કુપન આપો અને આ ઈનામ લઈ જાવ, તેવી વ્યવસ્થા. ઈનામ હાજર જ હોય. જે દિવસે કુપન પૂરી થાય તે દિવસે ઈનામ.

  b. દર ૩ મહિને કુપન પ્રમાણે ઈનામ આપવા.

    (a) વધુ સારો વિકલ્પ છે. તેના ૪ કારણ છે.

    *i.* બાળકને ઈનામ માટે રાહ ન જોવી પડે. તરત મળે, તેનો ઉત્સાહ વધે.

    *ii.* એકને ઈનામ મળ્યું, તે જોઈને બીજાને ચાનક ચડે. મેળવવા માટે કુપન પૂરી કરે.

    *iii.* વ્યવસ્થાપકોને અમુક પ્રકારના જ ઈનામ લાવવા પડે. (૩ મહિને આપો તો બધાની જુદી જુદી સંખ્યા પ્રમાણે જુદા જુદા ઈનામ લાવવા પડે.)

    *iv.* અત્યંત ઓછી કુપન-જેનો અર્થ છે-અનિયમિત હાજરી અને અભ્યાસમાં બેદરકારી-તેને ઈનામ આપવાની ઝંઝટ ન રહે.

૩. કુપન પણ સહેજ આકર્ષક હોવી જોઈએ-જોવી ગમે તેવી.

૪. ક્યારેક ભાઈ-બહેન/બે ભાઈ કુપન ભેગી કરીને આપે તેવું બની શકે. આમ તો તેમાં સંસ્થાને નુકસાન નથી, પણ તેવું ઈચ્છનીય નથી. તેવું ન થવા દેવું હોય તો કુપન આપતી વખતે બાળકે જ પોતાનું નામ લખવું ફરજીયાત કરવું. (શિક્ષક પણ લખીને

આપી શકે.)

કેટલાક આ પદ્ધતિ માટે ફરિયાદ કરે છે કે – આમાં હોંશિયાર ને વધુ ઈનામ મળે, નબળાને ઓછું – આવો પક્ષપાત ન થવો જોઈએ.

તેનો જવાબ એ છે કે આ પક્ષપાત નથી, શક્તિને બહાર લાવવાનો એકમાત્ર ઉપાય છે. અને શક્તિશાળી–પુણ્યશાળીથી જ શાસન ચાલે છે.

આ પદ્ધતિનો એક મહત્ત્વનો લાભ એ છે કે કોની શક્તિ કેટલી છે ? તેનો અંદાજ આવે છે. વિશિષ્ટ ક્ષયોપશમ અને પૂર્વભવના સંસ્કારથી સાહજિક રૂચિ ધરાવનારા બાળકો અલગ તરી આવે છે. જેમના પર વધુ મહેનત કરીને આગળ વધારી શકાય.

ફરી જણાવીએ, શક્તિશાળી પર વધુ મહેનત એ પક્ષપાત નથી, પણ શાસન ચલાવનારા આગેવાનો / આરાધકોને તૈયાર કરવાનો એકમાત્ર ઉપાય છે. વાત્સલ્ય બધા પર સમાન રાખવાનું છે, છતાં પુરુષાર્થ તો જ્યાં પરિણામ વધુ મળવાનું છે, ત્યાં જ વધુ કરાય.

તેનો અર્થ એવો નથી કે નબળાની ઉપેક્ષા કરવી. તેને પણ ધ્યાન આપીને ભણાવવા. પણ તે ૧ દિવસમાં ૧ ગાથા કરે, તેનાથી સંતોષ મનાય. હોંશિયારે ૧ જ ગાથા કરી હોય તો ઠપકો અપાય, ચાનક ચડાવાય.

કોઈપણ વર્ગમાં ૮૦% 'mass' (ટોળું) હોય છે. ૨૦% જ 'class' હોય છે. એ 'class' ને ઓળખીને શાસનના ધોરી પુરૂષો બનાવવાના છે. બાકીના ૮૦% માં ૨૦% નબળા રહેવાના જે કદાચ ૧ ગાથા પણ ન કરે. ૬૦% મધ્યમ રહેવાના.

કેટલાક સ્થાનોમાં ગાથાદીઠ રોકડા રૂપિયા અપાય છે. તેના કરતાં કુપનમાં ઘણાં ફાયદા જણાય છે.

a. જોખમ રાખવાનું નહીં

b. બાળકને ૨ –૫ રૂા. મળે તેની કિંમત ન લાગે. એક સાથે ૨૫૦–૫૦૦ મળે કે તેની વસ્તુ મળે તેની કિંમત લાગે.

c. રૂપિયા ઘરે જમા કરાવવા પડે. વસ્તુ પોતે વાપરી શકે.

d. રૂપિયા મળે તેમાં સ્પર્ધા ન જામે. કુપનમાં "મારી ૫૦ થઈ–તારી કેટલી ?" એમાં સ્પર્ધા જાગે.

e. રૂપિયામાં કોઈ લક્ષ્ય ન બંધાય. કુપનમાં ૫૦/૧૦૦ કુપને ઈનામ મળે, એટલે લક્ષ્ય બંધાય. કુપન પૂરી કરવા ઝડપથી ગાથા કરે.

f. કુપનની ગિફટ લવાય, ત્યારે હોલસેલમાં અને ધાર્મિક સંસ્થા માટે જોઈતી હોવાથી ૨૦–૩૦% ડિસ્કાઉન્ટમાં મળે. એટલે તમે ૫૦૦નું ઈનામ આપો, તે બાળકને ૭૦૦નું લાગે.

એટલે રોકડ કરતાં કુપન સારી જણાય છે.

આવી કોઈ પ્રોત્સાહક વ્યવસ્થા નહીં હોય, તો પાઠશાળામાં આવેલ બાળક

- ગાથા કરે જ નહીં, સમય પસાર કરે, તોફાન કરે, વાતો કરે, તેવું બનશે.
- શક્તિશાળી બાળક પણ ૧ ગાથા કરી દીધી એટલે 'બસ ! ગાથા થઈ ગઈ.' એમ સંતોષ માનીને પછી સમય પસાર કરશે. અને તેથી
    - બાળકની પ્રગતિ ન થવી, ધીમી થવી;
    - તેથી માતા-પિતાને અસંતોષ થતા બાળકને પાઠશાળામાંથી ઉઠાડી લેવો;
    - નવા બાળકો ન આવવા, સંખ્યા ઘટવી;
    - સંઘને કોઈ લાભ ન થવો;
    - આગેવાનો સંતુષ્ટ ન થવા;
    - પાઠશાળાની ગુડવિલ ઊભી ન થવી;
    - દાન ન મળવું.

  વગેરે અનેક નુકસાનો થશે.

પ્રતિક્રમણના પ્રકરણમાં જણાવાયું છે કે આ પુસ્તકમાંની એક જ ભલામણનો અમલ કરવો હોય તો પ્રતિક્રમણનો કરવો. હવે અમે કહીશું કે **બે જ ભલામણનો અમલ કરવો હોય તો પ્રતિક્રમણ અને 'કુપન પદ્ધતિ' નો કરવો.**

કુપનના ઈનામની વ્યવસ્થા આ રીતે પણ થઈ શકે.
કુપનોની સંખ્યા અને સામે મળી શકતા ઈનામનો કોઠો બનાવીને બાળકોની સામે મૂકી દેવો. તેની પસંદગી પ્રમાણે ઈનામ મળે તે વધુ પ્રોત્સાહક બને.

દા.ત.

| **કુપન** | **ઈનામ** |
|---|---|
| ૩૦ | કેલક્યુલેટર, સ્ટીલની વૉટર બેગ, વ્હાઈટ બોર્ડ, કાંડા ઘડિયાળ. |
| ૬૦ | સ્કૂલબેગ |
| ૧૫૦ | કેરમ, સોનેરી કાંડા ઘડિયાળ, રિમોટ કંટ્રોલવાળા રમકડા વગેરે. |

મોટા ભાગે દરેક પ્રકારની વસ્તુઓના જૈન હૉલસેલ વેપારીઓ હોય છે. થોડી મહેનતથી તેવા વેપારીઓને શોધી કાઢીએ તો ઘણી બધી વસ્તુઓ ૪૦-૫૦% ડિસ્કાઉન્ટમાં મળે, અને વધે તો પાછી પણ લઈ લે.

# ૩. પરીક્ષા પદ્ધતિ

મોટા ભાગની સંસ્થાઓ 'લેખિત' પરીક્ષા લે છે. અમારા માનવા મુજબ, સૂત્રોની લેખિત પરીક્ષા બિલકુલ ઉચિત નથી, કારણો આ મુજબ→

૧. લેખિત પરીક્ષામાં કુલ અભ્યાસમાંથી ૧૦% માંડ પૂછાય. દા.ત. ભક્તામર-કલ્યાણમંદિરની કુલ ૮૮ ગાથામાંથી ૫ ગાથા જ પૂછાય. તેના આધારે, આખું સૂત્ર આવડે છે કે નહીં, તે શી રીતે નક્કી કરી શકાય?

૨. શુદ્ધ લેખન અને શુદ્ધ ઉચ્ચાર એ બંનેને ઝાઝો સંબંધ નથી. ૪ વર્ષનો બાળક, 'કક્કો' પણ લખતાં ન આવડતું હોવા છતાં, શુદ્ધ કડકડાટ સૂત્રો બોલી શકે છે. અને બરાબર લખવા છતાં ઉચ્ચારો અશુદ્ધ હોય તેવું પણ ઘણીવાર જોયું છે. આપણે ઉચ્ચાર સાથે નિસ્બત છે, લેખન સાથે નહીં.

૩. હાલમાં જ્યારે મોટાભાગના બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે છે, જેને ગુજરાતી લખતાં આવડતું જ નથી, તેમની પાસે લેખિત પરીક્ષાનો આગ્રહ નિરર્થક છે. તેઓ પરીક્ષા આપશે જ નહીં.

૪. લેખિત પરીક્ષા માટે ઘણી વ્યવસ્થા જોઈએ. નિયત સમય, પ્રશ્નપત્ર, સુપરવાઈઝર, તપાસણી વગેરે. જે ઘણો સમયનો ભોગ વગેરે માંગી લે છે.

૫. અભ્યાસ ૩ મહિનામાં પૂરો થઈ જાય; પરીક્ષા તેના ૯ મહિના પછી હોય; ત્યાં સુધીનો સમય વેડફાઈ જાય.

૬. લેખિત પરીક્ષાનું પરિણામ તત્કાળ તો મળે જ નહીં. લગભગ ૬ થી ૮ મહિને મળે! ત્યાં સુધી શું કરવાનું? આગળ ભણાવવાના કે નહીં? શું ખબર પડે? શું પરીક્ષા માત્ર ઔપચારિક છે? કે અભ્યાસ બરાબર થયો હોય તો આગળ વધારવા માટે, ન થયો હોય તો પાકું કરાવવા માટેનો નિર્ણય કરવા માટે છે? લેખિત પરીક્ષા તો ઔપચારિક જ બની રહે છે. એટલે અમારી દષ્ટિએ પરીક્ષા **મૌખિક** જ હોવી જોઈએ.

પરીક્ષાનું માળખું આવું હોવું જોઈએ.

૧. અભ્યાસક્રમ નિયત કરેલો હોય. (જે પ્રકરણ-૪ માં જણાવ્યો છે.)

૨. જે પણ વિદ્યાર્થી જ્યારે જે ધોરણનો અભ્યાસ પૂર્ણ કરે કે તરત જ (અઠવાડિયામાં જ) તેની પરીક્ષા લેવાય. ઉત્તીર્ણ થાય તો પારિતોષિક આપીને આગળના ધોરણનો અભ્યાસ કરાવાય. ન થાય, તો ફરી પાકું કરાવાય.

અભ્યાસ પૂરો થાય તો તરત જ પરીક્ષા લેવાનો ખૂબ મહત્ત્વનો ફાયદો એ છે કે તેના માતા-પિતાને બાળકની પ્રગતિ થઈ રહી છે, તેની પ્રતીતિ થવાથી પાઠશાળા

મોકલવાનો ઉત્સાહ ટકે-વધે. અને આ માહિતી બીજા માતા-પિતા સુધી પહોંચવાથી પોતાના બાળકને પાઠશાળા ન મોકલનાર માતા-પિતાને, પણ પોતાના બાળકને પાઠશાળામાં મોકલવાનું મન થશે.

૩. પરીક્ષાની અંદર અભ્યાસક્રમમાં આવતા બધાં જ સૂત્રો આખાં જ બોલાવવાના... વાર્ષિક પરીક્ષામાં વિદ્યાર્થીઓ ઘણાં હોય-સમય ઓછો હોય એટલે બધું પૂછી નથી શકાતું... અભ્યાસ પૂર્ણ થયેથી તરત જ પરીક્ષા લેવાય, તો તેવા દર અઠવાડિયે ૨-૪ વિદ્યાર્થી પણ ન નીકળે. તેથી તે દરેકની સંપૂર્ણ પરીક્ષા લઈ શકાય.

૪. બધા સૂત્રો બોલાવવાની સરળ પદ્ધતિ એ છે કે સંપૂર્ણ વિધિ કરાવવી. દા.ત. બીજા ધોરણમાં દેવસિ પ્રતિક્રમણના સૂત્રો+ વિધિ છે, તો આખું પ્રતિક્રમણ ભણાવવાનું જ કહેવું. સમય બચાવવો હોય તો જે સૂત્ર બીજીવાર આવે, તે ફરી બોલાવવા નહીં. આમ કરવાથી

- વિધિ + સૂત્ર બંનેની પરીક્ષા થશે.
- ગોખેલી વિધિ નહીં, પ્રેક્ટીકલ કરેલી વિધિની પરીક્ષા થશે. જે જરૂરી છે.

૫. સૂત્રોમાં અશુદ્ધિ ન જ ચલાવવી. ન આવડે, ભૂલી જાય, યાદ કરાવવું પડે, તે કદાચ ૧-૨ વાર ચલાવી શકાય, પણ અશુદ્ધ-ગરબડીયા ઉચ્ચારો તો ન જ ચલાવાય. દા.ત. વંદિત્તુ સૂત્રની ૧ લી ગાથા પછી બીજી ગાથા યાદ ન આવી, તો '**जो मे...**' એટલું યાદ કરાવવું પડે તે કદાચ ચલાવી લઈએ... (આવું પણ વારંવાર ન ચાલે. બધા સૂત્રો મળીને ૧-૨ વાર ચાલી શકે.) પણ **नवविह** ના બદલે **नहविह** બોલે તે ન જ ચાલે. સૂત્ર ફરી પાકું કરવું પડે, પરીક્ષા ફરીવાર જ આપવી પડે. કેટલાકને આ વાત બહુ કડક લાગશે. impractical - અમલમાં ન મૂકી શકાય તેવી લાગશે અને કદાચ દલીલો કરશે →

- આમ કરશું તો મોટા ભાગના વિદ્યાર્થી ઉત્તીર્ણ જ નહીં થાય; આગળ જ નહીં વધે.
- ભણવાની ગતિ ધીમી થઈ જશે.
- વિદ્યાર્થીઓ આવતા જ બંધ થઈ જશે; વગેરે

તેમને વિસ્તારથી ઉત્તર આ પ્રમાણે →

a. શાસ્ત્રોમાં એક મીંડાની ભૂલથી- દીક્ષા નિષ્ફળ જાય તેવું જણાવ્યું છે... એટલે તેની ઉપેક્ષા કરી શકાય નહીં જ.

b. સંઘ વચ્ચે પ્રતિક્રમણાદિ અવસરે શુદ્ધ-સ્પષ્ટ-કડકડાટ સ્નાતસ્યા બોલાય તો પણ લોકો પ્રભાવિત થાય છે. ૧૦૦૦-૨૦૦૦ નું ઈનામ જાહેર થઈ જાય છે. અશુદ્ધ, અસ્પષ્ટ, ખચકાતા-અટકાતા બોલાયેલા અતિચારથી

પણ કોઈ પ્રભાવિત થતું નથી, ઈનામ પણ આપતું નથી.

c. મોટા ભાગના વિદ્યાર્થી ઉત્તીર્ણ નહીં થાય, એ દલીલ પાંગળી છે. જો અભ્યાસ કરાવતી વખતે શુદ્ધિની કાળજી રાખવામાં આવી હોય તો આ ડરનો સવાલ જ નથી. તેનું ઉદાહરણ પ્રતિક્રમણના પ્રકરણમાં જણાવેલું છે જ.

તે કાળજી આ રીતે કરવાની છે - ગાથા લેતી વખતે અશુદ્ધિ ન જ ચલાવવી. અશુદ્ધ ઉચ્ચારાયેલા અક્ષર નીચે પેન્સિલથી લાઈન કરીને વિદ્યાર્થીને આપવી. તેના પર ભાર આપીને - પાંચ-દસવાર બોલીને - પાકું કરવા કહેવું. ફરી આપે ત્યારે શુદ્ધ હોય તો જ આગળ કરાવવું. મહારાજ સાહેબે જણાવ્યું કે તેઓએ દરેક વર્ષે પાઠશાળામાં અશુદ્ધ ભણેલા વિદ્યાર્થીઓના સૂત્રો શુદ્ધ કરાવ્યા છે અને થયા છે. તો પહેલેથી જ શુદ્ધ ગોખાવવું તો ઘણું સહેલું છે.

d. ભણવાની ગતિ ધીમી થાય તો વાંધો નથી. ઝડપ કરીને વધારે ગોખેલું પણ અશુદ્ધ હશે તો કંઈ કામ નહીં આવે. ધીમું કરીને થોડું પણ શુદ્ધ ગોખેલું કામ આવશે. કમાણી વગરના ૧૦ સોદા કરતાં કમાણીવાળો ૧ સોદો સારો જ છે. ૧૦ પૂંછડિયા બેટ્સમેન કરતાં ૧ સચિન તેંડુલકર ઘણો વધુ કામ લાગે છે. જેણે શુદ્ધ કર્યું હશે, તે જ સંઘને આરાધના કરાવી શકશે.

e. વિદ્યાર્થીઓ આવતા બંધ થઈ જશે, તેવું માનવું તે ભ્રમ છે... ઊલ્ટું, ''અહીં શુદ્ધ અભ્યાસ કરાવવામાં આવે છે, અશુદ્ધિ ચલાવવામાં આવતી નથી.'' તેવી ગુડવિલ ઉભી થશે તો દૂર-દૂરથી પણ વિદ્યાર્થીઓ આવશે; એ અનુભવસિદ્ધ હકીકત છે. મહેસાણાની યશોવિજય પાઠશાળાની ખ્યાતિ શેના કારણે છે ? લોકો દુનિયામાંથી હાર્વર્ડ, કેમ્બ્રિજ, ઓક્સફર્ડમાં લાખો ખર્ચીને પણ શા માટે જાય છે ?

વળી ! સો ફૂટપાથિયા ક્રિકેટર તૈયાર કરનાર કોચને કોઈ ઓળખતું ય નથી, અને સચિન તેંડુલકરના કોચ (રમાકાંત આચરેકર) ને પદ્મશ્રી અપાય છે.

એક હોંશિયાર સુપુત્ર પેઢીની શાન વધારે છે; ચાર અભણ નહીં !

એટલે, કદાચ સંખ્યા ૧૦-૨૦% ઘટે તો ય ચિંતા ન કરવી. છેવટે તો પરિણામ સારું જ આવશે. સંઘને લાભ જ થશે, તેમાં મીનમેખ નથી.

f. એક પ્રશ્ન જાતને પૂછો. એક ગુરૂના ઘણા શિષ્ય છે, તેમાંના એક બાળમુનિએ પ્રતિક્રમણ ભણાવ્યું - ઝપાટાબંધ, અશુદ્ધિ ભરપૂર.... બીજા ગુરૂના એક જ શિષ્ય છે અને તેમણે ધીમું, પણ સ્પષ્ટ-શુદ્ધ પ્રતિક્રમણ ભણાવ્યું...

તમે કોના ગુરૂને 'ગુરૂ' પદને યોગ્ય માનશો ?

આ પ્રશ્નના જવાબમાં જ તમારા બધા પ્રશ્નોનો જવાબ સમાઈ જશે.

**એટલે અશુદ્ધિ ન જ ચલાવવી.**

– તેમ અસ્ખલિતતા પણ જોઈએ... વારંવાર અ...અ... કહીને અટકે તે ન ચાલે.

૬. સૂત્રો સિવાય કંઈ કાચું હોય તો તેટલું પુનઃ કરવાની શરતે ઉત્તીર્ણ કરી, આગળના સૂત્રો ભણાવાય. પણ સૂત્રો કાચાં હોય તો આગળ ભણાવવું નહીં જ. માત્ર '**મા રુસ, મા તુસ**' આ બે શબ્દોને ૧૨ વર્ષ સુધી ગોખવાથી કેવળજ્ઞાન થઈ શકે છે !

૭. ઉત્તીર્ણ થાય એટલે તરત જ આગળના ધોરણનો અભ્યાસ ચાલુ કરાવી દેવો.

૮. ઉત્તીર્ણ થનારને તરત જ પારિતોષિક આપવું. બહુ બહુ તો મહિનાના અંતે તે મહિનામાં ઉત્તીર્ણ થયેલ દરેક વિદ્યાર્થીને એક સાથે આપવું; પણ તેથી વધુ વિલંબ ન જ કરવો. પારિતોષિક તરત મળવાથી આગળ ભણવાનો ઉત્સાહ વધે છે. અને બીજા બાળકોને પણ જલ્દી અભ્યાસ પૂરો કરી, પરીક્ષા આપીને પારિતોષિક મેળવવાની ઈચ્છા થાય છે.

૧૦૦ કરોડના આસામી શ્રીમંતના દીકરાને પણ, પિતાશ્રી ૨૦૦૦ ની વસ્તુ અપાવે તેના કરતા જાતમહેનતે મેળવેલ ૨૦૦રૂા.ની વસ્તુનો આનંદ ઘણો વધુ હોય છે.

દરેક ધોરણનું પારિતોષિક નક્કી જ રાખવું એટલે વિચારવાનો-નિર્ણય કરવામાં વિલંબ થવાનો પ્રશ્ન ન રહે. પારિતોષિકો આ પ્રમાણે હોઈ શકે.

| ધોરણ | ઈનામ | ધોરણ | ઈનામ |
|---|---|---|---|
| ૧ | ૨૫૦ | ૩ | ૫૦૦ |
| ૨ | ૨૫૦ | ૪ | ૫૦૦ |

રોકડ ઈનામ કરતાં વસ્તુઓ વધુ આકર્ષણનું કારણ બને છે, એ વાત 'કુપન' ના પ્રકરણમાં થઈ ગઈ છે. પરીક્ષાના ઈનામ રૂપે પણ કુપન રાખી શકાય.

૯. 'માર્ક' કે 'વર્ગ' પદ્ધતિની કોઈ જરૂર નથી. સૂત્રો શુદ્ધ પૂરાં આવડે તો ઉત્તીર્ણ; ન આવડે તો અનુત્તીર્ણ... બીજું કાંઈ નહીં.

કોમ્પ્યુટર પ્રોગ્રામની દર ૧૦૦ લાઈને ૧ લાઈનમાં ભૂલ હોય તો શું થાય ? તે કોઈ પ્રોગ્રામરને પૂછી લેશો. ૧૦ લાખ લાઈનમાં ૧ ભૂલ પણ આખી સિસ્ટમ ફેઈલ કરી નાખે છે; અબજોના નુકસાન કરાવી શકે છે !

૧૦. જેટલા વિદ્યાર્થી ઉત્તીર્ણ થાય, તેટલા પ્રમાણમાં શિક્ષકને બોનસ આપવું, તે ખૂબ સુંદર પદ્ધતિ છે. વ્યવહારની ભાષામાં આ 'પ્રોફેશનલ એપ્રોચ' છે; અને તેનું ઉત્તમ પરિણામ મળશે કે શિક્ષક અભ્યાસ પૂરો કરાવવા, શુદ્ધ કરાવવા, ઝડપી કરાવવા માટે ખંતથી મહેનત કરશે; અને તેની મહેનતનો બદલો પણ તેને મળશે.

૧૧. પરીક્ષા કોણ લે ? શિક્ષક જ પરીક્ષા લે, તેમાં પોતાનું કાર્ય છે તેના કરતાં વધુ સારું

દેખાડવા માટે; અનુચિત રીતે સારું પરિણામ આપે તેવી સંભાવના રહેવાની. એકથી વધુ શિક્ષક હોય ત્યાં, જે શિક્ષક જે વિદ્યાર્થીને ભણાવતા હોય, તેના સિવાયના બીજા શિક્ષક પરીક્ષા લે, તેવું ગોઠવી શકાય; પણ સ્ત્રીઓમાં સ્વભાવસહજ રહેલી ઈર્ષ્યા, આ પદ્ધતિને પણ ખામીભરી બનાવી શકે. સાધુ કે સાધ્વીજી ભગવંતની અનુકૂળતા હોય તો તેઓ પરીક્ષા લે તે ઉત્તમ છે. હા, કરૂણાને વશ, અનુત્તીર્ણ બાળકને ઉત્તીર્ણ નથી કરવો, પણ સંઘની મજબૂત ભાવિ પેઢી તૈયાર કરવા ટકોરાબંધ પરીક્ષા લેવાની છે, તેવું તેમને જણાવી દેવું.

શ્રેષ્ઠ પદ્ધતિ અમને એ લાગે છે કે સંઘમાં જે શ્રાવકો/શ્રાવિકાઓ શુદ્ધ સૂત્રના ધારક હોય, શાસન માટે સમય આપવાનો ઉલ્લાસ ધરાવતા હોય; તેવા શ્રાવક/શ્રાવિકાઓને દર અઠવાડિયે/૧૫ દિવસે/મહિને, ૧-૨-૩ કલાકનો ભોગ આપવા તૈયાર કરી, તેમના દ્વારા પરીક્ષા લેવડાવવી. તેમને પરીક્ષાના ઉદ્દેશો વગેરે સમજાવી દેવા.

આમ કરવાથી પરીક્ષામાં એકરાગ (Uniformity) જળવાશે. અનુત્તીર્ણ થયેલ વિદ્યાર્થીની પરીક્ષા ફરી તે જ વ્યક્તિ લેશે, જેથી તેની નબળાઇઓ સુધરી કે નહીં તેનું ધ્યાન રહેશે.

દરેક સંઘમાં આવી વ્યક્તિઓ હોય છે જ. આપણે તેમને શોધી, સમજાવી, તૈયાર કરવાના રહે. અને જેઓ ભણેલા છે, તેઓ પોતાના પર બીજા દ્વારા થયેલા ઉપકારને જાણતા હોવાથી પ્રાયઃ સમય આપવા તૈયાર થાય, તેવું અમારું માનવું છે.

ઉપસંહારમાં ફરી કહીશું કે લેખિત પરીક્ષા પદ્ધતિ વ્યાપક છે. એની નિરર્થકતાનો અનુભવ જોયા પછી અને મૌખિક પદ્ધતિના ફાયદા જોયા પછી અમે અમારો આ અભિપ્રાય વ્યકત કર્યો છે.

# ૪. અભ્યાસક્રમ

- પાઠશાળામાં ભણાવવાની વસ્તુઓના ૬ ભાગ કરી શકાય.
  1. ૧. સૂત્રો
  2. ૨. કાવ્ય-સ્તવન, સજ્ઝાય, ચૈત્યવંદન, થોય.
  3. ૩. વિધિ અને પ્રેક્ટિકલ ક્રિયા.
  4. ૪. પદાર્થજ્ઞાન - (૩ તત્ત્વ, ૩ રત્ન, ૪ કષાય, તપ, તીર્થો વગેરે)
  5. ૫. કર્તવ્ય-અકર્તવ્ય - ભક્ષ્યાભક્ષ્ય વગેરે.
  6. ૬. સૂત્રોના અર્થ.

જુદી જુદી સંસ્થાઓએ જુદા જુદા અભ્યાસક્રમ બનાવેલા છે. દરેકે પોતાના અનુભવ-સૂઝ કામે લગાડીને બનાવ્યા હશે.

આ પુસ્તકના માર્ગદર્શકના અનુભવ પ્રમાણે અમે આ રીતના અભ્યાસક્રમની ભલામણ કરીએ છીએ.

૧. નં.૪ અને નં.૫ - પદાર્થજ્ઞાન/કર્તવ્યજ્ઞાન માટે અઠવાડિયામાં ૧ સ્વતંત્ર દિવસ જ ફાળવવો. રવિવારે સામાયિક રાખીને તેમાં કરાવી શકાય. (રવિવારે શિક્ષક આવવા તૈયાર ન હોય તો આ કાર્ય બીજા પણ કરાવી શકે.) આ માટેની સામગ્રી; Learn & Turn વગેરે પાસે ઉપલબ્ધ છે, જેની વિસ્તૃત વાત પ્રકરણ ૨૬ માં કરેલી છે.

૨. સૂત્રોના અર્થ અંગે અમારું માનવું છે કે બે પ્રતિક્રમણના સૂત્રો સંપૂર્ણ ગોખાઈ ન જાય ત્યાં સુધી તો અર્થ ન જ કરાવવા. બાળકોને તો પાંચ પ્રતિક્રમણના સૂત્રો ન ગોખાય ત્યાં સુધી ન કરાવવા, મોટી ઉંમરના બહેનોને કરાવાય તે જુદી વાત. વળી આ અર્થ ગોખાવવા નહીં. પરીક્ષા ન રાખવી. માત્ર સમજાવવા. ગોખીને યાદ રાખેલ અર્થ લાંબો સમય યાદ રહેતા નથી - કશા કામ લાગતા નથી. અમે પરીક્ષા માટેના અભ્યાસક્રમમાં એટલે જ અર્થનો સમાવેશ નથી કર્યો.

૩. નં. ૧-૨-૩-૪-૫ નો સંયુક્ત અભ્યાસક્રમ આ સાથે જણાવ્યો છે. તેમાં કેટલુંક અન્ય અભ્યાસક્રમો કરતાં જુદું છે, તેના કારણો આ મુજબ છે -

**અ. સૂત્રોનો ક્રમ :**

- 'જગ ચિંતામણિ' સૂત્ર અઘરું પડતું હોય છે, અને બીજું ચૈત્યવંદન બોલી શકાય છે, તેથી તેને પાછળથી રાઈ પ્રતિક્રમણના સૂત્રોમાં લીધું છે.
- સાત લાખ - અઢાર પાપ સ્થાનક સૂત્રો જાહેરમાં બોલવા મળે છે, તેથી શરૂમાં રાખ્યા છે.

- 'વંદિત્તુ' સૂત્ર અઘરું પડવાથી ઘણાં બાળકો પાઠશાળા છોડી દે છે, તેથી દેવસિ પ્રતિક્રમણ સૂત્રોમાં છેલ્લે રાખ્યું છે. તેજસ્વી વિદ્યાર્થી હોય, જાહેરમાં બોલવું હોય તો પહેલા પણ ભણાવાય.

બ. પોતાના સંઘના મૂળનાયક ભગવાનના ચૈત્યવંદન-સ્તવન થોય પહેલા હોવા જોઈએ. તે મૂક્યા છે.

ક. પદાર્થજ્ઞાન અને કર્તવ્યાકર્તવ્ય જ્ઞાન ખૂબ મહત્ત્વના છે. કદાચ મોટાભાગના અભ્યાસક્રમોમાં તેની ઉપેક્ષા છે. એટલે જ રોજીંદા જીવનમાં ઉપયોગી પદાર્થો (નવકારશી પચ્ચક્ખાણના આગારો, ૭ ક્ષેત્ર, ૨૨ અભક્ષ્ય વગેરે) નું જ્ઞાન મહદંશે શ્રાવક - શ્રાવિકાઓમાં નથી. એટલે અમે તેના પર વિશેષ ભાર મૂકયો છે.

અલબત્ત, સહુના અભિપ્રાયો જુદા રહેવાના છે; જેને જે સારું લાગે તે કરે... અમારી ભલામણ સકારણ અમે જણાવી છે.

## પાઠશાળા અભ્યાસક્રમ

**ધોરણ ૧ :**

સૂત્ર : નવકાર, ખમાસમણ, ઈચ્છ.સુહરાઈ, અબ્ભુટ્ઠિઓ, લોગસ્સ, પંચિંદિય, ઈરિયાવહી, તસ્સ ઉત્તરી, અન્નત્થ, કરેમિ ભંતે, સામાઈય વય જુત્તો, સાત લાખ, અઢાર પાપસ્થાનક

ક્રિયા : પંચાંગ પ્રણિપાત, ગુરૂવંદન, વાયણાના આદેશ, સામાયિક લેવી-પારવી.

કાવ્ય : કોઈપણ ભાવવાહી સ્તુતિઓ, આરતી, મંગળ દીવો

પદાર્થ : ચોવીસ ભગવાનના નામ વગેરે સમજણ
ગુરૂવંદન ક્યારે કરવાનું ? ગુરૂભગવંત બેઠાં હોય ત્યારે... વગેરે સમજણ.

❋ ❋ ❋ ❋ ❋

**ધોરણ ૨ :**

સૂત્ર : ધોરણ ૧ ના સૂત્રો, જંકિંચિ થી અરિહંત ચેઈઆણં, સકલકુશલવલ્લી

ક્રિયા : ચૈત્યવંદન, ત્રણ મુદ્રા, દર્શન-પૂજા વિધિ (નિસીહિ, પ્રદક્ષિણા, પ્રણામ અને પૂજા ત્રિક)

કાવ્ય : પ્રદક્ષિણાના દુહા, નવાંગી પૂજાના દુહા, અષ્ટપ્રકારી પૂજાના દુહા, સંઘના મૂળનાયક ભગવાનનું ચૈત્યવંદન, સ્તવન, થોય.

પદાર્થ : નવકારશી-ચોવિહાર-તિવિહાર પચ્ચક્ખાણ, નવપદના નામ-વર્ણ, ૩ રત્ન, ૩ તત્ત્વ, ૩ યોગ, ૩ કરણ.

❋ ❋ ❋ ❋ ❋

**ધોરણ ૩ :**

સૂત્ર : ધોરણ ૧-૨ ના સૂત્રો, નાણંમિ, કલ્લાણ કંદં, પુક્ખરવરદીવડ્ઢે, સિદ્ધાણં-બુદ્ધાણં, વેયાવચ્ચગરાણં, ભગવાન્હં, વાંદણા, નમોઽસ્તુ, વિશાલલોચનદલં, વરકનક (બહેનોએ કમલદલ.), લઘુશાંતિ

ક્રિયા : દેવવંદન, મુહપત્તિ પડિલેહણ (૫૦ બોલ), વાંદણા (૨૫ આવશ્યક)

કાવ્ય : ૪ થોયનો ૧ જોડો, ૨૪ ભગવાનના વર્ણનું, લંછનનું ચૈત્યવંદન

પદાર્થ : ૫ કલ્યાણક, પ્રભુ વીરના કલ્યાણક દિવસ/સ્થળ, પ્રભુ વીરના માતા-પિતા વગેરે પરિવાર અને ચરિત્ર, ૪ ગતિ, ૪ પ્રકારનો ધર્મ, ૪ શરણાં, ૪ પ્રકારનો સંઘ, ૪ ભાવના

નવકારનો મહિમા (સમજણ)

મુટ્ઠિસહિઅં, ધારણા અભિગ્રહ પચ્ચક્ખાણ, વિવિધ પર્વો.

❋ ❋ ❋ ❋ ❋

**ધોરણ ૪ :**

સૂત્ર : બે પ્રતિક્રમણ પૂર્ણ - ધોરણ ૧-૨-૩ ના સૂત્ર પછી દેવસિઅ પડિક્કમણે ઠાઉં, ઇચ્છામિ ઠામિ, દેવસિઅં આલોઉં, સવ્વસ્સ વિ, ઈચ્છામિ પડિક્કમિઉં, આયરિય ઉવજ્ઝાએ, સુઅદેવયા, જિસે ખિત્તે, અડ્ઢાઈજ્જેસુ, ચઉક્કસાય, ભરહેસર બાહુબલી, મન્હ જિણાણં, સકલ તીર્થ, વંદિત્તુ, જગ ચિંતામણિ, સંસાર દાવાનલ.

ક્રિયા : રાઈઅ-દેવસિઅ પ્રતિક્રમણ.

કાવ્ય : સીમંધર સ્વામી/શત્રુંજય ના દુહા, ચૈત્યવંદન, સ્તવન, થોય, કોઈપણ ૧ સજ્ઝાય.

પદાર્થ : ઉપવાસ, એકાસણું-બેસણું, આયંબિલ, પાણહાર પચ્ચક્ખાણ, પચ્ચક્ખાણના આગારો, ૫ આચાર, ૫ ઈન્દ્રિય, ૬ કાય (જીવસ્વરૂપ)

આહારશુદ્ધિ - વિગઈ, મહાવિગઈ, કંદમૂળ, વાસી, દ્વિદળ

પાર્શ્વનાથ ભ. નું સંક્ષિપ્ત ચરિત્ર, વીશ વિહરમાન (સમજવા), શત્રુંજય મહિમા, ગોચરી વહોરાવવા સંબંધી માર્ગદર્શન.

❋ ❋ ❋ ❋ ❋

**ધોરણ ૫ :**

સૂત્ર : બે પ્રતિક્રમણ, સકલાર્હત્, સ્નાતસ્યા, સંતિકરં, બૃહદ્ શાંતિ, અજિતશાંતિ, જ્ઞાનાદિ ગુણ., યસ્યાઃ ક્ષેત્રં.

ક્રિયા : પાંચ પ્રતિક્રમણની વિધિ.

કાવ્ય : ૩ ભગવાનના ચૈત્યવંદન, સ્તવન, થોયના જોડા, ૩ સજ્ઝાય
પદાર્થ : ૮ કર્મ, ૫ જ્ઞાન, ૪ કષાય, ૫ શરીર, છ લેશ્યા
ઋષભદેવ ભ. શાંતિનાથ ભ., નેમિનાથ ભ. નું ચરિત્ર, વિવિધ તપ.

❋ ❋ ❋ ❋ ❋

**ધોરણ ૬ :**

સૂત્ર : પાંચ પ્રતિક્રમણ પૂર્ણ
ક્રિયા : પૌષધવિધિ, પૂજાવિધિ (સંપૂર્ણ ૧૦ ત્રિક)
કાવ્ય : ૫ ભગવાનના ચૈત્યવંદન, સ્તવન, થોયના જોડા, ૫ સજ્ઝાય
પદાર્થ : ૧૨ વ્રત, ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૭ ક્ષેત્ર, ૬ રી, ૧૪ ગુણસ્થાન, ૧૪ રાજલોક.
આહારશુદ્ધિ - કાળ, પાણીનો કાળ, સચિત્ત-અચિત્ત

❋ ❋ ❋ ❋ ❋

# ૫. ઉચ્ચ અભ્યાસ

(લેખક - પૂ.મુ.શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.)

અભ્યાસમાં પાંચ પ્રતિક્રમણ સૌ પ્રથમ હોવા જોઈએ એ નિર્વિવાદ છે. કારણ કે, તે આવશ્યક ક્રિયાઓ માટે જરૂરી છે. અલબત્ત, તેની સાથે સ્તુતિ સ્તવનાદિ, પદાર્થો અને કર્તવ્યાકર્તવ્યનું જ્ઞાન જરૂરી છે, એ પૂર્વેના પ્રકરણમાં જણાવાયું છે.

પ્રશ્ન હવેનો છે, ત્યાર પછી શું ?

મોટા ભાગે ત્યાર પછી નવ સ્મરણ, પછી ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, તત્વાર્થ સૂત્ર... આ ક્રમ વ્યાપકપણે જોવાય છે. અને પ્રાયઃ તેનું કારણ, મહેસાણા પાઠશાળાનો તેવો અભ્યાસક્રમ છે, તેવી કલ્પના કરી શકાય; કારણ કે બહુ નજીકના ભૂતકાળમાં ભારતભરની પાઠશાળાના શિક્ષકો, મહેસાણામાં જ ભણેલા હતા.

અહીં બે વિચારણા કરવી છે →

શું ભણાવવું જોઈએ ? અને શી રીતે ભણાવવું જોઈએ?

તેની ચર્ચા શરૂ કરતાં પહેલાં એક વાત સમજી લેવી જરૂરી છે કે (હાલના વાતાવરણમાં) પાંચ પ્રતિક્રમણ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ ૧૦૦ માંથી ૧૦ પણ પૂરા હોતા નથી. મોટા ભાગે ત્યાં સુધીમાં ૧૪-૧૫ વર્ષની ઉંમરના થઈ જવાથી બાળકો પાઠશાળા છોડી દેતા હોય છે.

એટલે આ અભ્યાસ કરવામાં બે પ્રકારના વિદ્યાર્થીઓ હોય છે.

a. તીવ્ર ધારણાશક્તિના કારણે નાની ઉંમરમાં પાંચ પ્રતિક્રમણ પૂર્ણ કરી દેનારા અને છતાં પાઠશાળા આવવાનું ચાલુ રાખનારા.

b. મોટી ઉંમરની યુવતીઓ, બહેનો વગેરે.

વિદ્યાર્થીની ઉંમર, ક્ષમતા, તેને શું વધુ ઉપયોગી-હિતકર છે, તે વિચારીને અભ્યાસક્રમ નક્કી થવો જોઈએ. ઉપરમાં (a) પ્રકારના વિદ્યાર્થીઓને, નવ સ્મરણ ગોખાવાય, તે યોગ્ય હોઈ શકે; તે પણ તો જ ભણાવાય, કે તેટલું પૂર્ણ કરીને પાઠશાળા છોડી દેવાનો ન હોય. જો તેટલી ઉંમર જણાતી હોય કે એકાદ વર્ષમાં પાઠશાળા છોડી દેશે, તો પછી તેને જીવનોપયોગી પદાર્થો ભણાવવા વધુ ઈચ્છનીય ગણાય. (b) પ્રકારના વિદ્યાર્થીઓ માટે તો નવસ્મરણ કરતાં જીવનોપયોગી પદાર્થો ધરાવતા ગ્રંથો કરાવવા જ યોગ્ય ગણાશે.

તેઓને શું કરાવવું, તે વિચારતાં પૂર્વે શી રીતે કરાવવું; તે વિચારવું મહત્ત્વનું છે.

હાલ પ્રચલિત પદ્ધતિ ગાથા ગોખાવવાની, તેના અર્થ કરાવવાની, વિવેચન સમજાવવાની છે.

મારી ભલામણ, સીધા પદાર્થ કરાવવાની છે, ગાથાની જરૂર મને જણાતી નથી.

આ કદાચ 'ક્રાંતિકારી' સૂચન લાગશે; અને વર્ષોથી એક પદ્ધતિથી ટેવાયેલા વિરોધ જ

કરશે, ''આ ન જ ચાલી શકે'' તેવું કહેશે; તે મને ખબર છે, પણ તેમને હું શાંત ચિત્તે નીચેની હકીકતો પર વિચાર કરવા કહીશ.

**૧. સમય :**

- પ્રચલિત પદ્ધતિમાં જીવવિચાર+નવતત્ત્વ કરતાં મને ૧ વર્ષથી વધુ સમય લાગ્યો. ગાથા છોડીને માત્ર પદાર્થ, આજે સામાન્ય ક્ષયોપશમવાળા ૧૦-૧૨ વર્ષના વિદ્યાર્થીને ૨ - ૩ મહિનામાં હું સરળતાથી કરાવું છું.
- પ્રચલિત પદ્ધતિમાં ૪ કર્મગ્રંથ ભણતાં મને બે વર્ષ થયા. મહેસાણા પાઠશાળા (જ્યાં આખો દિવસ ધાર્મિક અભ્યાસ જ કરવાનો હોય છે) માં પણ કોઈપણ વિદ્યાર્થીને ૧ વર્ષ તો લાગે જ છે.

  હમણાં જ ૧૫ અને ૧૭ વર્ષના બે યુવાનોને ૧૫ દિવસમાં રોજના ૧ કલાકના પાઠ સાથે ૪ કર્મગ્રંથનો પદાર્થ કરાવ્યો. તે એ રીતે કે ૧૫મા દિવસે સાંજે બધો જ પદાર્થ કડકડાટ મોઢે હતો ! ૬-૭ દિવસમાં પહેલા બે કર્મગ્રંથ તો ૫-૭ વાર હું કરાવી ચૂક્યો છું !

  આ ફરક સામાન્ય નથી. ૭૫ થી ૯૦% સમય બચતો હોવાનું સ્પષ્ટ જણાવા છતાં, જૂની/પોતાની પદ્ધતિને જ વળગી રહેવું; તે સ્યાદ્વાદ નથી.

**૨. ઉપસ્થિતિ :**

a. જીવવિચાર વગેરે પ્રચલિત પદ્ધતિએ ભણ્યા પછી પરીક્ષા વખતે પુનઃ ઉપસ્થિતિ કરવામાં મહેનત પડતી. પરીક્ષા પછી તો ભૂલી જ જવાતું. પદાર્થ પદ્ધતિએ કર્યા પછી જીવવિચારના ૫૬૩ ભેદ કે બીજા કર્મગ્રંથના બંધ-ઉદય વગેરેના કોષ્ટક આજે પણ મોઢે છે, મોઢે જ ભણાવી શકાય છે !

b. મારી પાસે હાલ ૧ પંડિત ભણ્યા. મહેસાણા પાઠશાળાથી ભણેલા છે. કર્મગ્રંથ ૬ એ ૬ કર્યા છે. ઉપસ્થિતિ શૂન્ય ! જે યુવાનોને મેં કર્મગ્રંથ કરાવ્યા, તેમને ૬ મહિના પછી આજે પણ સંપૂર્ણ ઉપસ્થિતિ છે. (દર અઠવાડિયે સ્વાધ્યાય કરે છે.)

**૩. ઉપયોગ :-**

ગાથા સ્વતંત્રપણે ઉપયોગી નથી. પદાર્થ જ ઉપયોગી છે - આગળ ભણવામાં, પ્રશ્નોના જવાબ આપવામાં કે જીવનમાં નિર્ણયો કરવામાં.. ગાથા તો પદાર્થને યાદ કરવા માટે જ ઉપયોગી છે.

**મારી પાસે પરસમુદાયના ૧ બાલમુનિ ભણી ગયા. ૩ વર્ષનો પર્યાય હતો. ૫-૭ હજાર ગાથા ગોખેલી, ૩ બુક વગેરે કરેલું. જીવવિચાર વગેરે ગોખેલા; પણ ! અપ્કાયમાં શું આવે? તેની ખબર નહોતી !!! (તેના કરતાં, ૮ મહિનાથી મુમુક્ષુપણે રહેલા મારા વિદ્યાર્થીઓ ઘણાં સારા વિદ્વાન્ છે.)**

કર્મસાહિત્યમાં વર્તમાન જિનશાસનમાં શિરમોર વિદ્વાન્ અમારા ગચ્છાધિપતિ

પૂ.આ.ભ. શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા. છે. બીજા નંબરે, અમારા જ સમુદાયના શ્રમણીગણનાયક પૂ.આ.ભ. શ્રી વિજય **અભયશેખરસૂરીશ્વરજી** મ.સા. છે, તે સહુ વિદ્વાનો માને છે. કમ્મપયડી વગેરેના પ્રશ્નો લઈને સહુ કોની પાસે જાય છે ? તે તો અતિપ્રસિદ્ધ છે. તેમની પદાર્થોની ઉપસ્થિતિ કેવી છે, તે તેમને મળીને, કમ્મપયડીના ગહન પ્રશ્નો પૂછવાથી જાણી શકશો. (અથવા કર્મપ્રકૃતિ પદાર્થો ભા. ૩ પુસ્તક જોઈ લેવું.) અને તમને આશ્ચર્ય થશે કે તેમાંથી એકેને, કર્મગ્રંથોની ગાથાઓ હાલ ઉપસ્થિત નથી.

હું પહેલા ૪ કર્મગ્રંથ લગભગ મોઢે-અંધારામાં પણ - પુસ્તકના આધાર વિના જ ભણાવી શકું છું - ભણાવું છું; ગાથા તો એકે યાદ નથી.

**આમ સમય, ઉપસ્થિતિ, ઉપયોગ - ત્રણે રીતે, પદાર્થની અધ્યાપન પદ્ધતિ જ વધુ સારી છે, તે નિઃશંક હકીકત છે.**

એટલે ખાસ એ ભલામણ કરીશ કે, ગાથા ભણાવ્યા વિના સીધા પદાર્થો ભણાવવા. તે માટે જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત **પદાર્થ પ્રકાશ** શ્રેણિના પુસ્તકો ઉપલબ્ધ છે.

વર્ષોથી ચાલતી પદ્ધતિથી તદ્દન વિરુદ્ધ આ વાત કોણ સ્વીકારશે ? એ પ્રશ્ન જ છે. પણ હું કહીશ કે વર્તમાનમાં અમારા સમુદાયના સાધુ ભગવંતોમાં જો સારો ઝડથી અભ્યાસ જોવા મળતો હોય, તો તેનું બહુ મોટું કારણ આ પદાર્થની અધ્યાપન પદ્ધતિ છે. એટલે અનુભવથી શ્રેષ્ઠ/સફળ નીવડેલી આ પદ્ધતિ જણાવી છે. અપનાવશે તેને લાભ થશે.

હવે વાત એ કે શું ભણાવવું જોઈએ ?

પૂર્વે જણાવાઈ ગયું છે કે, રોજિંદા જીવનમાં ઉપયોગી પદાર્થો તો પાંચ પ્રતિક્રમણના અભ્યાસ સાથે જ ભણાવવા, વણી લેવા જોઈએ. ત્યારપછી મને આ ક્રમ યોગ્ય લાગે છે.

૧. **જીવવિચાર** - ૫ ૬ ૩ ભેદો સમજાવવા - ગોખાવવા.
   નરક-દેવ-મનુષ્યના આયુષ્ય ગોખાવવા.

૨. **નવતત્ત્વ** - અજીવતત્ત્વ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ, અલોક સમજાવવા.
   પુદ્ગલ - આઠ વર્ગણા સમજાવવી.
   કાળ - સમય, આવલિકા, મુહૂર્ત, પલ્યોપમ, સાગરોપમ ગોખાવવા.
   પુણ્ય-પાપ તત્ત્વ - પહેલો કર્મગ્રંથ - ૧ ૫ ૮ પ્રકૃતિ ગોખાવવી
   આશ્રવ તત્ત્વ - પચીસ ક્રિયા સમજાવવી.
   સંવર તત્ત્વ - બધા ૫ ૭ ભેદ ગોખાવવા. (ગાથાઓ ગોખાવી શકાય. - જેથી નામ યાદ રહે)
   નિર્જરા તત્ત્વ - ૧ ૨ તપની ગાથાઓ ગોખેલી જ હોય - સમજાવવું.

મોક્ષતત્ત્વ – સિદ્ધના ૧૫ ભેદ સમજાવવા.
– મોક્ષનું ક્ષેત્ર સમજાવવું.

૩. મેધાવી વિદ્યાર્થી હોય તો પહેલા કર્મગ્રંથ પછી ૨ – ૩ – ૪ કર્મગ્રંથ કરાવી શકાય.

૪. ચૈત્યવંદન ભાષ્ય – ૧૦ ત્રિક, પાંચ અભિગમ પૂર્વેના અભ્યાસમાં આવી ચૂક્યા છે.

ગુરુવંદન ભાષ્ય – વંદનીય કોણ? અવંદનીય કોણ? વંદન ક્યારે કરાય? ક્યારે ન કરાય? ૩૩ આશાતના.

પચ્ચક્ખાણ ભાષ્ય – પચ્ચક્ખાણના આગારો, શુદ્ધિ, નીવિયાતાં

૫. **તત્ત્વાર્થ સૂત્ર** – આ મૂળસૂત્ર ગોખાવવું, કારણ કે સંગ્રહરૂપ છે. અર્થ સમજાવવા.

આનાથી આગળ ભણનાર મહદંશે મુમુક્ષુ રહેવાનો, તેથી તેનો નિર્ણય તેમના ગુરૂ પર છોડી દેવો જ યોગ્ય છે.

**ગાથાઓ** – આવશ્યક ક્રિયાના સૂત્રો પછી તેવી જ ગાથાઓ ગોખાવવી જોઈએ કે જેનાથી સંવેગ-વૈરાગ્ય વધે, તેવું અમારા ગચ્છાધિપતિશ્રી – ગીતાર્થમૂર્ધન્ય પ.પૂ.આ.ભ.શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. ભારપૂર્વક કહે છે.

તે માટે વૈરાગ્ય શતક, ઈન્દ્રિય પરાજય શતક, કુલકો, અધ્યાત્મ કલ્પદ્રુમ વગેરે પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો છે. અર્થ સમજીને જ ગાથાઓ ગોખવી જોઈએ અને અર્થ સાથે જ તેનું પુનરાવર્તન કરવું જોઈએ.

# ૬. પુનરાવર્તન

પાઠશાળાનો અભ્યાસ એવો નથી કે ભણો, પરીક્ષા આપો, પાસ થાવ અને ભૂલી જાવ. સૂત્રો યાદ રાખવામાં આવે તો જ અવસરે ઉપયોગમાં આવે અને તો જ ભણાવવા પાછળ કરેલ મહેનત-ખર્ચ વગેરે લેખે લાગે.

દુ:ખની વાત એ છે કે મોટા ભાગની પાઠશાળાઓમાં ભણાવવા પાછળ કદાચ ધ્યાન અપાય છે, પણ જૂનું ભણેલું યાદ રહે તેની પાછળ કશું ધ્યાન અપાતું જ નથી. ભૂલી જાય તે જાણે કે સહજ ઘટના માની લેવાય છે ! આમ કરવાથી તો પૂર્વે કરેલી બધી જ મહેનત નકામી જાય છે. તે કેવી રીતે ચલાવી શકાય ?

શિક્ષકો કહેશે – ''વિદ્યાર્થીઓ ભૂલી જ જાય છે. અમે શું કરીએ ?'' અમે કહીશું કે, તે ભૂલી ન જાય, તે માટેની કોઈ વ્યવસ્થા આપણે ગોઠવીએ નહીં; પછી ભૂલી જવાનો ગુનો તેના માથે ઓઢાડી દઈએ, તે પલાયનવાદ છે.

**ભણેલું ભૂલાય નહીં, તેના માટે શું કરવું ?**

તેના ઉપાયો આ પ્રમાણે છે.

૧. એક બાળક પાંચ પ્રતિક્રમણ સૂત્રો ઘરે જ, પિતાશ્રી પાસે ભણ્યો. પિતાશ્રી તેને રોજ નવકારથી બધા જ સૂત્ર બોલાવતા (ખાલી નવી ગાથા નહીં ! બધા જ સૂત્રો !) તેનો પ્રભાવ એ કે બધા સૂત્ર કંઠસ્થ જ રહેતા. ૮ વર્ષની ઉંમરે સંઘમાં ૨૦૦૦ ભાઈઓ વચ્ચે અતિચાર બોલેલો. આજે દીક્ષા લીધા પછી ૧૮મા વર્ષે પણ શ્રાવકોના અતિચાર તેઓ લગભગ અસ્ખલિત બોલી શકે છે !

   જો કે, શિક્ષક આવું કરી શકે નહીં, તેની પાસે તેટલો સમય ન હોય. પણ જો માતા કે પિતા રોજ (છેવટે અઠવાડિયે ૧ વાર) અડધો કલાક પુનરાવર્તન માટે કાઢે તો બધું ઉપસ્થિત રહે. જે બાળકનું ઉપસ્થિત રહે તેના માતા-પિતાનું બહુમાન કરવું જોઈએ !!

૨. પ્રકરણ ૧ માં જણાવ્યું છે તેમ પ્રતિક્રમણ કરાવવાથી, સૂત્રો વારંવાર બોલાવવાથી ઉપસ્થિત રહે છે.

૩. પ્રકરણ ૧૧ માં જણાવ્યું છે તેમ, હોંશિયાર બાળકોને, બીજા બાળકોને ભણાવવાનું સોંપવાથી તેમના સૂત્રો ઉપસ્થિત રહે.

૪. બધા માટે લાગુ પાડી શકાય, તેવી પદ્ધતિ છે, નિયમિત પુનરાવર્તન..

   ૧૫ દિવસે ૧ દિવસ પુનરાવર્તન માટે કાઢવો જોઈએ. સરખો અભ્યાસ કરતાં બે વિદ્યાર્થીઓ સામસામે બેસે – વારાફરતી પહેલેથી સૂત્રો બોલે – બીજો ભૂલ કાઢે... જેની વધુ પડતી ભૂલો આવે કે અશુદ્ધિઓ આવે, તેને આગળનો અભ્યાસ બંધ

કરાવીને પાકું કરવાનું ફરજિયાત કરવું. ૧૫ દિવસ પછીના દિવસે તે જ બે વિદ્યાર્થીઓને સામસામે બેસાડવા; સૂત્રોનો ક્રમ બદલવો.

દા.ત. પહેલીવાર વિદ્યાર્થી 'ક' - ૧ લું સૂત્ર બોલ્યો
વિદ્યાર્થી 'ખ' - ૨ જું સૂત્ર બોલ્યો
તો બીજીવાર માં વિદ્યાર્થી 'ક' - ૨ જું સૂત્ર બોલશે
વિદ્યાથી 'ખ' - ૧ લું સૂત્ર બોલશે.

જગપ્રસિદ્ધ મહેસાણા પાઠશાળામાં આ જ પદ્ધતિ છે. તેથી જ ત્યાં ભણેલાના સૂત્રો શુદ્ધ અને કડકડાટ જ હોય છે.

[મને ખબર છે કે આની સામે પણ પ્રશ્નો થશે. →

a. ભણાવવાનો સમય માંડ મળે છે, ત્યાં પુનરાવર્તનનો સમય ક્યાંથી કાઢવો?
આનો જવાબ આ રીતે → કોઈ દુકાનનો માલિક એમ કહે - 'માલ વેચવાનો સમય માંડ મળે છે, પૈસા લેવાનો સમય ક્યાંથી કાઢવો ?' તો શું કહેશો ? એ જ કે પૈસા માટે તો માલ વેચવાનો છે. તે ન લેવાના હોય તો માલ વેચેલો પણ શા કામનો ?
તો અહીં પણ આ જ જવાબ છે. યાદ રાખવા માટે તો ભણવાનું છે. યાદ જ ન રાખવાનું હોય તો ભણેલું શા કામનું ?

b. પુનરાવર્તનના દિવસે જ બાળકો નહીં આવે.
આનો સરળ ઉપાય એ કે સતત બે વાર પુનરાવર્તનમાં ગેરહાજર રહેનાર બાળકને કુપન વગેરે બધા ઈનામો મળતા બંધ થઈ જાય, તેવો નિયમ બનાવવો.
પુનરાવર્તન ફરજિયાત રહે.
જો શિક્ષકની ધગશ-ઈચ્છા હશે તો આ સફળ થશે જ. વારંવાર કહેવાયું છે તે ફરી જણાવીએ - ૧૦૦ જણાને અપૂર્ણ-અશુદ્ધ ભણાવવા કરતાં ૧૦ ને પૂર્ણ શુદ્ધ ભણાવીને ઉપસ્થિત રખાવવામાં બધી રીતે વધુ લાભ છે.]

પુનરાવર્તનમાં બધું સરસ બોલનારને વિશેષ પ્રોત્સાહન - ૧ ના બદલે ૪/૫ કુપન આપી શકાય.

૫. ઉપર જણાવ્યું તેમ રોજ પહેલેથી સૂત્રો લેવા શક્ય નથી. પણ જે સૂત્રની ગાથા ગોખી રહ્યો હોય તે સૂત્ર રોજ શરૂઆતથી લેવું. સૂત્ર બહુ મોટું હોય તો છેલ્લી ૫ ગાથા રોજ લેવી - એ તો શક્ય બની જ શકે. એટલું થાય તો પણ યાદ રહેવાની શક્યતા ૪-૫ ગણી વધી જશે. એકવાર આ નિયમ દાખલ કરવામાં અઘરું લાગશે, પણ તેનો અભ્યાસ થયા પછી સરળ બનશે અને તેના અગણિત લાભ વિદ્યાર્થીને પણ સમજાશે.

બાકી પાઠશાળામાં ૧૫-૧૬ ગાથાની લઘુશાંતિ જેવું સૂત્ર ગોખવાનું પૂર્ણ થયા પછી પણ આખું કરીને આપવામાં બાળકો ૨-૩ દિવસ લગાડી દેતા હોય છે. તે અનુભવ સહુનો હશે.

આ પદ્ધતિમાં શિક્ષકનો સમય વધુ જાય; પણ આગળ જણાવ્યું છે તે રીતે દર ૨૦/૩૦ બાળકે ૧ શિક્ષક હોય તો પહોંચી વળાશે.

પુનરાવર્તનની વ્યવસ્થા જો યોગ્ય હોય, તો પરીક્ષા-પ્રતિક્રમણ વગેરેમાં સફળતા બહુ સરળતાથી મળી શકે.

## ૭. ફી

એક મહત્ત્વની વિચારણા છે, પાઠશાળાના વિદ્યાર્થીઓ માટે ફી રાખવી જોઈએ કે નહીં ? વર્ષોથી પાઠશાળામાં પ્રાયઃ ફી લેવાતી નથી. ઊલ્ટું આવનારને પ્રભાવના અપાય છે, પરીક્ષાના ઈનામો અપાય છે, યાત્રાઓ કરાવાય છે, વગેરે. પણ ફી ન લેવાના કેટલાક નુકસાન પણ છે.

૧. શ્રીમંત વર્ગમાં (મોટા ભાગના જૈનો આ વર્ગમાં છે) એવી વ્યાપક માન્યતા છે કે, જેટલી કિંમત વધુ, તેટલો માલ સારો.
   સ્કુલ મોંઘામાં મોંઘી જ જોઈએ. (બીજી વધુ સારી હોય તો પણ !) કાર મોંઘામાં મોંઘી જ જોઈએ. (બીજી વધુ સારી હોય તો પણ!)
   મફત મળતું હોય તેમાં દમ ન હોય; તેવું તેઓ માને છે. એટલે મફત પાઠશાળામાં બાળકોને મોકલે જ નહીં. ફી હોય તો – 'અહીં કાંઈક હશે – વ્યવસ્થિત સંચાલન હશે – શિક્ષક સારું ભણેલા (highly educated) હશે,' તેવી માન્યતા ઊભી થાય છે, તેથી મોકલવા પ્રેરાય છે.

૨. વધુ મોંઘી ચીજ એ વધુ મોટા 'સ્ટેટસ' નું કારણ બને છે, તેવો આજનો સમાજ છે. (કાર જેમ મોંઘી, તેમ સ્ટેટસ વધુ.) એટલે મફત પાઠશાળા છોડીને, સ્ટેટસ માટે પોતાના બાળકોને ફીવાળી અન્ય પંથની સંસ્થામાં મોકલનારા જૈનો પણ જોયા છે !

૩. ફી ન હોય તો માતા-પિતા પાઠશાળામાં હાજરી અને અભ્યાસ માટે બેદરકાર બને છે. મહિને ૧૦૦૦-૨૦૦૦ ની ફી ભરી હોય તેવા ડાન્સિંગ કલાસમાં / ટ્યુશનમાં એકેય ખાડો નહીં પાડે, પાઠશાળામાં ૩૦માંથી ૧૫ ખાડા પાડશે... ન મોકલવામાં (વ્યવહારિક-બાહ્ય) કોઇ નુકસાન દેખાતું નથી ને ! ફી ભરી હોય તો, બાળક નહીં જાય તો પૈસા નકામા જશે; એવી લાગણી થવી સહજ છે, તેથી હાજરી વધે છે, એ પણ અનુભવસિદ્ધ હકીકત છે.

૪. તે જ રીતે ફી ન ભરી હોવાથી, પાઠશાળા જઈને આવેલો બાળક ભણ્યો કે નહીં ? આગળ વધ્યો કે નહીં ? તેનું ધ્યાન રાખવાની ચિંતા નથી થતી. ''ન ભણ્યો તો શું બગડ્યું ? જઈ તો આવ્યો.'' તેવો પણ બેફિકરાઈનો ભાવ આવી જાય. કારણ કે આમ પણ પાઠશાળામાં ન ભણવામાં બીજું કોઈ દેખીતું નુકસાન નથી હોતું. ફી ભરી હોય તો ભણતર માટે પણ જાગૃતિ આવે, કારણ કે નહીં તો પૈસા નકામા ગયા તેવી લાગણી થાય.

૫. અત્યંત સ્થિતિસંપન્ન જૈનોના સંતાનો પણ પાઠશાળામાં મફત ભણતા હોય, ઈનામો મેળવતા હોય; તો પણ તેમના પરિવારજનો પાઠશાળામાં દાન આપવા

પ્રત્યે મોટે ભાગે ઉદાસીન જોવા મળે છે. અને તેથી, આવા બાળકોનો આર્થિક બોજ પણ સંઘના નિયત કેટલાક દાતાઓ ઉપર જ આવે છે, જે ઘણીવાર પૂરો નથી પણ થતો અને તેના કારણે સારા પગારો / પ્રોત્સાહન આપી નથી શકાતા. ફી હોય તો આર્થિક બોજ ઘણો ઘટી જાય.

ફી રાખવાની વિરુદ્ધમાં મોટે ભાગે બે દલીલો સંભળાઈ છે.

૧. કોઈ બાળકોને મોકલશે જ નહીં.

૨. બધા વિરોધ કરશે.

આનો જવાબ આ મુજબ. →

૧. સંસ્કાર વાટિકા, Look n Learn, Learn & Turn વગેરે ફીથી ચાલતી પાઠશાળાઓએ જબરદસ્ત સફળતા મેળવી છે. એટલે 'કોઈ મોકલશે નહીં' એ વાત બિનપાયેદાર છે. હા, કદાચ કોઈ પરિવાર તેટલી ફી ભરવા શક્તિમાન્ ન હોય તો અપવાદ રાખી જ શકાય છે.

૨. વિરોધ થવાની સંભાવના ઘટી છે, કારણકે આ વાત સ્વીકૃત થઈ રહી છે. અને છતાં વિરોધ થાય તો ઉપરના કારણો દ્વારા સમજાવાય. ૨-૪ ના વિરોધની ઉપેક્ષા પણ કરવી પડે. કોઈ પણ ફેરફાર કદી વિરોધ વિના થતો નથી. વિરોધથી ડરનારા કદી નવું કંઈ કરી શકતા નથી. અને શાળામાં વર્ષે ૨૫ હજારથી લાખ રૂપિયાની ફી આપનાર, પાઠશાળામાં વર્ષે ૧૦૦૦-૨૦૦૦ આપવા તૈયાર ન થાય તો તેને અપાત્ર માનવો પડે. કંઈ ૨૫-૫૦ હજારની ફી લેવાની તો નથી જ ને!

કદાચ એકાદ-બે વ્યક્તિ તે કારણે પોતાના બાળકોને ન મોકલે તો ઉપેક્ષા કરવી.

વળી ફીમાંથી કમાણી તો કરવાની નથી જ. પગાર-પ્રભાવનાનો ખર્ચો જ કરવાનો હોય છે. અને મોટે ભાગે સારું ભણનાર વિદ્યાર્થીને ફી કરતાં વધુ તો પ્રભાવના-ઈનામ મળી જ જતા હોય છે.

જો કે પૂર્વે બધી પાઠશાળા મફત જ હતી; પણ વર્તમાન સામાજિક ચિત્ર જોતાં લાગે છે કે ફીવાળી પાઠશાળા વધુ સફળ થશે.

હા, ફી રાખ્યા પછી શિક્ષકો/કાર્યકર્તાઓની જવાબદારી વધશે; તેઓ answerable બનશે, જાગૃત વાલીઓ નબળા પરિણામની ફરિયાદ કરશે; પણ તે એકંદરે સારા માટે જ હશે, તેવું લાગે છે. ઝઘડાળુ વ્યક્તિ અયોગ્ય ફરિયાદ લઈને આવે તો ફી પરત કરી દેવાથી વાત પૂરી થઈ જાય.

**ફી કેટલી લેવી ?** તે વિષયમાં અમારું મંતવ્ય આમ છે કે ફીની આવક, શિક્ષકના પગાર (+બોનસ વગેરે) પૂરું કરી દે તેટલી હોય, તો પાઠશાળા self-dependent બને. પ્રભાવના-ઈનામ વગેરે ફંડમાંથી થાય.

આગળ જણાવ્યું છે કે ૨૦ થી ૩૦ બાળક દીઠ ૧ શિક્ષક હોવા જોઈએ. ત્રૈમાસિક ફી

રૂ.૫૦૦ લેવાય, તો પણ ૧ શિક્ષકને (રોજના ૧ કલાકના) વર્ષે ૪૦ થી ૬૦,૦૦૦ રૂપિયા મળે, માસિક ૩૫૦૦ થી ૫૦૦૦ થાય, જે સારો પગાર ગણાય. વર્તમાનમાં પ્રાયઃ આનાથી વધુ પગાર તો અપાતો નહીં હોય. વાર્ષિક ૨૫૦ દિવસ પાઠશાળા ચાલુ રહેતી હોય તો ૨૦૦૦ રૂા. ની ફી એટલે દિવસના ૧૦ રૂા. પણ ન થાય, જે વધુ નથી. અને બાળક રોજની ૧ ગાથા કરે તો પણ પ્રભાવના રૂપે ૫ રૂા. તો મળી જ જાય. ઉપરાંત પરીક્ષાના ઈનામો વગેરે પ્રોત્સાહનો મળીને સરેરાશ બાળકને પણ તેટલું વળતર મળી જ રહે. હોંશિયાર બાળક તો ઘણું વધુ ઈનામ મેળવે. એટલે વાસ્તવિક રીતે ફી લઈને તેને પરત જ આપવાની થાય, જેનો વિરોધ કોઈ કરે, તો ઉપેક્ષણીય જ બને.

વહીવટી કાર્ય ઘટાડવા ત્રણ, છ કે બાર મહિનાની ફી ભેગી જ લેવી વધુ ઉચિત જણાય છે.

# ૮. નિયમિત હાજરી

પાઠશાળાની એક બહુ મોટી સમસ્યા બાળકોની અનિયમિતતા છે. ૧ દિવસ આવે, ૧ દિવસ ન આવે... ૨૫૦ દિવસ ચાલુ રહેતી પાઠશાળાના હાજરી પત્રકમાં ૧૦૦ વિદ્યાર્થીના નામ હોય, પણ ૧૦૦ થી વધુ હાજરી ૨૫ વિદ્યાર્થીની પણ ન દેખાય ! રોજની સરેરાશ હાજરી ૪૦-૫૦ માંડ હોય ! અનિયમિતતાની સીધી જ અસર અભ્યાસ પર થાય... અભ્યાસ ધીમો થાય, ભૂલી જાય, ફરી કરવું પડે, અશુદ્ધ થાય. શિક્ષકનો પણ ઉત્સાહ તૂટી જાય.

આના કારણો શું ? અને ઉપાય શું ?

૧. માતા-પિતાને બાળક પાઠશાળા ન જાય તો નુકસાન થાય છે - એવી લાગણી પ્રાયઃ નથી. (સ્કૂલ/ટ્યુશન/હોમવર્ક/વિવિધ ક્લાસ માટે તેવી લાગણી હોય છે.) તેથી તેઓ બેદરકાર રહે છે. ગયો કે નહીં તેનું ધ્યાન ન રાખે. ન જાય તો વાંધો ન લે - સમજાવે/પટાવે નહીં. પરાણે ન મોકલે.

   આના ૩ ઉપાય મને જણાય છે.

   અ. નિયમિત આવનાર બાળકની સફળતા - પ્રગતિ વગેરે; તેનું સન્માન વગેરે જાહેરમાં પ્રસારિત થાય તો આપોઆપ માતાને 'મારો દીકરો પણ આવો બને' એવી ઈચ્છા થશે અને નિયમિતતા લાવશે.

   બ. ફી રાખવી, જે પૂર્વેના પ્રકરણમાં જણાવ્યું છે.

   ક. માતા-પિતાને પાઠશાળામાં બાળકના નિયમિત આવવાથી થતા લાભ-ન આવવાથી થતા નુકસાન સમજાવવા. આ કાર્ય મહાત્માઓ પ્રવચનથી કરી શકે. વાલીમિલન રાખીને પણ કરી શકાય.

૨. બાળકને પણ અનિયમિતતાથી થતા નુકસાનો ખબર નથી. આના ઉપાય રૂપે-

   અ. કુપન પદ્ધતિ, જે પ્રકરણ-૨ માં જણાવી છે, તે દાખલ કરવી જોઈએ. ગેરહાજર રહેવાથી જલદી કુપન ભેગી નહીં થાય, બીજાથી પાછળ રહી જઈશ; એવી ભાવના તેના મનમાં પેદા થશે, તો નિયમિત બનશે.

   બ. કુપન-પરીક્ષા વગેરેના ઈનામો ઓછામાં ઓછી ૫૦% હાજરી આપનારને જ મળશે, એવું પણ નિર્ણીત-જાહેર કરી શકાય. તેથી નિયમિતતા વધશે. અને તદ્દન અનિયમિત બાળકો પાછળનો ખર્ચ બચી જશે. તેવા બાળકો આવતા બંધ થઈ જાય તો ય ચિંતા ન કરવી. આમ પણ તેઓ કશું ભણવાના નથી - શિક્ષકનો સમય જ બગાડવાના છે. ઊલ્ટું તેઓ ન આવે તો બીજા નિયમિત બાળકો પર વધુ ધ્યાન આપી શકાશે.

ક. વાર્ષિક યાત્રાપ્રવાસ, વાર્ષિક કાર્યક્રમમાં સ્ટેજ પ્રોગ્રામ વગેરેમાં ઓછામાં ઓછી ૫૦-૬૦-૭૦% હાજરી આપનારને જ તક મળશે, તેવું પણ કરાય.

આવા ઉપાયો દ્વારા નિયમિતતા વધી શકે છે. જો કે (બ) અને (ક) માટે, હાજરી પૂરવા-રૂપ વહીવટી કાર્ય વધે છે; પણ તેનાથી મળતું પરિણામ, તે મહેનતને વસૂલ કરનારું બને છે, તે વાસ્તવિક હકીકત છે. અને મોટાભાગની પાઠશાળાઓમાં હાલ પણ હાજરી પૂરાય છે, તેથી કોઈ નવું કાર્ય ઊભું થતું નથી. ઘણાં મોટા સંઘોમાં સ્ટાફની હાજરી પૂરવા બાયોમેટ્રિક સાધનો (ફિંગર પ્રિન્ટથી હાજરી પૂરવી વગેરે) હોય જ છે; તેનો ઉપયોગ પણ પાઠશાળાની હાજરી પૂરવા થઈ શકે.

ડ. એક વિકલ્પ એવો પણ મૂકી શકાય કે જેટલા ટકા હાજરી હશે, તેટલા ટકા ફી, હાજરીના ઈનામ રૂપે આપી દેવામાં આવશે

- હાજરી ક્યારે લેવી ? એ પણ એક મહત્ત્વની વિચારણા છે. છેલ્લે હાજરી લેવાતી હોય તો ઘણાં બાળકો છેલ્લી ૧૦-૧૫ મિનિટ આવીને હાજરી પૂરાવી જાય, ભણે પણ નહીં; તેવું બને તેવું જોયું છે.

  અમારું સૂચન આ છે -

  જો કુપન પદ્ધતિ દાખલ કરવામાં આવી હોય, તો ગાથાની કુપન આપતાં જ હાજરી પૂરી લેવી. જેટલા શિક્ષકો હોય તે દરેકના વિદ્યાર્થીઓનું હાજરીપત્રક જુદું જ રાખવું. આનાથી સમય બચશે, વહીવટ બચશે. વળી ગાથા કરે તો જ હાજરી પૂરાય તેવો નિયમ બનવાથી ગાથા ફરજીયાત કરશે. વધારામાં જરૂર હોય તો (શિક્ષકને યાદ ન રહેતું હોય તો) હાજરીની સાથે બાળકે કઈ ગાથા આપી ? તેની પણ નોંધ કરી શકાય. જે દિવસે ગાથા લેવાની જ ન હોય, તે દિવસે પાઠશાળા શરૂ થયાની ૫-૧૦ મિનિટમાં જ હાજરી પૂરી લેવી. જેથી પહેલેથી આવવાનો નિયમ બને. આવા દિવસે વચ્ચેથી રજા આપવાની ન જ હોય, એ તો સ્પષ્ટ છે.

- જે બાળકે ગાથા કરી લીધી હોય તેને જવું હોય તો જવા દેવો કે પાઠશાળા પૂરી થાય ત્યાં સુધી બેસાડી જ રાખવો ? આ પણ એક મહત્ત્વની વિચારણા છે.

  બેસાડી રાખવાનું ફરજીયાત કરીએ, તો

  - બેસવાનું જ હોવાથી ઝડપથી ગાથા ન કરે. (રજા મળતી હોય તો ફટાફટ ગાથા કરી લે.)
  - બાળકોને ટયૂશન વગેરેના કારણે સમય ન હોવાથી પાઠશાળા આવવાનું બંધ કરી દે.
  - બેઠાં બેઠાં અવાજ-તોફાનમસ્તી કરે, બીજાનો અભ્યાસ બગાડે. એ નુકસાનો છે.

રજા આપી દઈએ તો

- પાઠશાળા શિસ્તબદ્ધ ન રહે. બાળકો ગમે ત્યારે આવે, ગમે ત્યારે જાય, તેવું થયા કરે.
- મોટા ભાગના બાળકો ૨ – ૩ – ૪ – ૫ ગાથા ગોખવાની શક્તિ હોવા છતાં ૧ જ ગાથા ગોખીને રવાના થઈ જાય.

આ નુકસાનો છે.

આ બંને વચ્ચેનો નિર્ણય બહુ મુશ્કેલ છે, કારણ કે બંને તરફની દલીલો વજૂદવાળી અને વજનવાળી છે. છતાં વર્તમાનકાળમાં, ૧ ગાથા કરીને જતો હોય તો પણ જવા દેવો; એવું અમને વધુ ઉચિત લાગે છે. શક્તિસંપન્ન બાળકને વધુ બેસીને વધુ ગાથા કરવાનું મન થાય તે માટે કુપન પદ્ધતિ રાખવાની ભલામણ તો કરેલી છે જ.

# ૯. સંખ્યા

પાઠશાળાના કાર્યકર્તા / સંચાલકોની સૌથી મોટી ફરિયાદ છે, બાળકો આવતાં જ નથી, સંખ્યા જ થતી નથી.

આનાં કારણો અને ઉપાયોનો વિચાર કરીએ.

a. શિક્ષકનો સૌમ્ય સ્વભાવ ન હોવો.

b. શિક્ષકની અનિયમિતતા.

c. પાઠશાળાનો સમય અનુકૂળ ન હોવો.

d. પાઠશાળામાં સારો અભ્યાસ ન કરાવાતો હોય અથવા સારો અભ્યાસ કરાવાય છે, તેવું લોકોને પ્રતીત ન થતું હોય.

e. યોગ્ય પ્રોત્સાહનોનો અભાવ.

f. યોગ્ય વ્યવસ્થાનો અભાવ.

g. યોગ્ય પ્રચારનો અભાવ.

h. બાળકો પાસે સમયનો અભાવ – સ્કૂલના ભણતર – ટ્યુશન વગેરેનો બોજ.

i. 'બાળકોને પાઠશાળા મોકલવા જોઈએ' તેવા સંસ્કારનો માતા-પિતામાં જ અભાવ.

વગેરે કારણો છે.

અમારું માનવું છે કે કોઈપણ સંઘમાં ઘરદીઠ સરેરાશ ૧ બાળક તો ૫ થી ૧૫ વર્ષની ઉંમરનું હોય જ. અર્થાત્ જેટલા ઘર, તેટલા બાળકો હોય. પાઠશાળામાં તેના કેટલા ટકા બાળકો આવતા હોય છે ? તે પ્રશ્નનો જવાબ ૧૦ થી ૨૫% માંડ રહેવાનો છે. કાર્યકર્તા કે શિક્ષક, માત્ર ફરિયાદ કર્યા કરે, તેનો અર્થ નથી. દુકાન ખોલીને બેઠેલો માણસ " માલ વેચાતો નથી" તેની ફરિયાદ કરે ? કે કેમ નથી વેચાતો ? કોનો વેચાય છે ? શા માટે ? તે બધી તપાસ કરીને ઉપાય કરે ?

જિનશાસન આપણને આપણી પોતાની પેઢી લાગે, તો આપણને પણ એમ કરવાનું મન થાય.

સંખ્યા વધારવાના ઉપાયો આ હોઈ શકે.

૧. જો શિક્ષકમાં સ્વભાવ-નિયમિતતા વગેરેની ગંભીર ખામી હોય, તો તેમને બદલવા જ પડે. તે નહીં કરાય તો બાકીના લાખ પ્રયત્નો પણ નિષ્ફળ જ જશે.

૨. પ્રોત્સાહક ઈનામો – કુપન, પરીક્ષા વગેરે જે સ્વતંત્ર પ્રકરણોમાં જણાવ્યા છે તેમાં કંજૂસાઈ ન ચાલે. આજની તારીખમાં ૧ પાઠશાળામાં ગાથાદીઠ ૦.૫૦ પૈસા અપાતા જોયા છે ! જે સમયે ૧ સામાન્ય નવકારશીની ડીશ ૬૦-૭૦ રૂા. માં પડે છે, ત્યાં જ્ઞાનપ્રસારમાં આટલી કંજૂસાઈ એ કાળની બલિહારી છે. છૂટા હાથે

ઈનામો આપો. જો પરિણામ સારું લાવી બતાવશો તો દાનવીરો ઢગલા કરી દેશે. આ અનુભવ છે.

૩. વ્યવસ્થા અંગે મહત્ત્વની વાતો.

અ. સમય : પાઠશાળાનો સમય શિક્ષક પોતાને અનુકૂળ નક્કી કરી નાખે તે ન ચાલી શકે. મોટે ભાગે સવાર-બપોર બંને શિફ્ટમાં સ્કૂલો હોય છે, એટલે સાંજનો - સૂર્યાસ્ત પછી તરતનો સમય લગભગ સૌથી વધુ અનુકૂળ આવતો જોયો છે.

બ. કેટલાક સ્થાનોમાં સ્કૂલબસ/રિક્ષા/કારની જેમ પાઠશાળાના સમયે લેવા/મૂકવા જવા માટે રિક્ષાની વ્યવસ્થા છે, અને તેનું સુંદર પરિણામ પણ જોયું છે.

ક. પાઠશાળાની જગ્યા વારે-વારે ફરતી રહે, સંઘમાં કોઈ કાર્યક્રમ હોવાથી પાઠશાળા વારંવાર બંધ રહે તે પણ ન ચાલે. નિયત સ્થાન હોવું જોઈએ, અને અતિવિશિષ્ટ કાર્ય વિના બંધ ન રહેવી જોઈએ.

૪. પ્રચાર -

- જાહેર વાર્ષિક મેળાવડા, સ્ટેજ પ્રોગ્રામ
- પર્યુષણાદિ પ્રસંગોના વ્યાખ્યાનોમાં, વિશિષ્ટ સફળતા મેળવનાર બાળકોનું બહુમાન
- વારંવાર બોર્ડ પર પરીક્ષાના પરિણામ વગેરેની જાહેરાતો વગેરે દ્વારા પ્રચાર થઈ શકે.

આ બધું ટૂંકમાં જણાવ્યું. અતિશય મહત્ત્વની બે વાતો અમારે આ પ્રકરણમાં કરવી છે.

**૧. Result Oriented Approach. (પરિણામલક્ષી અભિગમ)**

બાળકો પાસે પાઠશાળા માટે સમય નથી, માતા-પિતા બાળકને પાઠશાળા મોકલવા નથી માગતા... આ દલીલો સર્વથા ખોટી નથી; પણ તેની સામે આ જ માતા-પિતા આ જ બાળકોને અનેક પ્રકારની ઈતર પ્રવૃત્તિના ક્લાસ પૈસા ખર્ચીને પણ કરાવે જ છે. તેનું મન કેમ થાય છે ? તેનો સમય ક્યાંથી મળે છે ? માનસશાસ્ત્રીય રીતે અમારું તારણ એ છે કે જેમાં સમય/સંપત્તિનો ભોગ આપ્યા પછી બાળકને કંઈક આવડે; બીજાની સામે કંઈક કરી દેખાડતો થાય તેમાં માતાને અવર્ણનીય આનંદ મળતો હોય છે; અને તેના માટે તે બધી મહેનત કરવા તૈયાર હોય છે.

આપણી પાઠશાળાનું માળખું એવું છે કે, તેમાં જનાર બાળકને ૩/૬/૧૨ મહિનામાં આટલું આવડી જ જશે; આટલું બોલતો થઈ જ જશે, તેવી કશી ખાતરી આપણે આપતા નથી. પાઠશાળા જનારા બાળકોમાં તેવું કશું પરિણામ પણ દેખાતું નથી. ઊલ્ટું ઘણીવાર તો ૧-૨ વર્ષ પાઠશાળા ગયેલ બાળકની પ્રગતિ શૂન્ય લાગે, કશું જ બોલી ના શકતો

હોય... તેથી માતા-પિતાને બાળકને પાઠશાળા મોકલવાનું મન થતું નથી, તેના માટે સમય કાઢતા નથી.

આ તારણ અતિશય ગંભીર છે, અને લગભગ આખી વર્તમાન સમસ્યાનું મૂળ છે. જો આ કારણને સમજીને તેનું નિવારણ નહીં કરાય તો સફળતા મળવી મુશ્કેલ જણાય છે. અને જો કરાશે, તો સફળતા કદાચ હાથવેંતમાં છે.

આ તારણ સાવ કાલ્પનિક નથી...

(અ) સફળ થયેલી પાઠશાળાઓ

(બ) સફળ થતી શિબિરો

(ક) સફળ થતાં અન્ય પ્રયોગો - સંસ્કાર વાટિકા વગેરે... એને પુષ્ટ કરે છે.

એક દષ્ટાંત →

આ પુસ્તકના માર્ગદર્શક દાદર આરાધના ભવન સંઘમાં ઉનાળામાં રહેલા હતા. ઉનાળાના વેકેશનમાં પાઠશાળા સર્વથા બંધ જ થઈ જાય. કારણ પૂછ્યું - કહેવામાં આવ્યું - 'કોઈ આવતું જ નથી. ૪-૫ બાળકો પણ નહીં.' સામાન્યથી જે પાઠશાળામાં ૩૫-૪૦ વિદ્યાર્થીઓ આવતા હોય ત્યાં સંખ્યા આટલી ઘટી કેમ જાય ? વાસ્તવમાં તો વેકેશનમાં સંખ્યા વધવી જોઈએ. કારણકે સ્કૂલ ચાલુ હોય ત્યારે સ્કૂલ-ટ્યુશન-હોમવર્કના કારણે પાઠશાળામાં ન આવી શકનાર પણ વેકેશનમાં આવી શકે. યુવાન કાર્યકર્તાઓને સૂચિત કરાયું - એક નુસખો કરો. ઉનાળામાં "Summer Camp" ના નામે આયોજન કરો. બેનર લગાડો, ફરફરિયા વહેંચો. ૧૦૦/૨૦૦ રૂા. ફી રાખો. તેમાં (૧ મહિનામાં) શું કરાવાશે ? તેનું લિસ્ટ આપો.

તેમને ગમ્યું, કર્યું, અને માની શકશો ? ૧૮૦ ફોર્મ ભરાયા ! ના પાડવી પડી. ૩ વર્ષથી એ પ્રવૃત્તિ નિરંતર-સુંદર ચાલે છે !

આ બધો અનુભવ બતાવે છે કે મૂળભૂત રીતે પાઠશાળાનો ઢાંચો ફેરફાર માંગે છે.

નવો ઢાંચો કેવો હોવો જોઈએ, તેની વિચારણા આવી છે.

a. પાઠશાળામાં ગમે ત્યારે દાખલ થઈ શકાય તેવું નહીં. સ્કૂલની જેમ નિયત સમયે જ દાખલ થવાનું. વર્ષમાં બે જ વાર.

b. ૬ મહિના માટે પ્રવેશ મળે. ફી રૂા. ૧૦૦૦/-. દર ૬ મહિને નવી ફી ભરવાની રહે. ફી શા માટે રાખવી જરૂરી છે, તે સ્વતંત્ર પ્રકરણમાં જણાવ્યું છે.

c. ૬ મહિનાનું ૧ ધોરણ - એવા અભ્યાસક્રમ બનાવવા. ૬ મહિનામાં પાઠશાળા ૧૨૫ થી ૧૫૦ દિવસ ચાલુ હોય. તેમાં ૧૦૦ દિવસ હાજર રહેનાર મધ્યમ ક્ષયોપશમવાળો વિદ્યાર્થી અભ્યાસ પૂરો કરી શકે, તેવો જ અભ્યાસક્રમ બનાવવો.

d. તે અભ્યાસ પૂરો કરે તેને કુપન-પ્રતિક્રમણ-પરીક્ષાના ઈનામ રૂપે ૧૦૦૦ રૂપિયાનું વળતર મળી જ જાય, તેવા ઈનામો રાખવા.

e. ૫૦% થી ઓછી હાજરી હોય તો ઈનામ ન મળે, પરીક્ષા ન આપી શકે, ફી જપ્ત થાય, તેવો નિયમ કરવો. જેથી નિયમિતતા વધે.

f. છ મહિનાના અંતે પરીક્ષા ફરજીયાત રહે. પરીક્ષા ન આપે / ઉત્તીર્ણ ન થાય તો તે જ ધોરણમાં ચાલુ રહે, આગળ ન વધે. ફી ફરી ભરવી પડે.

આ માળખામાં કુપન-પ્રતિક્રમણ-૨૦/૩૦ વિદ્યાર્થી દીઠ શિક્ષક વગેરે અન્યત્ર જણાવેલું સર્વ સમજી લેવું. (અન્યત્ર, અભ્યાસ પૂરો થયે તરત પરીક્ષા બતાવી છે, તે વર્તમાન માળખાને અનુલક્ષીને છે, આ રીતના માળખા માટે નહીં; તે ધ્યાનમાં રાખવું.) આ પદ્ધતિ અપનાવાય તો અમને લાગે છે કે નિશ્ચિતપણે પરિણામ સુંદર આવશે.

૨. બીજી મહત્વની વાત છે, **પાઠશાળાનો પ્રચાર**. પાઠશાળા ચાલુ કરી દેવાય; જાહેરાત કરી દેવાય એટલે પ્રચારની ઈતિ નથી થતી.

ઉત્સાહી કાર્યકરો, ઘણું કરી શકે.

- લગભગ દરેક સંઘો પાસે સભ્યોની માહિતી હોય છે. તેમાંથી તેમના સંતાનોની વિગતો અલગ કરીને કોણ કોણ પાઠશાળા નથી આવતું; તેની વિગત તપાસી તેમનો રૂબરૂ, ફોન વગેરેથી સંપર્ક કરીને પાઠશાળા મોકલવા આગ્રહ કરવો જોઈએ. જાહેરાત કરતાં રૂબરૂ કે ફોન કેટલી વધુ અસર કરે છે, તે તો સહુએ salesman દ્વારા વેચાતી વસ્તુઓમાં અનુભવ્યું હશે જ.
- કોઈ બાળક પાઠશાળા આવવાનું બંધ કરી દે, તો પણ ફોન દ્વારા / રૂબરૂ પૂછવું જોઈએ. કોઈ સમસ્યા હોય તો દૂર કરવી જોઈએ. આળસ હોય તો પ્રેરિત કરવા જોઈએ. (દૃષ્ટાંત - એક યુવાને પાઠશાળા બંધ કરી દીધી. તેના મિત્રે રૂબરૂ જઈને આળસ દૂર કરી - ફરી આવતો થયો, પછી વર્ષો સુધી આવ્યો. ભણ્યો, ભણાવ્યું, સક્રિય રહ્યો. સંઘમાં/ સંસ્થામાં પણ સક્રિય બન્યો-રહ્યો.)
- **સાંસ્કૃતિક કાર્યક્રમ** બાળકોને ખેંચવામાં સફળ બનતું આયોજન છે, પણ ઘણીવાર અનુભવાયું છે કે તેની તૈયારી માટે પાઠશાળામાં ૧ - ૨ મહિના સુધી અભ્યાસ બંધ કરાવી દેવામાં આવે છે. એ ઉચિત નથી. હવેલી લેતા ગુજરાત ખોવા જેવો ઘાટ થાય.

અમારા અનુભવમાં એક સફળ કાર્યક્રમ Quiz નો છે. જુદી જુદી પાઠશાળાઓ - જુદા જુદા ગ્રુપો વચ્ચે નિયત વિષય/પુસ્તકની Quiz ગોઠવાય. Quiz માં ભાગ લેવા માટે પાઠશાળામાં ૫૦% હાજરી ફરજીયાત હોય. જાહેરમાં Quiz નું આયોજન થાય, સારા ઈનામો અપાય. મુલુંડમાં ઘણા વર્ષો સુધી આનું આયોજન થતું હતું અને સુંદર પરિણામો મળતા હતા.

અ. Quiz માટે હોંશિયાર વિદ્યાર્થીઓ તે વિષયનો તલસ્પર્શી અભ્યાસ કરીને

કંઠસ્થ કરે.

બ. Quiz માં ભાગ લેવા મળે તે માટે હોંશિયાર વિદ્યાર્થીઓ પાઠશાળા આવે/ચાલુ રાખે.

ક. જાહેરમાં બાળકોની પ્રતિભા વગેરેથી ખુશ થયેલ દાતાઓ દાન ઉદાર હાથે આપે.

ડ. પાઠશાળામાં નહીં આવનાર બાળકના માતા-પિતાઓને "મારા બાળકને પણ મારે આવો તૈયાર કરવો છે" તેવી ઈચ્છા થતાં પાઠશાળા મોકલે.

આમાં તૈયારી વિદ્યાર્થીઓ સ્વયં કરે, તે પણ અભ્યાસરૂપ જ હોય; એટલે અભ્યાસ બગડવાનું નુકસાન ન રહે. વળી કોઈ વિશેષ ખર્ચ (ટ્રેનિંગ, સંગીત, ડ્રેસ કશું નહીં) પણ ન આવે. વર્ષમાં આવો એક કાર્યક્રમ ઘણાં સારા પરિણામ લાવે છે.

- લગભગ ઉનાળુ વેકેશન પછી જૂનમાં આ કાર્યક્રમ રાખી શકાય.
- જાહેરાત વેકેશન પૂર્વે કરી દેવી, જેથી તૈયારી થઈ શકે.
- વિષયો - પ્રાથમિક અભ્યાસના - જેમ કે તપોવનની તત્ત્વજ્ઞાન પુસ્તિકાઓ વગેરે રાખી શકાય.

**ખાસ :** એક પાઠશાળાના જાહેરાતપત્રમાં રોજના એવોર્ડ્ઝ - વધુમાં વધુ ગાથા, શિસ્ત વગેરે અને તેના ઈનામ... આવું જોયેલું. તેની શરૂઆત સુંદર થયેલી પણ ધીમે ધીમે પડી ભાંગ્યું.

અમારું તારણ એ છે કે વહીવટી બોજ વધુ પડતો હોય, તેવું કાર્ય લાંબુ ન ચાલે. પ્રમાણસરનું કાર્ય જ થઈ શકે. વળી શિક્ષક પર ભણાવવા સિવાયનો આવો બધો વહીવટી બોજ હોય તો ભણાવવામાં ધ્યાન ઓછું થવાથી સફળતા મુશ્કેલ બને.

વર્ષોના અનુભવનું એક તારણ તો સ્પષ્ટ છે કે Result - પરિણામ જે પ્રચાર કરી શકે છે, તે કોઈ જાહેરાતો-બેનરો-ચિત્રો-પોસ્ટર-કાર્યક્રમ-ઈનામથી થતો નથી; થાય તો દીર્ઘજીવી હોતો નથી. નક્કર પરિણામ એ જ શ્રેષ્ઠ પ્રચાર છે. અને તે નિયમિતતા, શુદ્ધિ, પરીક્ષા, પ્રતિક્રમણ, કુપન વગેરે બતાવેલ યોજનાઓથી જ થઈ શકશે.

# ૧૦. પ્રશ્નોત્તરી

બાળક એટલે પ્રશ્નોનું કારખાનું - તેને પ્રશ્નો કરવા દેશો તો કરતો જ રહેશે અને તેનું જ્ઞાન વધતું જશે, બુદ્ધિ ખીલતી રહેશે. જો કે રોજ તેના માટે સમય ન કાઢી શકાય; પણ મહિને એકાદવાર પ્રશ્નોત્તરીનું આયોજન થઈ શકે, કરવું જોઈએ. જેમાં બાળકો પ્રશ્ન પૂછે, તેના જવાબ અપાય. તેમાં આટલું ધ્યાન રાખવું.

- શિક્ષકને જેનો ખ્યાલ ન હોય, તેમાં ગોળ-ગોળ જવાબ ન આપવો; પણ આ વાત જ્ઞાની ભગવંતો જાણે, એમ સ્પષ્ટ કહેવું.
- કેટલાક જવાબો બાળક સમજી શકે તેવા ન હોય/તેમને કહેવાય તેવા ન હોય (કહેવાથી શ્રદ્ધા-ભક્તિ-બહુમાન વધવાના બદલે ઘટે તેવા હોય) તેમાં 'મોટા થશો ત્યારે સમજાશે' તેમ કહેવું. દા.ત. ધર્મમાં પુરૂષની પ્રધાનતા શા માટે? તે.
- જે જવાબ શ્રદ્ધાથી જ સ્વીકારના છે, ત્યાં તર્ક કરવાની મહેનત ન કરવી. ''બધાના જવાબ ન હોય... શ્રદ્ધાથી માનવાનું'' એમ પણ કહેવું. દા.ત.બટેટાનાં એક કણમાં અનંત જીવો છે, તે.

અમારો અનુભવ છે કે બાળકને જેની પાસેથી પોતાની જિજ્ઞાસાના સમાધાન મળે, તેની સાથે વિશિષ્ટ આત્મીયતા સધાય છે, અને પછી તેના દ્વારા કહેવાયેલું કાર્ય ઉલ્લાસથી કરે છે. અને જ્ઞાનવૃદ્ધિ તો થાય જ છે. એટલે પ્રશ્નોત્તરી પણ કરવી.

બાળકો પ્રશ્નો કરવાની હિંમત ન કરે, તો તેમના મનમાં રહેલા / થતાં પ્રશ્નોને સામેથી ઊભા કરીને જવાબ આપવાથી તેમની હિંમત ખૂલશે.

# ૧૧. શિક્ષક

પાઠશાળાની સફળતાનો સહુથી મોટો આધાર (કદાચ એકમાત્ર આધાર) **શિક્ષક** છે. શિક્ષકને જો માત્ર ઔપચારિક જવાબદારી પૂરી કરવાનો કે માત્ર પગાર લેવાનો જ રસ હશે, તો ગમે તેવી સારી વ્યવસ્થા, ગમે તેટલા પ્રોત્સાહક ઈનામો-આર્થિક ખર્ચ, કશું નહીં કરી શકે. એટલે સારા શિક્ષક અનિવાર્ય છે.

શિક્ષકમાં આટલું હોવું અનિવાર્ય ગણાય.

૧. શુદ્ધ ઉચ્ચારપૂર્વકનું અસ્ખલિત સૂત્રજ્ઞાન.

૨. વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો ઉત્સાહ-રસ, પાઠશાળાની પ્રગતિની ધગશ.

૩. સૌમ્ય સ્વભાવ... શિસ્ત માટે સામાન્ય કડકાઈ જરૂરી છે; પણ મુખ્યતયા પ્રેમ-વાત્સલ્ય જોઈએ. વધુ પડતી કડકાઈ તો વિદ્યાર્થીઓ સહન કરી શકે નહીં.

[અમારો ૧ અનુભવ - ૧ શહેરમાં ૧ નવી પાઠશાળા શરૂ થઈ. નવયુવાન - ૧૮ વર્ષની ઉંમરના શિક્ષકના પ્રેમાળ સ્વભાવ, પ્રોત્સાહક ઈનામો, કાર્યકરોની ધગશ-દેખરેખના કારણે ૬ મહિનામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦ થી ઉપર થઈ ગઈ. ધીમે ધીમે ૧૧૫-૧૨૦ સુધી પહોંચી.

૧ શિક્ષક સ્વાભાવિક રીતે પહોંચી ન વળવાથી બીજા શિક્ષક રાખ્યા. ઉંમરલાયક વૃદ્ધ હતા. સૂત્રજ્ઞાન સારું; પણ અતિશય કડક. ૬૦ બાળકો તેમને સોંપાયા. કડક એટલા કે ચોપડીમાંથી મોઢું ઊંચું થાય તો 'એય ! મૂંડી નીચે !' એમ બૂમ મારે. ૩ મહિનામાં સંખ્યા ૬૦ માંથી ૬ થઈ ગઈ. તેમને રજા આપવી પડી.]

૪. નિયમિતતા : સમયસર આવવું. વિના કારણે રજાઓ ન પાડવી. શિક્ષકની અનિયમિતતાથી પાઠશાળા પડી જ ભાંગે; એ નિયમ જ સમજવો. તે ચાલી શકે જ નહીં.

૫. મધ્યસ્થતા - કોઈનો પક્ષપાત નહીં. યોગ્યને આગળ વધારવા. પરીક્ષા વગેરેમાં કોઈ માયા નહીં.

આટલા પાયાના ગુણો ઉપરાંત કથાકુશળતા, વિવિધ પ્રવૃત્તિઓની આવડત, પદાર્થોની સરળ રજૂઆત-છણાવટ વગેરે વધારાના ગુણો હોય તો ઉત્તમ ગણાય.

આટલું શિક્ષકના ગુણો વિશે કહ્યું.

હવે શિક્ષકોની વ્યવસ્થા વિશે...

૧. ૧ શિક્ષક, ૧ કલાકમાં ૨૦ વિદ્યાર્થીને સારી રીતે ભણાવી શકે.. વધુમાં વધુ ૩૦; તેથી વધુ તો નહીં જ. તેમાં ય ઘણાં વિદ્યાર્થીઓ હોંશિયાર હોય; ૧ કલાકમાં ૪-૫ ગાથા કરતા હોય તો ૧૫ ને માંડ ભણાવી શકાય.

એટલે દર ૨૦ થી ૩૦ વિદ્યાર્થીએ એક શિક્ષક હોવા જરૂરી ગણાય. ૬૦-૮૦-૧૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે ૧ શિક્ષક હોય તો અભ્યાસની ગુણવત્તા ટકી રહે, એ પ્રાયઃ અસંભવ છે.

આ વાત પર કાર્યકરોના બે પ્રશ્નો આવશે.

અ. શિક્ષકો મળતા નથી.

બ. તેટલા પગારખર્ચની સગવડ નથી.

આ સમસ્યાના બે ઉકેલ છે.

i. સંઘમાં જ જે શ્રાવિકા બહેનો ભણેલા હોય તેમને સેવા આપવા માટે પ્રોત્સાહિત કરવા. કાર્યકર્તાઓ ઘણીવાર કહેતા હોય છે કે ઘણી જાહેરાત કરીએ છીએ, કોઈ તૈયાર થતું નથી. એ માટે જણાવવાનું કે બહુ ઓછી વ્યક્તિઓ આ રીતે તૈયાર થશે. આપણાં પરિચયમાંથી યોગ્ય વ્યક્તિને ગોતીને, તેનો સંપર્ક કરીને, યોગ્ય રીતે બહુમાનપૂર્વક વિનંતી કરાય, તો પ્રતિસાદ મળવાની શક્યતા ઘણી જ વધારે છે. દૃષ્ટાંત દ્વારા આને સ્પષ્ટ કરીએ.

   a. ગોરેગામ - જવાહરનગર સંઘ, મુંબઈનો અગ્રગણ્ય આરાધક સંઘ છે. ત્યાં પાઠશાળામાં યોગ્ય શિક્ષક જોઈતા હતા. ટ્રસ્ટીશ્રી મફતભાઈ જોગાણી (જેમણે પાછળથી દીક્ષા લીધી) એ એક સમર્થ વ્યક્તિને ઘરે જઈ વિનંતી કરી. તેમણે તે સ્વીકારી અને આજે તે વ્યક્તિ - ૨૯ વર્ષથી રોજના ૩ કલાક નિઃસ્વાર્થ-માનદ્ સેવા આપે છે ! 'મંગળદાસ સર'ના નામે સંઘમાં અતિ જાણીતું વ્યક્તિત્વ છે.

   b. દાદર-આરાધના ભવનમાં જ્ઞાનભંડાર સંભાળનાર યોગ્ય વ્યક્તિની જરૂર હતી. મહારાજ સાહેબે - રોજ વ્યાખ્યાનમાં આવનાર ૧ યુવાનને વ્યક્તિગત ભલામણ કરી, રોજનો અડધો કલાક જ્ઞાનભંડારમાં આપો. આજે તે સુશ્રાવક મહેશભાઈ છેડા ૪ વર્ષથી આરાધના ભવન અને જ્ઞાનમંદિરનો જ્ઞાનભંડાર સુવ્યવસ્થિત સંભાળે છે.

   c. મલાડ - હીરસૂરિ સંઘમાં જ્ઞાનભંડાર સંભાળતા સેવંતીભાઈના પ્રસંગમાં પણ તેવું જ બન્યું છે.

તાત્પર્ય એ જ કે, "જાહેરાત કરી દીધી, કોઈ નથી આવતું, અમે શું કરીએ ?" આવી વૃત્તિ એ પલાયનવાદ છે. ઉત્સાહ હોય તો યોગ્ય વ્યક્તિને શોધીને વ્યક્તિગત વિનંતી કરવી જોઈએ. લાભ કેટલો મળે ? તે ઉપરના દૃષ્ટાંતોમાં સ્પષ્ટ છે. માત્ર આંગળી ચીંધવા દ્વારા પુણ્ય બાંધવાનું છે.

ii. બીજો વિકલ્પ એ છે કે, સારું ભણેલા-હોંશિયાર વિદ્યાર્થીઓને જ શિક્ષક બનાવી દેવા...

આ અનુભૂત વિકલ્પ છે. જે વિદ્યાર્થીના બે/પાંચ પ્રતિક્રમણ પૂરા થઈ ગયા હોય, હોંશિયાર હોય, તે શરૂની ૧૫/૨૦ મિનિટમાં પોતાની ૧-૨ (કે ૪-૫) ગાથા કરી લે, આપી દે; પછી ભણાવવામાં સહાયતા કરે... ૧૦-૧૨ વિદ્યાર્થી તેને સોંપેલા હોય. આ પદ્ધતિના પુષ્કળ ફાયદા અનુભવાયા છે.

a. સૌ પ્રથમ તો આ વિદ્યાર્થીઓના પૂર્વના સૂત્રોનું પુનરાવર્તન થવાથી તેમના સૂત્રો પાકાં રહે છે.

b. તેમને કંઈક વિશિષ્ટ સન્માન મળ્યાની લાગણી (Intellectual Satisfaction) થવાથી, તેઓ જલદી પાઠશાળા છોડતા નથી. તેના કારણે તેઓ ઉચ્ચ અભ્યાસ પણ કરે છે.

c. શિક્ષક પરનો બોજ હળવો થાય છે. વિદ્યાર્થીઓ વહેંચાઈ જવાથી બધા પર સારું ધ્યાન આપી શકાય છે.

d. શિક્ષક રજા પર હોય, ગેરહાજર હોય, મોડા થયા હોય ત્યારે આ વિદ્યાર્થીઓ જ પાઠશાળા સંભાળી લે છે, બંધ નથી રહેતી. આના લાંબા ગાળાના પરિણામો બહુ મહત્ત્વના હોય છે. પૂર્વે જણાવ્યું છે કે નિયમિતતા, પાઠશાળાની સફળતાનું મહત્ત્વનું અંગ છે.

e. જિનશાસનને એક નવો શિક્ષક મળે છે...

આ પુસ્તકના માર્ગદર્શક પોતે આ રીતે જ વિદ્યાર્થીમાંથી શિક્ષકના સહાયક બન્યા, તેથી જ કોલેજ-એન્જીનીયરીંગના અભ્યાસ છતાં પાઠશાળા છોડી નહીં; આગળ જતાં મુલુંડની ૧૮ પાઠશાળાઓને સંકલિત કરતી અનેક પ્રવૃત્તિઓમાં મુખ્ય સંચાલક મંડળમાં સક્રિય રહ્યા.

આવા વિદ્યાર્થીઓનું વાર્ષિક મેળાવડા વગેરેમાં ઉચિત સન્માન કરવું; પ્રશંસા કરવી, તે તેમના માટે પ્રોત્સાહક બની રહેશે.

૨. જ્યારે એકથી વધુ શિક્ષક હોય ત્યારે, શિક્ષકદીઠ વિદ્યાર્થીઓની વહેંચણી કરી દેવી. દરેક વિદ્યાર્થીએ ચોક્કસ શિક્ષક પાસે જ અભ્યાસ કરવાનો નિયમ રાખવો.

આવું ન હોય તો →

a. વિદ્યાર્થી એકની એક ગાથા જુદા જુદા શિક્ષકને આપે તેવું બની શકે.

b. વિદ્યાર્થીની અશુદ્ધિ કે પ્રગતિના અભાવ માટે કોઈ શિક્ષક જવાબદાર નહીં રહે. પરિણામે અશુદ્ધિ રહે; પ્રગતિ ન થાય તેવી સંભાવના રહેશે.

c. વિદ્યાર્થીના સારા અભ્યાસ માટે જશ લેવા શિક્ષકો વચ્ચે ખેંચતાણ થઈ શકે.

આ વહેંચણી મધ્યસ્થ વ્યક્તિએ કરવી. પૂર્વે જણાવ્યું છે તેમ સ્ત્રીઓમાં ઈર્ષ્યા એ સહજ ઘટના છે; એટલે સ્ત્રી શિક્ષિકા બહેન જ વહેંચણી કરે તો તેમાં અસંતોષ ઊભો થવાની શક્યતા રહેશે (સમર્થ વિદ્યાર્થીને પોતે જ ભણાવે, નબળા વિદ્યાર્થી

બીજાને સોંપે-તેવું બને). એટલે, કાર્યકર્તાએ આ કાર્ય કરવું - યોગ્ય નિયમો બનાવવા.

**શિક્ષકોનો પગાર** - શિક્ષકોને અપાતો અપૂરતો પગાર, એ એક વ્યાપક સમસ્યા છે. (જો કે, શિક્ષકો દિલ દઈને કામ નથી કરતાં એ ફરિયાદ પણ ઘણીવાર વજૂદવાળી હોય છે.) પગારની રકમ તો તે-તે દ્રવ્ય-ક્ષેત્રાદિને આધીન રહે. પણ એટલું તો કહીશું કે, રોજના ૬ કલાક ભણાવીને પોતાના (૫-૬ જણાંના) પરિવાર નો ખર્ચ કાઢી શકે (ખાધાખોરાકી, મકાનભાડું, બાળકોનું શિક્ષણ, દવા વગેરે) તેટલો પગાર તો ૧ કલાકનો હોવો જોઈએ. એટલે કે ૫-૬ જણાના કુટુંબના સરેરાશ ખર્ચના છટ્ઠા ભાગનો તો હોવો જોઈએ. ૬ કલાકથી વધુ ભણાવે, તો બચત થાય; જે ભવિષ્યમાં જરૂરી બને. પણ તેવો પગાર લગભગ જોવા મળતો નથી. જો શિક્ષકના બાળકોની શિક્ષણ ફી, તેમના માતા-પિતાના દવા-ખર્ચ વિગેરે જો તે-તે ક્ષેત્રની સાધર્મિક ભક્તિ કરતી સંસ્થાઓ ઉપાડી લે તો પણ તેમનું કાર્ય સરળ બને.

ઓછું પગારધોરણ અને સમાજમાં ઉતરતું સ્થાન આ બે કારણો જ એવા છે કે, જેના લીધે ખાનદાન ઘરના-શક્તિશાળી બાળકો આ ક્ષેત્રમાં આવવા તૈયાર નથી. 'પાઠશાળાના શિક્ષક કોણ બને ? જેને આજીવિકા માટે બીજું કોઈ સાધન નથી, તે' આવી હાલ વ્યાપક પરિસ્થિતિ અને માન્યતા બંને છે. અને તેવી વ્યક્તિ મોટે ભાગે અલ્પ ક્ષયોપશમવાળી રહેવાની છે. જેના પર ભવિષ્યનું સંપૂર્ણ જિનશાસન તૈયાર થવાનું છે, તેની પરિસ્થિતિ જો આવી હોય, તો ભવિષ્યના શાસનનું ચિત્ર શું હશે ?

આ પરિસ્થિતિને સુધારવી હોય તો પગારના ધોરણ સુધારવા પડે; પણ તે અસંભવ જણાય છે (૬ કલાક ભણાવનાર શિક્ષકને મહિને ૫૦,૦૦૦ નો પગાર હોય, તેવું આજે માની પણ શકાય તેમ નથી !) અને પગારના ધોરણ સુધર્યા વિના આ પરિસ્થિતિ સુધરવાની નથી.

તેનો ઉપાય એ જ છે કે જે આર્થિક કારણે નહીં, પણ શાસનસેવા માટે ભણાવવા તૈયાર થાય તેમ છે, તેવી સંપન્ન શ્રાવિકાઓને તૈયાર કરવી, જેની વાત પૂર્વે કરી છે.

જ્ઞાનદાનના બદલામાં મહેનતાણું લેવું તે ખાનદાન વ્યક્તિને કદી ગમશે નહીં; પણ જો આજીવિકાની જરૂર હોય જ, તેને આના જેવું તદ્દન નિરવદ્ય, આત્મહિતકર બીજું કોઈ સાધન પણ નથી; એ વાત પણ જણાવવી રહી.

નિઃસ્વાર્થ સેવા આપનાર શિક્ષકોનું ઉચિત બહુમાન થવું જોઈએ. આ બાબતે મોટે ભાગે કાર્યકર્તાઓ ટૂંકા પડતા જોયા છે. પગાર મહિનાનો ૨૦૦૦ આપવા તૈયાર હોય; પણ પગાર ન લે તો વાર્ષિક બહુમાન ૫૦૦-૧૦૦૦માં પતાવી દે ! ૨૪૦૦૦ ના પગારનું કાર્ય કરનારનું બહુમાન ૧૧૦૦૦ થી કરવાથી તેનો ઉત્સાહ ટકી રહે અને સંઘના દર વર્ષે ૧૩૦૦૦ રૂપિયા બચે, આટલી દીર્ઘદૃષ્ટિ પણ ઘણી લાંબી વણિકબુદ્ધિ ધરાવનારા

કાર્યકર્તાઓમાં જોવા નથી મળતી, એ પંચમ કાળની બલિહારી જ ગણવી ને!!

શિક્ષક અંગે એક મહત્ત્વની વાત એ કે ઘણાં સ્થાને પાઠશાળાના શિક્ષકને 'ગુરૂજી' કહેવાય છે. આ ઉચિત જણાતું નથી. જિનશાસનમાં ગુરૂતત્ત્વ-પંચ મહાવ્રતધારી છે. શિક્ષક લૌકિક ગુરૂ ગણાય; પણ તેને ગુરૂજી તરીકે સંબોધવા ઉચિત જણાતા નથી. વર્તમાન વ્યવસ્થામાં પુરૂષ શિક્ષક માટે 'સર' શબ્દ વપરાય છે, તે, અથવા અંગ્રેજી કઠતું હોય તો 'સાહેબ' શબ્દનો ઉપયોગ થઈ શકે. (જો કે મહારાજ સાહેબ માટે પણ સાહેબજી વપરાય છે; પણ સાહેબ શબ્દ અન્ય ઘણાં સ્થાને અન્યો દ્વારા પણ વપરાય છે જ, જેમ કે મામલતદાર સાહેબ વગેરે... એટલે તેમાં વાંધો નથી.)

સ્ત્રીશિક્ષક માટે 'બહેન' શબ્દ જ ઉચિત ગણાશે. 'ટીચર' ઉચિત નથી, કારણ કે તે બહુમાનવાચક નથી.

# ૧૨. ફંડ

કાર્યકર્તાઓની એક મોટી સમસ્યા ફંડ એકઠું કરવાની હોય છે. જો કે અમારો અનુભવ એવો છે કે સારા સંચાલનવાળી અને સારું પરિણામ દેખાડનાર પાઠશાળાને ફંડની સમસ્યા નડતી નથી. ફંડ કરવાના ઉપાયો આ મુજબ છે.

૧. વાર્ષિક મુખ્ય લાભાર્થીનો આદેશ.

શ્રીસંઘમાં જન્મવાંચન જેવા દિવસે આ ચડાવો બોલી શકાય. (ગોરેગામ જવાહરનગરમાં આ આદેશ ૪ - ૫ લાખ કે વધુ રૂપિયામાં જાય છે.) મુખ્ય પાઠશાળા - તત્ત્વજ્ઞાન પાઠશાળા - વજ્રસ્વામી પાઠશાળા - આમ જુદી જુદી પાઠશાળાઓ ચાલતી હોય, લાભ લેનાર ભાગ્યશાળી મળે તેમ હોય તો જુદા જુદા ચડાવા પણ બોલી શકાય.

૨. માસિક આદેશો/નકરા.

૩. પાઠશાળાની ટીપ.

૪. સંઘમાં સાધારણ-પાઠશાળા-આયંબિલ વગેરે બધા ખાતાની સંયુક્ત ટીપ થઈ શકે, જેમાં નિશ્ચિત ભાગ પાઠશાળા ખાતે લઈ જવાય. (જેમ કે ગોરેગામ - જવાહરનગરમાં પર્યુષણમાં સુકૃતવલ્લી યોજનાની ટીપ થાય છે. ૧ આનીના ૬૩૦૦ રૂા. લેખે લેવાય છે, તેમાંથી ૫૦૦ રૂા. પાઠશાળા ખાતે લઈ જાય છે. લગભગ ૧૦૦૦ આનીનું ફંડ થાય છે. પાઠશાળા માટે રૂા. ૫ લાખનું ફંડ થઈ જાય છે.)

- ફંડની જવાબદારી કાર્યકર્તાઓની જ છે. તે જવાબદારી શિક્ષકો પર મૂકવી કે બાળકો પર મૂકવી તે કદાપિ યોગ્ય ન ગણાય.
- પૂર્વે જણાવ્યા મુજબ જો ફી રાખવામાં આવે તો ફંડની જવાબદારી ઘણી ઘટી જાય...

# ૧૩. કાર્યકર્તા

કોઈપણ સંસ્થાની સફળતાનો આધાર નેતૃત્વ પર હોય છે. પાઠશાળા માટે મોટે ભાગે એવું જોવા મળે છે કે સંઘના વહીવટદારો ફંડ કરી દે, શિક્ષક રાખી લે, વર્ષે મેળાવડો કરી લે એટલે માને છે કે અમારું કામ પૂરું થઈ ગયું. આ રીતની પાઠશાળા વિશેષ સફળ થવાની શક્યતા ઓછી છે.

જે પાઠશાળા માટે એક સૂઝબૂઝવાળી વ્યક્તિ સંપૂર્ણ ધ્યાન રાખનાર હોય; સતત તેના માટે વિચારણા કરે, નિયમિત વ્યવસ્થા સંભાળે, આયોજનો કરે; તો જ પાઠશાળા સફળ થાય. શાંતિનગર (ઉસ્માનુપરા-અમદાવાદ) ની પાઠશાળાની સફળતા ઈન્દ્રવદનભાઈના કારણે છે. ગોરેગામ - જવાહરનગરની પાઠશાળા સફળ થઈ હતી, તો બચુભાઈ (જે આજે દીક્ષિત છે)ના કારણે. આવા અડધો ડઝન દૃષ્ટાંત તો નજર સામે છે. એટલે મહત્ત્વની વાત એ છે કે પાઠશાળાની પાછળ *dedicated* એક કાર્યકર્તા જોઈએ જ. જે કાર્યકર્તા સંઘના બીજા ઘણાં કામો સંભાળતો હોય તે પાઠશાળા સારી રીતે સંભાળી શકે તેવું દેખાતું નથી. મોટે ભાગે એવું જોવાય છે કે દેરાસર, મહારાજ સાહેબ, આયંબિલ ખાતા પર નિયમિત ધ્યાન આપનારા અગ્રણીઓ હોય છે, પણ પાઠશાળા શિક્ષકના ભરોસે છોડી દેવાય છે. (જો કે ઘણીવાર શિક્ષકને જ સત્તા હોય અને રસ હોય તો આવા કાર્યકર્તાનું સ્વરૂપ લઈ લે છે. દા.ત. સુરેન્દ્રભાઈ - બેંગલોર)

અમારી દૃષ્ટિએ સંઘમાં વ્યાખ્યાન પછીનું સૌથી મહત્ત્વનું અંગ પાઠશાળા છે; કારણ કે તે જ્ઞાનદાનનું કાર્ય છે, આરાધકો ઉત્પન્ન કરે છે. તેના પ્રત્યે જ આવું ઉપેક્ષિત વલણ કેમ ચાલે ? એટલે કોઈ એક વ્યક્તિએ પાઠશાળાની સંપૂર્ણ જવાબદારી લેવી જરૂરી છે, અને તેને સંપૂર્ણ સત્તા પણ વહીવટી મંડળે આપવી જોઈએ. તો જ તે કામ કરી શકે.

કાર્યકર્તાએ કરવાના કાર્યો.

૧. શિક્ષકની નિમણૂંક, તેમની નિયમિતતા પર ધ્યાન.
૨. ગાથા-હાજરી વગેરેની કુપનોના સમયસર ઈનામો આપવા.
૩. પ્રતિક્રમણની વ્યવસ્થા, તેના ઈનામો.
૪. પુનરાવર્તન વ્યવસ્થિત થાય તેનું ધ્યાન રાખવું.
૫. પરીક્ષાનું આયોજન-પરીક્ષકોની વ્યવસ્થા અને ઈનામો.
૬. ફી રાખી હોય તો તેનું કલેક્શન, હિસાબ.
૭. હાજરી અંગેના જે નિયમો હોય, તેના પાલન માટેની વ્યવસ્થા.
૮. પાઠશાળાનું સ્થાન નિયમિત રહે, બેઠક વ્યવસ્થા વગેરેનું ધ્યાન.
૯. સંખ્યા વધે તેના પ્રયત્ન.

૧૦. સંખ્યા વધે તો વ્યવસ્થા જાળવવા માટેના ઉપાયો.

૧૧. વાલી મિલન

૧૨. વાર્ષિક મેળાવડો / યાત્રા પ્રવાસ વગેરે...

ટૂંકમાં આ પુસ્તકમાં જણાવેલ સર્વ વ્યવસ્થાઓનું ધ્યાન રાખવાનું રહે. તે ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓ પણ કરાવી શકે તો સરસ. પણ તે, વધારામાં સમજવું.

તેમણે

- સમયનો નિયમિત ભોગ આપવો અને
- નવા વિચારોને આવકારવા – યોગ્ય હોય તો અમલમાં મૂકવા જરૂરી છે.

આવા કાર્યકર્તા જિનશાસનની એક નવી પેઢીને તૈયાર કરવાનો અણમોલ લાભ મેળવે. ૧૦ વર્ષ પાઠશાળા સંભાળે, તે ૫૦૦ થી ૧૦૦૦ નવા શ્રાવક-શ્રાવિકા તૈયાર કરવાનો લાભ મેળવે, જે નાનો સૂનો નથી.

જો કે આ પુસ્તક વાંચનારા શિક્ષકો/કાર્યકર્તાઓ જ છે, પણ તેમને પોતાના કાર્યની મહત્તા સમજાય તે માટે વિગતે જણાવ્યું છે.

# ૧૪. નાની પાઠશાળાઓ

મોટા શહેરોમાં ટ્રાફિક અને સુરક્ષા વગેરે સમસ્યાઓને કારણે, સંઘનું સ્થાન જો દૂર હોય તો ત્યાંની પાઠશાળામાં બાળકોને મોકલવા માતા-પિતા તૈયાર નથી થતા...

એનો એક સુંદર ઉપાય છે કે મોટા-ઘણી વસતિવાળા શહેરમાં અનેક પાઠશાળાઓ ચાલે. મોટી મોટી સોસાયટીમાં સ્વતંત્ર પાઠશાળા હોય.

પ્રાયઃ ૨૦-૨૫ ઘર વચ્ચે, એકાદ શ્રાવિકા તો સારું ભણેલા મળી જ આવે. તેઓ ઈચ્છે તો રોજ એકાદ કલાકનો સમય કાઢી જ શકે. અને તેમના કે આસપાસના કોઈ પણ ઘરમાં ૧ કલાક માટે ૧૦-૧૨ બાળકને બેસાડીને ભણાવી શકાય, તેવી જગ્યા પણ મળી જાય. (શાળાના ટ્યુશનો આ રીતે જ ચાલે છે.) આવા શ્રાવિકા બહેનો જો પોતે જ આ રીતે પાઠશાળા ચાલુ કરે, તો તેના ઘણાંબધાં લાભો છે.

- પોતાના આંગણે / અત્યંત નજીકમાં પાઠશાળા હોવાથી બાળકોને મોકલવા માતા-પિતા જલ્દી તૈયાર થઈ જાય.
- અત્યંત નજીક હોવાથી લગભગ લેવા-મૂકવા જવાની જરૂર ન રહે; એટલે તેની અગવડના કારણે પાઠશાળામાં દાખલ જ ન થવાની કે ગેરહાજર રહેવાની શક્યતા ઘટે.
- ટ્યુશન વગેરેના કારણે સમય ઓછો હોય તો પણ આવી પાઠશાળામાં વિદ્યાર્થી આવી શકે.
- શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા હોય જ/ ઊભી થાય; જેથી શિક્ષક વધુ લાગણીથી ભણાવે. ન આવ્યો હોય તો બૂમ મારીને બોલાવે, બીજે દિવસે પૂછે (જે મોટી પાઠશાળામાં પ્રાયઃ થતું નથી.) તેનાથી નિયમિતતા વધે.

અલબત્ત આ રીતની પાઠશાળા ચલાવવામાં કેટલાક ગેરફાયદા પણ છે.

- મોટી પાઠશાળામાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓથી વંચિત રહે.
- પ્રભાવના વગેરે વ્યવસ્થાઓ મુશ્કેલ બને.

તેનો ઉપાય એ છે કે

આવી બધી પાઠશાળાઓ, જે સંઘના ક્ષેત્રમાં ચાલતી હોય, તેની જવાબદારી તે-તે સંઘે લેવી જોઈએ. જે રીતે સંઘની પાઠશાળામાં પ્રભાવના વગેરે અપાતા હોય, તે રીતે આ પાઠશાળામાં પણ અપાવા જોઈએ. અને સંઘની પાઠશાળામાં શનિ-રવિવારે અભ્યાસ સિવાયની પ્રવૃત્તિઓ થતી હોય, તો આ બધી નાની પાઠશાળાઓના વિદ્યાર્થીઓએ શનિ-રવિવારે મોટી પાઠશાળામાં જ જવાનું ફરજિયાત રાખવું... તેવો નિયમ કરી શકાય.

અમને ખબર છે કે સંઘની પાઠશાળાના કાર્યકર્તાઓ/ શિક્ષકો આ વાત સ્વીકારવા જલ્દી

તૈયાર નહીં થાય, અને અનેક પ્રશ્નો ઊભા કરશે.

- સંઘની પાઠશાળા તૂટી જાય...
- નાની પાઠશાળાઓમાં પ્રભાવના વગેરે વહીવટનું ધ્યાન કેવી રીતે રાખવું ? વગેરે...

આ બધાની સામે અમારા જવાબ આ પ્રમાણે છે →

૧. સંઘના ક્ષેત્રમાં રહેતા દરેક બાળકને અધ્યયન માટે યોગ્ય સગવડ ઊભી કરવી, એ સંઘની ફરજ છે. વર્તમાનકાળે ટ્રાફિક વગેરે કારણે નાના બાળકો દૂર સુધી આવી ન શકે, તે વ્યાજબી સમસ્યા છે. તેનો આના સિવાય બીજો ઉકેલ નથી.

૨. આમ પણ, શિક્ષકો મળતા નથી. શિક્ષકની ક્ષમતા કરતાં વિદ્યાર્થીઓ વધારે છે, તે ફરિયાદ વ્યાપક છે. આ ઉપાયથી તે બંને સમસ્યાનું સરળ નિરાકરણ આવી જાય છે.

૩. સંઘની કેન્દ્રીય પાઠશાળામાં સંખ્યા ઓછી થાય તેથી 'તૂટી' ગઈ ના ગણાય. ધારો કે સંઘની પાઠશાળામાં ૧૦૦ વિદ્યાર્થી હોય, ૧ રૂમમાં ના સમાતા હોય તેથી ૨ રૂમમાં વિભાજિત કરાય તો તૂટી ગઈ ગણાય ? નહીં જ.

તો આ પાઠશાળાઓ પણ સંઘના જ ક્ષેત્રમાં અલગ અલગ સ્થાને ચાલે, તે સંખ્યાનું વિભાજન માત્ર છે. સંખ્યા ઘટતી નથી. ઊલટું, કુલ સંખ્યા વધે છે.

હા, દરેક નાની પાઠશાળામાં પ્રભાવના જો સંઘ તરફથી આપવાની હોય તો

- તે પાઠશાળા સંઘના નામે જ ચાલે (વિભાગ/વર્ગને જુદું નામ આપી શકાય).
- સંઘની પાઠશાળાના નિયમોનું પાલન થાય.

તેવી ફરજ અવશ્ય મૂકી શકાય. તેવા નિયમોની સૂચિ આ પ્રકરણમાં અંતે આપી છે.

૪. પ્રભાવનાદિ વહીવટમાં કાર્ય વધે, તે માનવું પડે; પણ તે અશક્ય નથી. યોગ્ય આયોજન દ્વારા બધું શક્ય બને છે.

જેનાં ઘણાં લાભ હોય, તેના માટે આવી મહેનત કરવામાં આળસ ન કરવી જોઈએ. આવી પાઠશાળાઓમાં શિક્ષકને પગારની અપેક્ષા હોય તો તે પણ આપવો જોઈએ. (ત્યાંના બાળકો પાસેથી જ ફી લઈને પણ આપી શકાય-જે વાત 'ફી' ના પ્રકરણમાં કરી છે.) અલબત્ત, ઓછામાં ઓછા ૨૦ બાળકો નિયમિત ભણતા હોય તો પગાર અપાય.

શિક્ષકો તૈયાર કરતી સંસ્થાઓ (મહેસાણા, તપોવન, નાકોડા) ની જે પરિસ્થિતિ દેખાય છે, તેમાં હવે 'સારા' શિક્ષકો તૈયાર થાય તે શક્ય જણાતું નથી. (ભરપૂર પ્રલોભનો આપવા છતાં પણ આ બધી પાઠશાળાને વિદ્યાર્થીઓ જ મળતા નથી, આ લખાય છે ત્યારે મહેસાણામાં માત્ર ૧૮ વિદ્યાર્થી છે !) અને શહેરોના વિકાસ, બાળકોને ઢગલાબંધ પ્રવૃત્તિ વચ્ચે સમયનો અભાવ વગેરે સમસ્યાઓ જોતાં અમને તો ભવિષ્યમાં આના સિવાય કોઈ ઉપાય દેખાતો નથી. મોટા ભાગની પાઠશાળાઓ આજે

પણ ડચકા ખાઈ રહી છે, ત્યારે આ ઉપાયથી ઘણા મોટા વર્ગને આવરી શકાય તેવું જણાય છે.

## શ્રી સંઘ સાથે પાઠશાળાના જોડાણ માટેના નિયમો.

૧. પાઠશાળા નિયત સમયે શરૂ થવી જોઈએ અને નિયત સમયે પૂર્ણ થવી જોઈએ.

૨. હાજરીપત્રક રાખવું અને નોંધ વ્યવસ્થિત કરવી.

૩. તે પાઠશાળાનાં બાળકોને સંઘ તરફથી અપાતી પ્રભાવના સિવાય કોઈ વ્યક્તિગત ઈનામ આપવા નહીં.

તેનું કારણ એ છે કે, તેવું થાય તો,

અ. તે પાઠશાળાના વિદ્યાર્થીઓના વાલીઓ તે પાઠશાળામાં જ દાન આપે, જેથી સંઘને દાન ન મળે.

બ. તે પાઠશાળાના વિદ્યાર્થીને ડબલ ઈનામ મળે (સંઘનું + પાઠશાળાનું), સંઘની પાઠશાળાના વિદ્યાર્થીને એક જ ઈનામ મળે, જે અનુચિત થાય.

૪. તે પાઠશાળાના નામે કોઈ ફંડ કરવું નહીં. તેનું કારણ પણ ઉપર જણાવ્યા મુજબ સમજવું.

૫. તે પાઠશાળાના કાર્યકર્તા અને શિક્ષક પોતાની જવાબદારી સમજીને હાજરી, કુપન વિ. વ્યવસ્થા સંભાળે, તેવા વિશ્વાસથી શ્રીસંઘ તે પાઠશાળાને પ્રોત્સાહન આપવા આર્થિક પીઠબળ પૂરું પાડે છે.

કોઈ ગેરવ્યવસ્થાના કારણે વિશ્વાસભંગ થાય, તો શ્રીસંઘ, આર્થિક પ્રોત્સાહન આપી શકે નહીં.

૬. બધો જ અભ્યાસ સંઘની પાઠશાળાના અભ્યાસક્રમ મુજબ કરાવવો.

૭. સંઘની પાઠશાળાના દરેક નિયમો લાગુ રહેશે.

૮. ભણાવનાર શિક્ષક, કોઈ વિદ્યાર્થી પાસેથી કોઈ પ્રકારની ટ્યુશન ફી વિ. લઈ શકશે નહીં.

# ૧૫. પ્રવેશ

પાઠશાળાના વર્તમાન માળખામાં તો ગમે ત્યારે નવા વિદ્યાર્થીને પ્રવેશ અપાય છે.

પ્રવેશ આપતી વખતે આટલું ખાસ કરવું.

- પ્રવેશ ફોર્મ ભરાવવું. જેનો નમૂનો આપેલ છે. ભરેલા ફોર્મ એક ફાઈલમાં રાખવા. ભવિષ્યમાં ગમે ત્યારે કામ લાગી શકે. (જૂની સંસ્થાઓ ૨૫-૫૦ વર્ષની ઉજવણી કરે ત્યારે આ વિગતો કામ લાગતી હોય છે)
  વર્તમાનકાળમાં ઉપલબ્ધ આધુનિક સગવડોમાં ફોર્મને સ્કેન કરીને ડિજિટલ ફોર્મેટમાં પણ સ્ટોર કરી શકાય છે.
- ફંડની અનુકૂળતા હોય તો પ્રવેશ સમયે સાપડો-પુસ્તક-થેલી વગેરે પ્રભાવના રૂપે આપી શકાય; જેથી બધા બાળકો પાસે એક સરખા થેલા વગેરે હોય.
- માતા-પિતા માટેનું સૂચનાપત્રક આપવું, તેનો પણ નમૂનો આપ્યો છે.
- ફી લેવાની હોય તો લેવી.

# પ્રવેશ પત્રક

વિદ્યાર્થીનું નામ : (નામ) ______ (પિતાનું નામ) ______ (અટક) ______

Photo

બાળક / બાળિકા : ______ જન્મ તારીખ : ______

જન્મ તિથિ : ______

પિતાનું પૂરું નામ: ______

ઘરનું સરનામું : ______

______ ઘરનો ફોન નં. : ______

વ્યવસાય : ______ ઓફીસ નં.: ______

મોબાઇલ : ______ ઇ-મેલ : ______

માતાનું નામ : ______ મો.: ______

પરિવારના વડીલનું નામ : ______

મૂળ વતન : ______ જ્ઞાતિ : ______

શાળાનું નામ : ______

ધોરણ : ______ માધ્યમ : ગુજરાતી / અંગ્રેજી/ હિન્દી

શાળામાં ગત વર્ષનું પરિણામ : ______

ધાર્મિક અભ્યાસ કેટલો થયો છે ? ______

પૂર્વે કોઈ પાઠશાળામાં અભ્યાસ કર્યો હોય તો તેનું નામ ______

પાઠશાળાના નિયમો અમે વાંચ્યા છે અને તે નિયમોને આધીન અમારા બાળકને પાઠશાળામાં દાખલ કરવા અમે ઇચ્છીએ છીએ.

માતાની સહી ______ પિતાની સહી ______

(બંનેની સહી ફરજિયાત છે)

આ પ્રવેશપત્રક pathshala.shrijainsangh.org પરથી download કરી શકાશે.

# વાલીઓને સૂચના

૧. બાળકને પાઠશાળા સુધી મૂકી જવાની અને સમય પર લઈ જવાની જવાબદારી વાલીની છે.

૨. પાઠશાળા મુખ્યત્વે દાતાઓના ઉદાર સહયોગથી ચાલે છે. ફી માત્ર ગંભીરતા લાવવા માટે છે. વાસ્તવમાં સારી રીતે ભણનાર વિદ્યાર્થીને ફી કરતાં ઘણું વધુ ઈનામ મળે છે. આપ બાળકોને સુંદર પ્રોત્સાહક ઈનામો મળે તેવું ઈચ્છતા હો તો ઉદાર હાથે સહયોગ આપશો.

૩. પાઠશાળા, આપના બાળકોને જ્ઞાની, ક્રિયાયુક્ત, સંસ્કારી બનાવવા માટે છે. પણ માત્ર અમારા પુરૂષાર્થથી એ શક્ય બને નહીં. આપનો ગંભીર, જાગૃત પુરૂષાર્થ તે માટે અનિવાર્ય છે. એટલે આપ તેના માટે પ્રયત્નશીલ રહેશો તેવી વિનંતી છે. તેના માટે આપે બે જ કાર્ય કરવાના છે.

a. પાઠશાળામાં જે અભ્યાસ કરાવાય છે, તે જીવનભર યાદ રહે, ઉપયોગી થાય તે માટે વાલીએ નિયમિત રીતે પુનરાવર્તન કરાવતા રહેવું જરૂરી છે.
દર અઠવાડિયે ઓછામાં ઓછો ૧ કલાક કાઢીને બાળકે આજ સુધી જેટલો અભ્યાસ કર્યો છે, તે બધાનું પુનરાવર્તન કરાવશો, તો અભ્યાસ કરાવવા માટે આપણે અને અભ્યાસ કરવા માટે બાળકે કરેલી મહેનત ખરેખર સાર્થક થશે. આની ઉપેક્ષાના કારણે બાળક બધું ભૂલી જશે, તો મહેનત નિષ્ફળ જઈ શકે છે. બાળકને પાઠશાળામાં ભણાવવા પાછળનું પ્રયોજન સરશે નહીં. તેના આત્માનું હિત નહીં થાય.

b. રોજ પાઠશાળાથી પરત આવેલા બાળક પાસે, આજે શું અભ્યાસ કર્યો ? તે પૂછવાથી બાળક અભ્યાસ માટે ગંભીર બનશે. ક્યાંક બાળસહજ ચેષ્ટાથી અભ્યાસ પ્રત્યે બેદરકાર બન્યો હશે તો આપને તરત ખ્યાલ આવશે.

૪. આપનું કોઈપણ સૂચન/ફરિયાદ, કાર્યકર્તાને જણાવશો. કાર્યકર્તાનું નામ ______________ નંબર ______________. શિક્ષકને ખલેલ ન પહોંચાડવા વિનંતી.

૫. જે શિક્ષણ લગભગ નકામું છે, તેવા સ્કૂલ વગેરેના શિક્ષણ માટે હજારો રૂપિયા આપ ખર્ચો છો, ૬-૮ કલાક શાળામાં મોકલો છો, ટ્યુશન કરાવો છો, હોમવર્ક કરાવો છો, પરીક્ષા માટે ભરપૂર તૈયારી કરાવો છો અને જે શિક્ષણ આલોક/પરલોકમાં કામ લાગનારું છે, જીવનમાં શાંતિ-સમાધિ, પરલોકમાં સદ્‌ગતિ અપાવનારું છે, તમારું ઘડપણ સુધારનારું છે, તે માટે તમે ઉપેક્ષા કરો તો કેમ ચાલે ? બાળક નિયમિત હાજરી આપે, નિયમિત ભણે તે માટે તમે પ્રયત્નશીલ રહેશો તો તમને જ લાભ થશે.

# ૧૬. બેઠક વ્યવસ્થા

કોઈક સ્થાનોમાં 'બેંચ' પર પાઠશાળા ચાલે છે. એ ઉચિત જણાતું નથી કારણ કે

- બેંચ પર બેસવામાં ચંચળતા આવવી સ્વાભાવિક છે. પલાઠી વાળીને બેસવામાં એકાગ્રતા આવે.
- બેંચમાં કોઈ ફાયદો તો નથી જ. બાળકોને પલાઠી વાળીને બેસવામાં તકલીફ હોતી નથી.
- વિદ્યાર્થીઓ બેઠાં રહે, શિક્ષક ઊભા ઊભા ભણાવે, તે અવિનય છે. આર્ય મર્યાદા નથી.

એટલે બાળકો હારબંધ પલાઠી વાળીને બેઠા હોય. આગળ સાપડો-પુસ્તક હોય; શિક્ષક ગાદી પર બેઠા હોય, તે જ પાઠશાળાનું દૃશ્ય ઉચિત જણાય છે. તેમાં બહુમાન, વિનય, સંસ્કૃતિ, અને શાસનની મર્યાદા બધું સચવાય છે.

બેંચવાળી સિસ્ટમમાં સ્કૂલ / કોલેજની જેમ વિદ્યાર્થીઓ શિક્ષકની મશ્કરી કરતાં થઈ જાય તો આશ્ચર્ય નથી!

*[એક વાત સ્પષ્ટ કરીએ કે, સેવાની ભાવનાથી ચાલતી કોઈ પણ સારી પ્રવૃત્તિને વખોડવાનો ઈરાદો જરાપણ નથી. કોઈ કાર્યમાં એકાદ અંગ અનુચિત હોય તેથી તે કાર્ય વખોડવાલાયક નથી બનતું.*

*પણ જ્યારે પાઠશાળા અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપવાનો પ્રક્રમ છે; ત્યારે ઉચિત વ્યવસ્થા કઈ ગણાય ? તે જણાવવાના આશયથી જ આ લખ્યું છે.]*

- બીજી મહત્ત્વની વાત એ છે કે ૧૦ વર્ષથી ઉપરની ઉંમરના છોકરાઓ અને છોકરીઓની બેઠક વ્યવસ્થા જુદી જ હોવી જોઈએ. શક્ય હોય તો જુદા જુદા રૂમમાં જ હોય, શિક્ષકો પણ જુદા હોય, કે પછી સમય જુદો હોય.

  ઓછી સંખ્યાવાળી પાઠશાળામાં એ શક્ય ન બનતું હોય તો જુદી બેઠક તો જરૂરી છે જ. તેના બે કારણો છે.

  અ. હાલના કાળે, આ મર્યાદા ચારિત્રરક્ષા માટે જરૂરી છે. ખાનદાન ઘરના છોકરા-છોકરી પાઠશાળામાં ભેગા ભણવાથી પરિચય વધતાં આગળ વધીને પ્રેમલગ્ન કર્યા હોય, તેવા દાખલા અમારી નજર સામે છે. (યાત્રા પ્રવાસ, સ્ટેજ પ્રોગ્રામ વગેરે સર્વત્ર આ મર્યાદા ધ્યાનમાં રાખવી.)

  બ. ૧૨ વર્ષથી મોટી ઉંમરના બાળકોને છોકરીઓ સાથે ભણવામાં શરમ આવવાને કારણે પાઠશાળા આવે જ નહીં, છોડી દે તેવું બને છે. (એક સંઘમાં બાળકોને ફટાકડા ન ફોડવાના ઈનામ આપતી વખતે પ્રશ્ન કરવામાં આવ્યો -

"પાઠશાળા જાવ છો?" મોટા ભાગનાએ જવાબ આપ્યો - "આપણા સંઘમાં છોકરાઓ માટે પાઠશાળા જ નથી !" વાસ્તવમાં ત્યાં પાઠશાળા ચાલુ હતી, બાળક-બાળિકા બંને માટે હતી, પણ બાળિકાઓની જ સંખ્યા વધુ હોવાથી બાળકો નહીં જેવા આવતા હતા.)

ક. ૧૨ વર્ષથી મોટી ઉંમરના 'બાળકો' પ્રાયઃ ભણતાં નથી; બાળિકાઓ જ ભણે છે. તેનું બહુ મોટું કારણ એ પણ છે કે પાઠશાળામાં મોટે ભાગે શિક્ષિકાબહેન હોય છે અને તેમની પાસે ભણવામાં મોટા બાળકોને શરમ આવવી સ્વાભાવિક છે.

(ઉપર જે દાખલો જણાવ્યો, તે સંઘમાં, માત્ર બાળકો માટેની સ્વતંત્ર પાઠશાળા, પુરૂષ શિક્ષક રાખીને શરૂ કરવામાં આવી, તો ૧ વર્ષમાં છોકરાઓની સંખ્યા ૧૦૦ ઉપર પહોંચી!)

- જે બાળકો વાંચી શકતા નથી. જેમને બોલીને ગોખાવવું પડે છે, તેવા અત્યંત નાની ઉંમરના બાળકોનો વર્ગ તો આખો અલગ જ હોવો જોઈએ, જેના અંગે વજ્રસ્વામી પાઠશાળાના પ્રકરણમાં જણાવ્યું છે.

# ૧૭. યુનિફોર્મ

કેટલીક પાઠશાળાઓએ યુનિફોર્મ નિયત કર્યો છે. અમને લાગે છે કે આ ઉચિત નથી. કારણકે

અ. પાઠશાળામાં માંડ અડધો-પોણો કલાક ભણવાનું હોય છે, તેના માટે યુનિફોર્મ પહેરવા - કાઢવાની ઝંઝટમાં પડવાના કંટાળાથી પાઠશાળાની સંખ્યા-હાજરી ઘટે.

બ. નિરર્થક ખર્ચ ઉભો થાય.

ક. શિસ્તના ખ્યાલ સિવાય કશો લાભ ન થાય.

સ્કૂલ ૬ થી ૮ કલાકની હોય. ક્લાસ-મેદાન-લાયબ્રેરી વગેરે જગ્યાએ અવરજવર જરૂરી હોય, ત્યારે બાળક વિદ્યાર્થીરૂપે ઓળખાય તે માટે યુનિફોર્મ હોય છે. પાઠશાળામાં આમાંનું કશું નથી. યુનિફોર્મમાં ‘ટાઈ’ જેવું પાશ્ચાત્ય સાધન કે ફરજીયાત ઈન-શર્ટ કરવું તો કદાપિ ન ચાલે.

બાળિકાઓ માટે ટૂંકા ફ્રોક-સ્કર્ટ વગેરે ન ચલાવતાં, ઉચિત વેશ ફરજિયાત રાખી શકાય, રાખવો જોઈએ.

## ૧૮. વાલી મિલન

દર વર્ષે ઓછામાં ઓછું ૧ વાર કાર્યકર્તાઓ - શિક્ષક અને વાલીઓનું મિલન યોજીને સંવાદ થવો જોઈએ. જેમાં વિચારોનું આદાન પ્રદાન થાય...

- વાલીઓની ફરિયાદો, સૂચનો નોંધીને તેના પર વિચારણા કરી શક્ય પગલાં લેવાય.
- કાર્યકર્તાઓ તરફથી વાલીઓને
  - પાઠશાળાની પ્રગતિનો અહેવાલ અપાય.
  - જેમના બાળકો પુનરાવર્તન વગેરેના અભાવે ભૂલી જતા હોય, અનિયમિત હોય, અભ્યાસ ન કરતા હોય, તેમને માહિતગાર કરાય.
  - સારો અભ્યાસ કરનારા, યાદ રાખનારા બાળકોના વાલીઓની અનુમોદના કરાય...
  - આર્થિક જરૂરિયાતો જણાવાય.

ઘણાંખરાં પ્રશ્નો સંવાદના અભાવે જ ઊભા થતા હોય છે. યોગ્ય - સમયસરનો સંવાદ ખૂબ સારું પરિણામ લાવી શકે છે.

# ૧૯. Summer Camp

ઉનાળાના વેકેશનમાં, બાળકો પાસે પુષ્કળ સમય હોય છે. તેનો લાભ લઈને તેમાં તેમને વિશિષ્ટ શિક્ષણ આપી શકાય. પ્રકરણ ૯ માં દાદરમાં તેનો થયેલો અનુભવ વર્ણવ્યો છે. આ આયોજન

- અગાઉથી નક્કી કરીને જાહેર કરવું જોઈએ, જેથી બહારગામ જવાનો કાર્યક્રમ બનાવનાર વાલીઓ તે પ્રમાણે કાર્યક્રમ ગોઠવી શકે.
- બેનર+પેમ્પલેટ દ્વારા જાહેરાત કરવી.
- ફી રાખવી.
- તેમાં શું શું કરાવી શકાય ? તે માટે સાથે આપેલા દાદર સંઘના પરિપત્રમાં જોઈ શકાશે.

## શ્રી સંઘ કે પાઠશાળાનું નામ

## *Summer Camp*

- Audio Visual Presentation
- Law of giving and sharing
- Speaking Habits
- Yoga & Pranayam
- Mother Tongue Gujarati Basics
- Picture Talk
- General Knowledge
- Stories of Historical Persons
- Colourful Worksheets
- Puzzle-Quiz Contest
- Practicals
- Competitions & Games
- Gifts & Prizes

**Date :**

**Timing**

**Age Limit -**
only for 4 years
to 10 years
Boys & Girls

**Place**

**All this activities will also be followed in Regular Course of Pathshala**

# ૨૦. વજ્રસ્વામી પાઠશાળા

જે બાળકો વાંચી જ શકતા નથી, તેમને ગ્રુપમાં બોલાવીને ભણાવવાના હોય છે. તેવા બાળકોની પાઠશાળાને વજ્રસ્વામી પાઠશાળાનું સુંદર નામ અપાયું છે. આ પાઠશાળાના સંચાલન વગેરે માટે સુંદર મજાનું માર્ગદર્શન **'વજ્રસ્વામી પાઠશાળા'** નામની પુસ્તિકામાં (પ્રકાશક-સમકિત યુવક મંડળ, બોરીવલી) અપાયેલું છે, તે વિસ્તારથી જોઈ લેવું. અહીં અત્યંત ટૂંકમાં તેના પર વિચારણા કરી છે.

- સામાન્યથી ૩ વર્ષથી નાના બાળકોને પાઠશાળા મૂકાતા નથી. અને ૭ વર્ષની ઉંમર સુધીમાં તો સારી રીતે વાંચતા આવડી જ જાય. એટલે આ પાઠશાળામાં ૩ થી ૭ વર્ષના બાળકો જ રહેશે.
- ગ્રુપમાં બોલાવીને શીખવાડવાનું હોવાથી, ગમે ત્યારે પ્રવેશ આપી ન શકાય. ચોક્કસ સમયે જ પ્રવેશ આપવાનો રહે.
- બધા બાળકો પાઠશાળા શરૂ થતાં પૂર્વે આવી જાય, બધો જ સમય બેસે અને છેલ્લે બધા સાથે જાય, તો જ સારી રીતે શીખે.
- નિયમિત હાજરી પણ જરૂરી રહે, નહીં તો વચ્ચેનું શીખવાનું રહી જાય.
- આ બાળકોને માટે ગાથાની કુપન વગેરે શક્ય નથી. હાજરી દીઠ જ પ્રભાવના આપવાની રહે.
- શિક્ષકના બોલ્યા પછી બધા બાળકો એક સાથે બોલે, તેમાં કોણ શુદ્ધ બોલ્યું ? કોણ અશુદ્ધ ? તેની ખબર પડતી નથી. એના કારણે ઘણાં ઠેકાણે જોયું છે કે બધાનાં સૂત્રો અશુદ્ધ જ રહે છે. આના ઉપાય →
  1. માતા-પિતા શુદ્ધ કરાવે.
  2. છૂટા છૂટા અક્ષરોના ઉચ્ચાર પણ વચ્ચે વચ્ચે કરાવતા રહેવા. દા.ત. ''ઈરિયાવહિયા'' આખું સાથે બોલાવીએ તો 'વહિયા' બોલ્યો કે 'વરિયા' (જે વ્યાપક ભૂલ છે) તેની ખબર ન પડે. ઈ-રિ-યા-વ-હિ-યા, અલગ અલગ બોલાવીએ તો ખબર પડે.
  3. આ પાઠશાળામાં જરૂરી સૂત્રો જ ભણાવવા, વિશેષ ધ્યાન અન્ય પદાર્થો પર આપવું.
  4. વાંચતા આવડી ગયેલ બાળક પ્રભાવનાના લોભે આ જ પાઠશાળા આવવા માંગે તો પણ ન આવવા દેવો.
- જે ક્ષેત્રમાં મોટા ભાગના બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે છે, ત્યાં ગુજરાતી ભાષા પર ખાસ ધ્યાન આપવું. (આંક, કક્કો, પશુ-પક્ષી-શાક વગેરેની ઓળખ ઈત્યાદિ)

- આ પાઠશાળામાં ચિત્રપટો, વર્કશીટ વગેરે દ્વારા શીખવાડવાથી બાળકો સરળતાથી શીખશે.

વજ્રસ્વામી પાઠશાળા માટેના પ્રવેશપત્ર અને અભ્યાસક્રમનો એક નમૂનો આ સાથે આપ્યો છે.

# વજ્રસ્વામી પાઠશાળાના નિયમો

૧. પાઠશાળા શરૂ થયાની ૧૦ મિનિટની અંદર હાજરી પૂરવામાં આવશે. ત્યારબાદ આવનાર બાળકની હાજરી નહીં પૂરાય અને તેથી હાજરીનાં ઈનામ નહીં મળે. જરૂર પડ્યે મોડા આવનાર માટે દંડ પણ કરવામાં આવશે.

૨. બિમારી/બહારગામ જવાના વિશિષ્ટ કારણ સિવાય, ૫૦% થી ઓછી હાજરી આપનાર બાળકનું નામ હાજરીપત્રકમાંથી કાઢી નાખવામાં આવશે અને તેને કોઈ ઈનામ નહીં મળે. ફરી દાખલ કરવા માટે રૂા. ૧૦૦/- નો દંડ કરવામાં આવશે. તે રીતે પણ માત્ર એક જ વાર ફરી દાખલ કરવામાં આવશે.

૩. નવો પ્રવેશ ફક્ત બે વાર આપવામાં આવે છે.
(૧) કારતક સુદ ૫ (૨) વૈશાખ સુદ ૧૦
તે દિવસે જેને ૩ વર્ષ પૂરાં થયા હશે, તેને જ પ્રવેશ મળશે.

૪. વધુમાં વધુ ૭ વર્ષની ઉંમર સુધી વજ્રસ્વામી પાઠશાળામાં આવી શકાશે. તે પૂર્વે પણ જો વજ્રસ્વામી પાઠશાળાનો નિયત અભ્યાસ પૂરો થઈ જાય, તો તેને મોટી પાઠશાળામાં જવાનું રહેશે.

૫. દરેક માતા-પિતાની એ ફરજ છે કે, પાઠશાળામાં જે શીખ્યા હોય તેનું પુનરાવર્તન ઘરે કરાવવું, જેથી અશુદ્ધિ ન રહે. જો માતા-પિતાની બેદરકારીના કારણે બાળકના સૂત્ર અશુદ્ધ રહેશે, તો બાળકનું નામ હાજરીપત્રકમાંથી રદ્દ કરવાનો પૂર્ણ અધિકાર શિક્ષકને છે. જેની સામે કોઈ દલીલ સાંભળવામાં નહીં આવે. તેવા વખતે પણ ફરી ધ્યાન રાખવાની ખાતરી આપશે; તો રૂા. ૧૦૦/- નો દંડ લઈને ફરી પ્રવેશ આપવામાં આવશે. તે પણ માત્ર એક જ વાર.

૬. પાઠશાળાનો અભ્યાસ વિ. મહાત્માઓના માર્ગદર્શનથી તૈયાર કરવામાં આવે છે. તે અંગે સૂચનો કરી શકાશે, પણ કોઈ ચર્ચા કે દલીલો, શિક્ષકો સાથે કરવી નહીં.

૭. જરૂર પડ્યે નવા નિયમો બનાવવાનો / તેમાં ફેરફાર કરવાનો અધિકાર કાર્યકર્તા વર્ગ/શિક્ષકોને છે.

# વજસ્વામી પાઠશાળા – અભ્યાસક્રમ

પ્રકરણ ૪ માં જણાવેલ ક્રમે ધોરણ ૧ – ૨ ના સૂત્રો / વિધિ / કાવ્ય / પદાર્થ કરાવી શકાય. ઉપરાંત વિશેષમાં

- ઉપકરણોની ઓળખ
- કથાઓ (પ્રકરણ ૨૬ માં જણાવેલ પુસ્તકો, કથાઓ જોવા)
- કવિતાઓ – જોડકણાંઓ

  મારા પ્રભુજી નાના છે...

  સોનાનું કોડિયું ને રૂપાની વાટ...

  આ વાત કદી ના ભૂલાય...

  સમરો મંત્ર ભલો... વગેરે...
- ગુજરાતી ભાષા

  આંક – ૧ થી ૧૦૦, હજાર, લાખ, કરોડ, અબજ.

  વારના નામ, મહિનાના નામ.

  પશુ, પંખી, જીવજંતુની ઓળખ (ગુજરાતી નામ).

  ફળ, શાકભાજીની ઓળખ (ગુજરાતી નામ).

  કાકા, મામા, ફઈ, માસી... વગેરે સંબંધોની ઓળખ...

  અનાજ, કઠોળ, તેલીબિયાં, મસાલાની ઓળખ... વગેરે...
- તીર્થો–મૂળનાયક ભગવાન.
- પાંચ પર્વતિથિ, પર્યુષણ, સંવત્સરી, ઓળી વગેરે અન્ય પર્વો.
- નવકારશીથી ઉપવાસ વગેરે તપની સમજણ...

  વગેરે સમજાવી / શીખવાડી શકાય...

## ૨૧. બહેનોની પાઠશાળા

- મોટી ઉંમરના બહેનોને સમયની અનુકૂળતા મળતા ભણવાનો રસ જાગતો હોય છે. તેમના માટે સંઘમાં પાઠશાળા હોવી જોઈએ. બહેનો ભણશે, તો બાળકોને ભણાવી શકશે. ઘરનો આધાર સ્ત્રી છે. એટલે આ પાઠશાળા પણ ખૂબ મહત્વનું અંગ છે. તેના બે ભાગ હોઈ શકે (૧) સૂત્રાભ્યાસ (૨) જીવવિચાર વગેરે પદાર્થનો અભ્યાસ.
- વજ્રસ્વામી પાઠશાળામાં બાળકોને લેવા-મૂકવા માતાઓ આવતી જ હોય છે. જો એ જ સમયે બહેનોની પાઠશાળા રાખવામાં આવે, તો સફળ થવાની સંભાવના ઘણી રહે.
- આ પાઠશાળામાં પ્રભાવના-કુપન વગેરેની જરૂર નથી. પરીક્ષા અને ઈનામો રાખી શકાય. મોટે ભાગે, મોટા બહેનો જ આ પાઠશાળા ભણાવે. જો શિક્ષકની જરૂર પડતી હોય તો તેમનો પગાર, ફી દ્વારા જ ઊભો કરી શકાય. અથવા તે માટે જુદું ફંડ કરી શકાય. બાળકો માટેની પાઠશાળા માટે ઊભા કરાયેલ ફંડમાંથી, મોટાઓની પાઠશાળાઓમાં ખર્ચ કરવો ઉચિત જણાતો નથી.

## ૨૨. તત્ત્વજ્ઞાન પાઠશાળા

ઘણાં સંઘોમાં ભાઈઓ (કે ભાઈ-બહેનો બંને) માટે તત્ત્વજ્ઞાનના ક્લાસ ચાલતા હોય છે, જેમાં પંડિત આવીને કોઈ વિષયની છણાવટ કરે - સમજાવે છે. જ્ઞાનનું આદાન-પ્રદાન આવકારદાયક જ હોય; પણ આ આયોજન અનેક રીતે વિચારણીય બન્યું છે.

૧. આ રીતનું જ્ઞાનદાન મહાત્માઓ વ્યાખ્યાનમાં કરતા જ હોય છે; પછી આ પાઠશાળાની જરૂર શું?

૨. ઘણીવાર સવારના આવી પાઠશાળા, વ્યાખ્યાનના સમયે જ ચાલતી હોય છે. તે કદાપિ ન ચાલી શકે. (પાઠશાળાના સમયે વ્યાખ્યાન રાખવાનો મહાત્માને નિષેધ કરાતો પણ જોવામાં આવ્યો છે. તે કઈ રીતે ઉચિત ગણાય?)

૩. ક્યારેક આ પાઠશાળામાં સંખ્યા વધુ હોય, વ્યાખ્યાનમાં બહુ ઓછી હોય તેવું બને છે.

૪. કેટલાક પંડિતો ખરેખર જ્ઞાની હશે અને સારી વાચના આપી જાણતા હશે.
પણ મોટા ભાગના પંડિતો બહુ જ અલ્પ શાસ્ત્રજ્ઞાન ધરાવે છે. પુસ્તકો વાંચીને પંડિત થયા હોય છે. પ્રકરણ-ભાષ્યનું જ્ઞાન હોય, પણ તે તો સાગરનું બિંદુ ય નથી. અલ્પ જ્ઞાન હોવા છતાં, આ રીતે પદ મળતાં-ભારે અહંકારી થઈ જાય છે. પછી મનઘડંત પ્રરૂપણાઓ કરે છે. મહાત્માઓને તુચ્છ માને છે. મહાત્માઓની પ્રરૂપણાને ખોટી કહેતા અચકાતાં નથી. આવા અનુભવો જોયા છે. આ બધું કઈ રીતે ચલાવી લેવાય?
(અમને એક ખૂબ વિદ્વાન્ મહાત્માએ પ્રસંગ કહ્યો હતો - વ્યાખ્યાનમાં પ્રશ્ન થયો - 'રાત્રે ઉકાળેલું પાણી પીવાય?' મહાત્માએ જવાબ આપ્યો - ''ઉકાળેલું પાણી પીનારે ચોવિહાર કરવો જોઈએ. પણ રાત્રે પાણી પીવું જ હોય તો કાચું જ પીવું, ઉકાળેલું તો ન જ પીવું - એવું કોઈ જ્ઞાની કદી કહે નહીં.'' ત્યાં કલાસ ચલાવતા પંડિતે આ વાતનું ખંડન કર્યું - ''રાત્રે ઉકાળેલું પાણી પીવાય જ નહીં'' વગેરે.!!)

૫. આવા ક્લાસમાં ક્યારેક વ્યવહારનો લોપ કરનારાઓ - નિશ્ચયવાદીઓ કે એકાંત માન્યતાવાળાઓ પણ વક્તા તરીકે જોયા છે, જેઓ મુગ્ધ વર્ગને ગુમરાહ કરે છે.

વર્તમાન જૈન સંઘમાં જ્ઞાનની મોટી ખામી છે. ત્યારે યોગ્ય રીતે જ્ઞાનવૃદ્ધિના પ્રયાસને બિરદાવવો જ જોઈએ. એટલે તત્ત્વજ્ઞાન પાઠશાળાનો સર્વથા નિષેધ તો ન જ થઈ શકે. પણ તેના શિક્ષક અને વ્યવસ્થા ઉચિત સ્વરૂપના હોવા જોઈએ.

a. શિક્ષક, કોઈક સંવિગ્ન-ગીતાર્થને સમર્પિત હોવા જોઈએ.

b. શિક્ષકે પોતાને જે વિષયનું જ્ઞાન ન હોય તે બાબતમાં અજ્ઞાનની જાહેરાત કરતાં શરમાવું ન જોઈએ.

c. સંવિગ્ન-ગીતાર્થ પાસે સાંભળેલી, ભણેલી કે પ્રમાણિત કરાવેલી વાત જ જાહેરમાં મૂકવી જોઈએ.

d. વ્યાખ્યાન અને મહાત્માની પ્રધાનતા કદી ઘટવી ન જોઈએ.

આ રીતે આવી પાઠશાળા ચલાવી શકાય. તેના શિક્ષકના પગાર વગેરે ખર્ચ ફી દ્વારા મેળવાય તે ઉત્તમ છે. બાળકોની પ્રભાવનાનો ભોગ ન જ લેવાવો જોઇએ.

# ૨૩. ઈતર પ્રવૃત્તિઓ

- પાઠશાળામાં અનુકૂળતા મુજબ ઈતર - ધાર્મિક/સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવી શકાય, જેમ કે
    - બાળિકાઓને ગહુંલી શીખવાડવી.
    - બાળકોને સંગીત શીખવાડવું.
    - સામૂહિક અષ્ટપ્રકારી પૂજા, સ્નાત્ર, ચૈત્ય પરિપાટી વગેરે
    - ગમ્મત સાથે જ્ઞાન વધે તેવા આયોજનો

  આનાથી, શાસનને સેવકો મળે અને કેટલાક બાળકો આકર્ષાય, તે લાભ થઈ શકે. પણ એ ખાસ ધ્યાન રાખવું કે પ્રવૃત્તિઓના કારણે અભ્યાસને અસર ના થવી જોઈએ.
- બાળકો વાર્તા વાંચવાના ખૂબ શોખીન હોય છે, તેમાંય ચિત્રકથાના ખાસ.
  જુદા જુદા પ્રકાશનોની બોધદાયક ચિત્રકથાઓની અને વાર્તાના પુસ્તકોની લાયબ્રેરી પાઠશાળામાં બનાવી શકાય. નિયમિત હાજરી આપનારા બાળકો ઘરે વાંચવા લઈ જઈ શકે. મોટા બાળકો જ આની વ્યવસ્થા સંભાળે.
- સંસ્કરણ - આનંદોત્સાહ - આકર્ષણનું કારણ બનતા અન્ય આયોજનો - નાટક, જુદા જુદા વિશિષ્ટ દિવસોની ઉજવણી વગેરે યથાશક્ય કરાય.
- ગુજરાતી ભાષા વિના ધર્મજ્ઞાન અતિમુશ્કેલ છે. એટલે ગુજરાતી ભાષાનું શિક્ષણ પણ આપવું જોઈએ.

# ૨૪. જે બાળકો પાઠશાળા આવવા ઈચ્છે છે, છતાં આવી નથી શકતા તેમનું શું ?

આ એક મહત્ત્વનો પ્રશ્ન છે, અને તેની સર્વથા ઉપેક્ષા કરવી ઉચિત નથી. જે લોકો કોઈપણ કારણે અત્યંત દૂર રહે છે, અથવા જે બાળકોને પાઠશાળાના સમયે જ અન્ય અનિવાર્ય કાર્યો છે અથવા તેવા બીજા કોઈ પણ કારણે, પાઠશાળા આવવાની ઈચ્છા હોવા છતાં ન આવી શકતા હોય તેમના માટે પણ સંઘ અનેક રીતની વ્યવસ્થા કરી શકે.

૧. આવા બાળકોની સંખ્યા જો સારી એવી મોટી હોય તો તેમના માટે માત્ર રવિવારીય / રજાના દિવસો / વેકેશનની પાઠશાળાનું આયોજન થઈ શકે. (દા.ત. સંસ્કાર વાટિકા, ચેન્નઈ)

૨. તેમના માતા-પિતા જ ભણાવે કે શિક્ષક પાસે ટ્યુશન દ્વારા ભણાવે તો પણ પરીક્ષા આપી શકે અને પરીક્ષાનું ઈનામ મેળવી શકે, તેવા આયોજન થઈ શકે.

૩. દરેક પરીક્ષા વગેરે શક્ય ન બને તો, બે પ્રતિક્રમણ પૂર્ણ થયા પછીની એક જ પરીક્ષા યોજના મૂકી શકાય, જેની રૂપરેખા આ સાથે જણાવી છે. તેમાં પ્રકરણ ૪ માં જણાવેલ અભ્યાસક્રમ ધોરણ ૧ થી ૪ નો અભ્યાસ રાખવો.

# સંઘ, પાઠશાળા અથવા મંડળનું નામ
# પ્રતિક્રમણ સૂત્ર અભિયાન-પ્રવેશ પત્ર

નં.: તારીખ: ____________

બાળક/બાળિકાનું નામ: ____________________ ઉંમર: ______

જન્મ તારીખ: ____________ શાળામાં ધોરણ: ____________ માધ્યમ: અંગ્રેજી / ગુજરાતી

શાળાનું નામ: ____________________

ગુજરાતી આવડે છે? વાંચતા? ________ લખતા? ________

પિતાનું નામ: ____________________

સરનામું: ____________________

____________________

ફોન: ____________ મોબાઈલ: ____________

પાઠશાળાનું નામ: ____________________

પાઠશાળાના શિક્ષકનું નામ: ____________________

કેટલા વર્ષથી પાઠશાળામાં અભ્યાસ કરો છો? ____ ગત વર્ષમાં પાઠશાળામાં હાજરી ____ દિવસ / કુલ ચાલુ દિવસ ____

હાલમાં પાઠશાળામાં શું અભ્યાસ કરો છો? ____________________

**કેટલો અભ્યાસ કર્યો છે?**

સૂત્ર ____________________

અર્થ ____________________

વિધિ ____________________

કાવ્ય ____________________

અન્ય ____________________

સામૂહિક પ્રતિક્રમણમાં સૂત્રો બોલ્યા છો? ____________________

બોલ્યા હોય તો કયા? ____________________

બાળક/બાળિકાની સહી ____________ માતા-પિતાની સહી ____________

પાઠશાળાના શિક્ષકની સહી ____________

**નિયમો:**

૧) ૧૫/૧૮ વર્ષની ઉંમર સુધીના બાળક/બાળિકા આ યોજનામાં ભાગ લઈ શકશે.
૨) પરીક્ષા મૌખિક લેવાશે. બધી જ વિધિ પ્રેક્ટીકલ કરાવાશે.
૩) એક પણ સૂત્રમાં અશુદ્ધિ ચલાવી નહીં લેવાય.
૪) માર્ક પદ્ધતિ નથી - સંપૂર્ણ શુદ્ધિ હશે તો પાસ ગણાશે - અન્યથા નાપાસ ગણાશે.
૫) એકવાર નાપાસ થયા પછી બીજીવાર પરીક્ષા ત્રણ મહિના પછી લેવાશે.
૬) પાસ થાય તો ત્યારે જ એક ઈનામ આપવામાં આવશે. તેના પછી ૬ મહિનાથી ૧ વર્ષ સુધીના સમયગાળામાં ગમે ત્યારે ફરી પરીક્ષા લેવાશે. તેમાં પણ પાસ થવું ફરજીયાત છે.
જો બાળક બંને પરીક્ષામાં પાસ થાય તો બીજું ઇનામ તથા પાઠશાળાના શિક્ષકને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.
૭) નિયમોમાં ફેરફારની સત્તા મંડળને રહેશે. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

આ ફોર્મ pathshala.shrijainsangh.org પરથી download કરી શકાશે.

## ૨૫. અમે પાઠશાળામાં કાર્યકર નથી, છતાં કંઈ કરવા માંગીએ છીએ, તો શું કરી શકીએ ?

- પાઠશાળાના સત્તાધીશ કાર્યકરો જો સૂચિત યોજનાઓનો અમલ કરવા ન જ ઈચ્છતા હોય, તો અન્ય સંસ્થા/વ્યક્તિ પણ પ્રતિક્રમણ સૂત્ર યોજના દ્વારા ઘણાંખરાં પરિણામોને પામી શકે, તે યોજનાની રૂપરેખા પૂર્વેના પ્રકરણમાં આપી છે.

  તે ઉપરાંત

- પ્રકરણ ૯ માં જણાવેલ Quiz નું આયોજન
- પ્રકરણ ૧૪ માં જણાવ્યા મુજબ સોસાયટીઓમાં નાની નાની પાઠશાળાઓ.
- પ્રકરણ ૨૬ માં જણાવેલ સંસ્કરણના આયોજનો, આરાધના પત્રક વગેરે... દ્વારા પણ સંસ્કરણ કાર્યનો લાભ લઈ શકાય.

# ૨૬. સંસ્કરણ

આ પ્રકરણ પુસ્તકમાં છેલ્લું છે, પણ સૌથી વધુ મહત્ત્વનું છે. (*Last, but not least.*) તેનું કારણ એ કે, સાચું જ્ઞાન તે જ છે, જે વિરતિમાં પરિણમે. અત્યાર સુધી જણાવેલ બધું જ મોટે ભાગે સૂત્ર (અને વિધિ, સ્તવન વગેરે) ના અભ્યાસ સંબંધી છે. તે બધું; ચૈત્યવંદન - પ્રતિક્રમણ રૂપ આવશ્યક ક્રિયામાં કામ લાગવાનું છે. તે સિવાય લગભગ નહીં. (અને પ્રતિક્રમણ તો ૧ - ૨ % જૈનો જ કરે છે. ૯૮ - ૯૯ % કરતાં જ નથી.)

આ વિભાગમાં જે શીખવાડવાનું છે, તે બધું રોજીંદા જીવનમાં લગભગ દરેકને ઉપયોગી છે. કેટલુંક તો અઠવાડિયાના સાતે દિવસ, ૨૪ કલાક કામ લાગે તેવું છે (જેમ કે કર્મવિજ્ઞાન.) એટલે એનું મહત્ત્વ વધુ જ છે; ઓછું તો નથી જ. તો પછી તેની વાત છેલ્લે કેમ ? તેના બે મહત્ત્વના કારણ છે.

૧. આ જ્ઞાન માત્ર પાઠશાળામાં જ મળે, તેવું નથી; તેના અનેક સ્રોત છે. વ્યાખ્યાન, પુસ્તકવાંચન વગેરે. સૂત્રજ્ઞાન મોટે ભાગે પાઠશાળામાં જ મળે છે.
૨. આ જ્ઞાન જીવનમાં સર્વકાળે લઈ શકાય છે. સૂત્રજ્ઞાન મોટે ભાગે નાની ઉંમરમાં જ લેવાય છે. મોટા થયા પછી ભણનારા જૂજ છે.

એટલે પાઠશાળામાં વધુ ભાર સૂત્રજ્ઞાન પર જ હોવો જોઈએ, એ નિઃશંક છે, નિર્વિવાદ છે. એટલે જ તેના પર પહેલા વિવરણ વિસ્તારથી કરાયું. અમારું માનવું છે કે પાઠશાળામાં અઠવાડિયામાં પાંચ દિવસ તો સૂત્ર (અને વિધિ, સ્તવનાદિ વગેરે) માટે જ હોવા જોઈએ. ૧ કે ૨ દિવસ સંસ્કરણ માટે ફાળવવા જોઈએ. સૂત્રાદિની પ્રધાનતાનો અર્થ સંસ્કરણની ઉપેક્ષા નથી. સંસ્કરણ પણ થવું તો જોઈએ જ. તેના માટે અઠવાડિયે ઓછામાં ઓછો ૧ દિવસ પણ ફાળવવો તો જોઈએ જ.

હવે આ સંસ્કરણના વિષયમાં વિચારવા જેવા બે મુદ્દા છે.

- વિષયો - શું શું કહેવું ?
- પદ્ધતિ - કઈ રીતે - કયા સાધનો દ્વારા જણાવવું ?

## વિષયો

**સંસ્કરણના વિષયો તો અગણિત હોઈ શકે, કારણ કે આખો ચરણકરણાનુયોગ-શ્રાવક સંબંધી બધી જ વાતો તેમાં આવી જાય.**

**પણ વર્તમાનકાળે, બાળકોને શું સમજાવવું જરૂરી છે ? શું સમજાવી શકાય તેમ છે ? શું તેમના ગળે ઉતરે તેવું છે ? તે બધું વિચારતા, આટલી વાતો અમને સૂઝે છે. વિષયોના બે વિભાગ કરીશું.**

૧. શ્રદ્ધાના વિષયો ૨. આચારના વિષયો.

**૧. શ્રદ્ધાના વિષયો**

અ. પુણ્યથી જ સુખની સામગ્રી મળે. પાપથી દુઃખની જ સામગ્રી મળે. } કર્મ વિજ્ઞાન.

બ. જૈન ધર્મની મહાનતા

- અરિહંત એ જ શ્રેષ્ઠ ભગવાન
- સાધુ એ જ શ્રેષ્ઠ ગુરૂ
- જૈન ધર્મ એ જ શ્રેષ્ઠ ધર્મ

} આવું શા માટે?

**૨. આચારના વિષયોના બે ભાગ કરીશું.**

અ. સદાચાર –

- પરપીડા ત્યાગ, કરૂણા, માનવતા, જીવદયા.
- જૂઠું ન બોલવું.
- ચોરી-અનીતિ ત્યાગ, પ્રામાણિકતા.
- માતા-પિતાદિનો વિનય, ગુસ્સો ન કરવો.
- વ્યસનત્યાગ.
- બિભત્સ સાહિત્ય, ફિલ્મ વગેરેનો ત્યાગ.

બ. ધર્મ –

- નવકારશી, રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ વગેરે અભક્ષ્ય ત્યાગ, હોટલ ત્યાગ, જંકફૂડ ત્યાગ.
- દર્શન, પૂજા, યાત્રા, ચૈત્યવંદન.
- ગુરૂવંદન, સુપાત્રદાન, વૈયાવચ્ચ.
- સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય.
- આયંબિલ વગેરે તપ, ત્યાગ.
- ટી.વી.-ઈન્ટરનેટ વગેરેનો ત્યાગ.
- સર્વવિરતિ.

બહુ સંક્ષેપમાં મુખ્ય વિષયો બતાવ્યા છે. એકાદ વર્ષમાં, આટલા વિષયો તો આવરી લેવા જોઈએ. પછી ફરી ફરી આ જ વિષયો કહી શકાય. આનાથી વધુ ઘણું કહી શકાય; પણ આટલું તો કહેવું જ જોઈએ. આ બધા વિષયોમાં શું કહેવું, તે જુદા જુદા પુસ્તકો વગેરેમાંથી સંગૃહીત કરી શકાય.

- **પદ્ધતિ** – સંસ્કરણ અનેક રીતે થઈ શકે.

૧. **કથા** – સંસ્કરણનું સૌથી શક્તિશાળી માધ્યમ 'કથા' છે. કદાચ એવી કોઈ જૈન વ્યક્તિ નહીં હોય જે શાલિભદ્રના દૃષ્ટાંત દ્વારા સુપાત્રદાનના મહત્ત્વને સમજી નહીં હોય. ડઝનબંધ શાસ્ત્રપાઠો અને એક કલાકનું વિસ્તારથી વિવેચન કદાચ સુપાત્રદાનના મહત્ત્વને એવું નહીં ઠસાવી શકે, જેટલું શાલિભદ્રનું દૃષ્ટાંત સમજાવી શકે.

શિક્ષક પાસે બોધદાયક કથાઓનો ખજાનો હોવો જોઈએ. તેમાં ય કહેવાની કુશળતા તેમને અપૂર્વ સફળતા અપાવશે. અમે અનુભવ્યું છે કે રસાળ કથા અને કુશળ કથાકાર હોય તો બાળકો ટી.વી. છોડવા તૈયાર છે, તેના માટે પાઠશાળા આવવા તૈયાર છે, પ્રભાવના વિના પણ આવવા તૈયાર છે.

કહેવાની કળા તો પુસ્તકમાં શીખવી શકાશે નહીં; પણ કથાઓ ક્યાંથી મળે ? તે અમે આગળ જણાવ્યું છે. સારા જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ પુસ્તકોમાંથી પુષ્કળ કથાઓ મળશે. કથા નાની હોય તો ૧ દિવસમાં પૂરી થાય. તેની પાછળ બોધ અવશ્ય કહેવો. મોટી કથાને ક્યાં અટકાવીને આગળ ઈંતેજારી ઊભી કરવી, તેની આવડત કેળવીને તે રીતે કથા કરવી. કથાઓ ઉપર જણાવેલ વિષયોને અનુરૂપ હોય તો તે વિષયો સારી રીતે સમજાશે.

**બાળકો માટેની કથાઓ :**

૧) અમરકુમાર (નવકાર)
૨) શાલિભદ્ર (સુપાત્રદાન)
૩) ધર્મરૂચિ અણગાર (જીવદયા)
૪) અઈમુત્તા મુનિવર (સર્વવિરતિ)
૫) કુમારપાળ મહારાજા – નાગદત્ત (જિનપૂજા)
૬) મહાકવિ માઘ (દાન)
૭) મહાકવિ ધનપાળ – સુલસા (સમ્યક્ત્વ)
૮) જગડુશાહ (માનવતા / અનુકંપા, દાન)
૯) રામલો બારોટ (તીર્થરક્ષા)
૧૦) વિષ્ણુકુમાર – કાલકાચાર્ય (ધર્મરક્ષા)
૧૧) ઢંઢણકુમાર, ધન્ના અણગાર (તપ)
૧૨) કયવન્ના શેઠ (પુણ્ય-પાપનો પ્રભાવ)
૧૩) વંકચૂલ (પ્રતિજ્ઞાનો પ્રભાવ)

**કથાના પુસ્તકો :**

૧) ટચૂકડી કથાઓ – પૂ.પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.
૨) કથા પ્રવેશિકા – પ્રદીપિકા – પ્રબોધિકા (તપોવન)

૩) પૂ.આ.ભ.મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના 'પ્રસંગ' શ્રેણિના પુસ્તકો.

૪) બોધદાયક દૃષ્ટાંતો ભા.૧ થી ૭.

૫) ભરહેસર - બાહુબલીની કથાઓ.

૨. **આધુનિક માધ્યમો** - પ્રોજેક્ટર વગેરેના માધ્યમે, Audio-Visual Presentation દ્વારા બાળકોને સંસ્કાર આપી શકાય. આ બાબતે Look N Learn, Learn & Turn વગેરે સંસ્થાઓ સફળ થઈ છે, તેમના સાહિત્યનો અભ્યાસ કરવો.

૩. **આરાધના પત્રક (Point Card)** - બાળકોને આરાધના પત્રક આપીને, તેમાં કરેલ આરાધના પ્રમાણે points મળે અને તે પ્રમાણે ઈનામ આપવાનું આયોજન કરી શકાય. આરાધના પત્રકનો એક નમૂનો સાથે મૂકયો છે. આ કાર્યમાં આટલું ધ્યાનમાં રાખવું.

a. બાળકો ઈનામના લોભમાં ખોટું નથી ભરતાં, તેના માટે યોગ્ય ચેકીંગ જરૂરી બને. વધુ પડતી આરાધના દેખાય ત્યારે પૂછપરછ કરવાથી તે ખબર પડે. ઈનામ વધુ જાય તે નુકસાન મહત્વનું નથી, લોભના-માયાના-મૃષાના કુસંસ્કાર પડે તે ખોટું છે.

b. દર મહિને પત્રક લેવા-પોઈન્ટનો સરવાળો કરવો-ઈનામ આપવા-વગેરે બહુ મોટું વહીવટી કામ બને છે. દર ૩ મહિને એકવાર લેવાનું વિચારી શકાય. બહુ લાંબો ગાળો - ૬ મહિનાથી વધુ પણ યોગ્ય નથી, કારણ કે તેમાં બાળકોનો ઉત્સાહ ન ટકે.

c. મોટા ભાગના બાળકો રૂટિનમાં કરતા હોય તે જ કરતા રહે, તો પત્રક ભરાવવાનો-ઈનામ આપવાનો વિશેષ અર્થ ન રહે. એટલે અમુકથી વધુ પોઈન્ટ થાય તો જ ઈનામ અપાશે, તેવું જાહેર કરી શકાય, કે જેથી તેટલા પોઈન્ટ પૂરા કરવા બાળકો ખાસ મહેનત કરે - આરાધના વધારે. તે પોઈન્ટ એટલા હોવા જોઈએ કે તેના માટે અમુક આરાધના તો કરવી જ પડે.

d. પત્રક ભરાયા પછી પોઈન્ટના આધારે ઈનામ આપવાના બદલે પહેલેથી લક્ષ્ય આપવામાં આવ્યું હોય કે - આટલા પોઈન્ટ થશે તો આ ઈનામ મળશે, તો વધુ આકર્ષણ થતું જોવા મળ્યું છે. તેનાથી આરાધના વધે છે.

e. આપણો ઉદ્દેશ્ય કાયમી સંસ્કરણનો છે. ઈનામ માટે આરાધના કરે, પછી જ્યાં હતાં ત્યાંના ત્યાં આવે, તો કંઈ અર્થ ન સરે. પણ, બાળકોમાં ઘણીવાર ઈનામ વગેરેની લાલચે શરૂ થયેલ આરાધના કાયમી બની જતી જોઈ છે. એટલે આ પ્રયત્ન નિરર્થક નથી જતો.

f. આખા વર્ષમાં પ્રથમ પાંચ બાળકોને કે અમુકથી વધુ પોઈન્ટ લાવનાર બધા બાળકોને વિશિષ્ટ બહુમાનનું આયોજન પણ કરી શકાય.

૪. **પર્વોની આરાધના.**

ઓળીમાં ઓળી કરનાર બાળકોનું; પર્યુષણમાં અઠ્ઠમ-અઠ્ઠાઈ, ૧ ૭ પ્રતિક્રમણ કરનારનું; દિવાળીમાં ફટાકડા ન ફોડનારનું; નવરાત્રિમાં નવરાત્રિ ન રમનારનું; હોળીમાં હોળી ન રમનારનું; ઉતરાણમાં પતંગ ન ચગાવનારનું બહુમાન- પ્રભાવના વગેરે આયોજનો કરી શકાય.

૫. વર્ષે એકાદ વાર પાંજરાપોળ-અનાથાશ્રમની મુલાકાત ગોઠવી શકાય.

# સંસ્કરણ અભિયાન - આરાધના પત્રક

## ૧૫ વર્ષ સુધીના બાળકો / બાળિકાઓ માટે

નામ : ______________________________ ઉંમર : __________

સરનામું : ______________________________

______________________________

શાળામાં ધોરણ : ______________ જન્મ તારીખ : ______________

પાઠશાળામાં અભ્યાસ શું ચાલે છે. : ______________________________

**સૂચના :-**

(૧) બધી માહિતી વ્યસ્થિત ભરવી. જે આરાધના કરી હોય તે ખાનામાં (✓) કરવું. ન કરી હોય તે ખાનામાં (-) કરવું (x ન કરવી)

(૨) જ્યાં સંખ્યા લખવાની છે (નં. ૧૧, ૧૨, ૧૪ અને ૨૮માં) ત્યાં સંખ્યા લખવી. એકપણ ન કરી હોય તો (-) કરવું.

(૩) જિનપૂજામાં અષ્ટપ્રકારી પૂજા કરનારે પૂજા, સાથિયો અને અષ્ટપ્રકારી પૂજા એમ ત્રણેમાં (✓) કરવું. ત્રણેના (કુલ ૮૦) માર્ક મળશે.

(૪) બેસણું કરનારે નવકારશી, રાત્રિભોજન ત્યાગ, ઉકાળેલું પાણી, બધા ખાનામાં (✓) કરવું.

(૫) પત્રક ભરીને બીજા મહિનાની ૫ તારીખ સુધીમાં પરત કરવું. મોડું આપનારને ઈનામ નહીં મળે.

(૬) ખોટી માહિતી ભરનારને ઈનામ નહીં મળે અને મૃષાવાદનું પાપ લાગશે.

(૭) વાલીની સહી રોજની રોજ કરાવવાની છે.

(૮) પત્રકમાં બધા સરવાળા કરીને પરત કરવું.

- વિધિ પૂર્વક ૧ નવકાર ગણવાથી ૫૦૦ સાગરોપમના નરકના દુઃખ ટળે.
- વિધિ પૂર્વક ૧ લાખ નવકાર ગણવાથી તીર્થંકર નામકર્મ બંધાય.
- દેરાસર જવાની ઈચ્છા કરવાથી ૧ ઉપવાસનું ફળ મળે.
- દેરાસરમાં ૩ પ્રદક્ષિણા આપવાથી ૧૦૦ વર્ષના ઉપવાસનું ફળ મળે.
- ભગવાનની પૂજા કરવાથી ૧૦૦૦ વર્ષના ઉપવાસનું ફળ મળે.
- ચૈત્યવંદન (ભાવપૂજા) કરવાથી અનંતગણું ફળ મળે.
- ૧૮,૦૦૦ સાધુને ગુરુવંદન કરવાથી કૃષ્ણ મહારાજાની ૪ નરક ટળી.
- નવકારશી કરવાથી ૧૦૦ વર્ષના નરકનાં દુઃખ ટળે.
- એકાસણું કરવાથી ૧૦ લાખ વર્ષનાં નરકનાં દુઃખ ટળે.
- આયંબિલ કરવાથી ૧ હજાર કરોડ વર્ષનાં નરકનાં દુઃખ ટળે.
- ઉપવાસ કરવાથી ૧૦ હજાર કરોડ વર્ષના નરકનાં દુઃખ ટળે.
- ૧ સામાયિક કરવાથી ૯૨૫૯૨૫૯૨૫ (૯૨ કરોડ, ૫૯ લાખ, ૨૫ હજાર, ૯૨૫) પલ્યોપમના દેવના સુખ મળે.
- રાત્રિભોજન કરવાથી નરકમાં જવું પડે.
- રાત્રિભોજન છોડવાથી ૧ મહિનામાં ૧૫ ઉપવાસનું ફળ મળે. થાળી ધોઈને પીવા-લૂછવાથી ૧ આયંબિલનું ફળ મળે.
- ૧ લુખી રોટલી ખાવાથી ૧ આયંબિલનું ફળ મળે.
- હંમેશા ઉકાળેલું પાણી પીવાથી કરોડો વર્ષના નરકના દુઃખ ટળે.
- હોટલનું -બરફ-બિસ્કીટ-બ્રેડ-વિ. અભક્ષ્ય વસ્તુઓ ખાવાથી ખૂબ પાપ લાગે.
- ૧૪ નિયમ લેવાથી અનંત પાપોથી બચી જવાય.
- મુઠસી પચ્ચક્ખાણ કરવાથી મહિનામાં ૨૭ જેટલા ઉપવાસનો લાભ મળી શકે.
- ટી.વી. / વિડિયો વિ. જોવાથી ઘણાં પાપ બંધાય.
- **મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાણ** : મુટ્ઠિસહિઅં પચ્ચક્ખામિ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ.

આ આરાધનાપત્રક pathshala.shrijainsangh.org પરથી download કરી શકાશે.

નામ : મહિનો :

| ક્રમ | વિગત | માર્ક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | કુલ | માર્ક | કુલ માર્ક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સૂતાં ૭ ઉઠતાં ૮ નવકાર ગણવા | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૨. | સવારે ખાતાં પહેલાં દર્શન કરવા | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૩. | જિનપૂજા | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૪. | સાથિયો-ફળ-નૈવેદ્ય | ૨૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૨૦ | |
| ૫. | ચૈત્યવંદન | ૨૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૨૦ | |
| ૬. | અષ્ટપ્રકારી પૂજા | ૫૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૫૦ | |
| ૭. | સાંજે દર્શન કરવા | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૮. | સાંજે આરતીમાં હાજરી | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૯. | ગુરુવંદન | ૨૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૨૦ | |
| ૧૦. | વ્યાખ્યાન | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | (પૂરું ૧ કલાક સાંભળ્યું હોય તો જ) | ૫૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૫૦ | |
| ૧૧. | સામાયિક (સંખ્યા લખો) | ૫૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૫૦ | |
| ૧૨. | પ્રતિક્રમણ (સંખ્યા લખો) | ૧૦૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦૦ | |
| ૧૩. | પાઠશાળામાં હાજરી | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | (પૂરી ૧ કલાક આપી હોય તો જ) | ૫૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૫૦ | |
| ૧૪. | નવી ગાથા (સંખ્યા લખો) | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | (સૂત્રોની જ) | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૧૫. | માતા-પિતાને પ્રણામ | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૧૬. | નવકારશી | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૧૭. | રાત્રિભોજન ત્યાગ | ૨૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૨૦ | |
| ૧૮. | ઉકાળેલું પાણી | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | (એકપણ વાર કાચું પાણી ન પીધું હોય તો જ) | ૫૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૫૦ | |
| ૧૯. | કંદમૂળ ત્યાગ | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૨૦. | ફ્રીઝ-બરફ-આઇસ્ક્રીમ કોલ્ડ્રીંક ત્યાગ | ૨૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૨૦ | |
| ૨૧. | બ્રેડ-બિસ્કીટ-ચોકલેટ-કેડબરી વિ.ત્યાગ | ૨૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૨૦ | |
| ૨૨. | હોટલ-બહારની મીઠાઇ-ફરસાણ ત્યાગ | ૨૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૨૦ | |
| ૨૩. | ૧ લુખી રોટલી ખાધી | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| ૨૪. | થાળી ધોઇને પીવી-લૂછવી | ૫૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૫૦ | |
| ૨૫. | પાણી પીને દરેક વખતે ગ્લાસ લૂછવો | ૫૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૫૦ | |
| ૨૬. | ટીવી-વિડીયો-ઇન્ટરનેટ ત્યાગ | ૧૦૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦૦ | |
| ૨૭. | ૧૪ નિયમ ધારવા | ૧૦૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦૦ | |
| ૨૮. | મુઠસી પચ્ચક્ખાણ (કલાકની સંખ્યા) | ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | ૧૦ | |
| | વાલીની સહી | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | કુલ | |

વિશિષ્ટ આરાધના : પૌષધ - (૫૦૦)______ ઉપવાસ (૨૫૦)______ આયંબિલ (૨૦૦)______ એકાસણા (૧૦૦)______ બિયાસણાં (૫૦)______

# શિક્ષકને પત્ર

**ધર્મબિંદુમાં હરિભદ્રસૂરિ મ. સા. અને ઉપમિતિ ભવ પ્રપંચા કથામાં સિદ્ધર્ષિ ગણિજી મ. સા.** ફરમાવે છે કે,

**જ્ઞાનદાન જેવો જગતમાં બીજો કોઈ ઉપકાર નથી...**

ખાવાનું આપનાર એક દિવસનું દુઃખ ટાળે છે.. અનાજ/કપડાં આપનાર એકાદ-બે મહિના /વર્ષનું દુઃખ ટાળે છે.. નોકરી આપનાર/જીવન બચાવનાર એક ભવનું દુઃખ ટાળે છે. જ્યારે સમ્યગ્જ્ઞાન આપનાર, ભવોભવના દુઃખ ટાળે છે. !!

એટલે જ્ઞાનદાન, અભયદાન કરતાં પણ શ્રેષ્ઠ છે, એ નિઃશંક છે.

ઉપદેશમાળામાં ધર્મદાસગણિજી કહે છે,

**એક જીવને સમ્યગ્દર્શન પમાડવું, એ ૧૪ રાજલોકના સર્વ જીવોને અભયદાન આપવા તુલ્ય છે...**

તમે, નિઃસ્વાર્થપણે જ્ઞાનદાનના આવા શ્રેષ્ઠ સુકૃતમાં પ્રવૃત્ત થયેલા છો. તે અત્યંત અનુમોદનીય છે.

આ જ્ઞાનદાનના પ્રભાવે, ભવાંતરમાં તમને પણ જિનવચન મળશે જ, એવી શ્રદ્ધા છે. અને જિનવચન મળવા, એ જ સાચી સદ્‌ગતિ છે, પુણ્યનો ઉદય છે. કારણ કે જિનવચન વિનાની બધી સંપત્તિ નરક-તિર્યંચના દરવાજા સમાન છે.

આશા રાખીએ કે ઉલ્લાસપૂર્વક આ સુકૃતમાં તમે જોડાયેલા જ રહો, અને આ સુકૃતના ફળરૂપે ભવાંતરમાં જિનશાસન મળે એવી એકમાત્ર ભાવના કરતાં રહો... પરમાત્માની કૃપાથી તમને સંયોગો સાનુકૂળ રહે, અને શક્તિ ખીલતી જ રહે, એ જ શુભેચ્છા...

જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વર્ષ હજારજી,
સ્વર્ગના સુખ અનંતા વિલસે, પામે ભવજલ પારજી.

- લક્ષ્મીસૂરિજી કૃત વીશ સ્થાનક પૂજા (શ્રુતપદ)

◆ ◆ ◆

नोपकारो जगत्यस्मिन्, तादृशो विद्यते क्वचित् ।
यादृशी दुःखविच्छेदाद्, देहिनां धर्मदेशना ।।

- ધર્મબિંદુ

જીવોના દુઃખોનો સર્વથા નાશ કરનાર ધર્મદેશના આપવા જેવો જગતમાં બીજો કોઈ ઉપકાર નથી.

◆ ◆ ◆

गयरागदोसमोहो, सव्वन्नू होइ नाणदाणेणं ।
मणुयासुरसुरमहिओ, कमेण सिद्धिं च पावेइ ।।

- સમરાઇચ્ચ કહા

જ્ઞાનના દાનથી સર્વજ્ઞ-વીતરાગ થાય, સુર-અસુર-માનવોથી પૂજાય અને સિદ્ધિગતિ પામે.

◆ ◆ ◆

तिरियाण मणुयाण व, असुरसुराणं च होइ जं सुक्खं ।
तं सव्वपयत्तेणं, पावइ नाणप्पदाणेणं ।।

- સમરાઇચ્ચ કહા

દેવ-મનુષ્ય-તિર્યંચના જે સુખો છે, તે બધા જ જ્ઞાનદાન કરવાથી મળે છે.

◆ ◆ ◆

Manav Graphics
9892 11 55 12